॥श्री श्री श्रीगोकुलेशो जयति ॥

श्रीवल्लभ रसालय रसग्रंथ



॥શ્રી શ્રી શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીવલ્લભ રસાલય રસગ્રંથ

(નાનો માહા ઓચ્છવ)

શ્રી માહા મહોત્સવનો પ્રસંગ પરમ ભક્તરાજ
શ્રી ભાગ્યરાસભાઈ, શ્રી મોહનભાઈના કનિષ્ક
ભાઈ શ્રી વલ્લભદાસભાઈએ પ્રગટ કર્યો છે.
સ્વકીયના ભાગ્ય વિસ્તારવા માંગલ્ય છવ્વીસ,
તથા કલી પચાસના બંધે જ લખાયો છે.

–: સંકલન કર્તા / પ્રકાશક :–

પ્રવીણચંદ્ર સાકરલાલ પરીખ,

૨૦૦૨, રામ કૃપા,૨૫,પારેખ સ્ટ્રીટ,

પ્રાર્થના સમાજ,મુંબઈ:૪૦૦ ૦૦૪.

ટેલીફોન.નં. ૨૩૮૭૨૬૭૧

પૂર્વ પીઠીકા.		૫.
૧. જય જય જય શ્રી વલ્લભજી રે.		૧૦.
૨. માહા શ્રીવલ્લભવરનું પ્રાગટ્ય.		૧૫.
૩. માહા શ્રીઉત્સવ અભિનવો.		૨૪.
૪. માહા શ્રીઓચ્છવ આનંદ પરમ.		૩૪.
૫. માહા શ્રી ઉત્સવ સુખ બહુ.		૩૯.
૬. માંગલ્ય પરમ શ્રીવલ્લભવર.		૪૪.
૭. માંગલ્ય આજ મહા શ્રીઉત્સવ.		૪૯.
૮. જય જય જય શ્રીઉત્સવ આવ્યો.	(ઉલટ મન અતિ ઘણો)	૫૮.
૯.જીરે પરમ રસ શ્રીવલ્લભવર	(રસિકવર રસે ભર્યા.)	૬૮.
૧૦.રંગ રંગ શ્રી ઉત્સવ	(સુંદર વર સોહીયે એ)	૭૭.
૧૧.જીરે રંગ રંગ શ્રીઉત્સવ એહ	(છઠનું કેસર સ્નાનનું માંગલ્ય)	૮૭.
૧૨.જીરે રસિક સુંદર વરમાંગલ્ય	(સ્વરૂપ મહા રસમયી.)	૯૬.
૧૩.માંગલ્ય માંગલ્ય આજ.	(પરમ આનંદમઈ આનંદ અપાર.)	૧૦૬.
૧૪.શ્રી ગોકુલેશ આનંદ મઈ	(મંગલ ધોળ—૧.)	૧૧૧.
૧૫.શ્રી ઓચ્છવ આનંદમઈ		૧૨૦.
૧૬.જય જય જય જય શ્રીમહા ઉત્સવ.		૧૩૦.
૧૭. ધન્ય ધન્ય શ્રી ઉત્સવ દિન એ.		૧૩૯.
૧૮.ઉત્સવ એ મહા રસ રૂપ જે.		૧૪૯.
૧૯.જીરે શ્રીજીનો મહા ઉત્સવ આજ.		૧૫૮.
૨૦. પરમ મહા શ્રી ઉત્સવ.		૧૬૮.
૨૧જીરે મહા શ્રી ઉત્સવ શોભીએ.		૧૭૭.
૨૨.જીરે માહા પ્રભુનો એ પરમ રસ.	(શ્રીઅંગ મહા રસ ભર્યા.)	૧૮૭.
૨૩.શ્રી ઓચ્છવ સર્વોપર મલ્યો એ.		૧૯૬.
૨૪.માહા શ્રીઉત્સવ શુભ દિન એ.	(બહુ રંગનું મંગલ)	૨૦૦.
૨૫.રસિક માંગલ્ય માહા પરમ(બિહાગરો)		૨૧૦.
૨૬.માહા શ્રીઉત્સવ પૂરણ કીધોજી (પ્રભાતી)		૨૧૯.

॥ શ્રી શ્રી શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથ

(નાનો માહા ઓચ્છવ)

શ્રી માહા મહોત્સવનો પ્રસંગ પરમ ભકતરાજ શ્રી ભાગ્યરાસભાઈ, શ્રી મોહનભાઈના કનિષ્ક ભાઈ શ્રી વલ્લભદાસભાઈએ પ્રગટ કર્યો છે. સ્વકીયના ભાગ્ય વિસ્તારવા માંગલ્ય છવ્વીસ, તથા કલી પચાસના બંધે જ લખાયો છે.

પૂર્વ પીઠીકા "॥દુહા ૨૦ ॥"

માહા માંગલ્ય રૂપ પુષ્ટ પુષ્ટ પ્રાગટ્ય સંવત સોલસેં આઠ.
માહા સર્વોપર વરસ. માંગલ્ય રૂપ માગસીર માસ.
શુકલ પક્ષ મધ્યે સોહાસણી સાતમ સ્વરૂપ સમાન
વાર શુક્ર દિવસ ઉત્તમ રાત્ર ઘડી એક ને છપ્પન પલે
પરમ પરમ પ્રાગટ્ય હવું કેવલ રસ સમાજને અર્થે,
માહા દાન દેવા પ્રગટ હવા. તે અલૌકિક રસમઈ
પુરણ પુરુષોત્તમ શ્રીગોકુલેશવર નામ નિધિ એહ્વે સ્વરૂપે
સદા સર્વદા શ્રીગોકુલમાંહાં રસભકત સહિત બિરાજે છે.
તથા શ્રીગોકુલનાથ કૃષ્ણદાસીએ નામ ધર્યું.
ચૌદલોક માંહાં વિખ્યાત.સર્વ જીવ માત્ર કૃતારથ કરતાં
અનેક પ્રકારે જગ વિસ્તારણ. સુભટ સુર ધીર ધર્મ રક્ષક,
સ્વકીયના પોષક એ નામે અલંકૃત સોહે છે.
રસિક શ્રીવલ્લભ નામ શ્રીગુસાંઈજી એ ધર્યું તે ઘણું પ્રિય
રસ ભકતના એ પતિસોહાગ તિલક સ્નેહનો પુંજ
રંગ રસે ભર્યો વાચ્છલ્ય સહિત રસિકજનને રસે સીંચી
મનોરથાંત દાન આપે છે.
શ્રી રુક્મણીલાલ રસિક શિરોમણિ રસદાન દાતા
સુંદર વર મોહક મનોરથ સિદ્ધકરણ મોહનવર વરેસ
અનેક રસે સંવલિત ભકતનું જીવન સંપન્નશ્રી ગોકુલપતિ
શ્રીવલ્લભવર ભગવદી સમાજ વેષ્ટિતવ્રજમંડલમાંહાં ગાજે છે.
આનંદમઈ સ્વરૂપ પરમ મંગલ કર્તા મંગલ મંગલ છેય

શ્રીવલ્લભના રસિક મહારાજાધિરાજા,ભકતને અતિ વલ્લભ,
એહ્વા જે પરમ ઉદારવર રાય શ્રીગોકુલેશજી આપણું સર્વસ
ધન સદા શ્રી સ્વરૂપે અહર્નિસ લીલા કરે છે વરસો વરસ
બારે માસ લગી. તે કાંઈ એક દિવસનું સ્વરૂપ વર્ણન
નિત્ય ચરિત્ર લખ્યું છે,વૃજની ભાષાએ વેલા વેલાના રાગ
સહિત પદ સુર તાલ સહિત લખ્યા છે.તથા શ્રીમાહા ઓચ્છવ
માહા ભાગ્યરાસને ભાગ્યે પ્રગટ થયો તથા શ્રીવલ્લભવેલ
તથા છોટા મોટા પદ કરી રાગ સહિત લખ્યા છે.તથા
કાંઈ એક વસંતના ખેલનો તથા વિવાહ ઉત્સવનો તથા
પવિત્રા ઉત્સવનો તથા બીજા સમે સમેના પ્રસ્નગ વૃજની
ભાષાએ કરી લખ્યા છે.એ અનુભવ સૂચનિકા
માત્ર એણે પ્રકારે લખ્યો છે.
એ ગાતાં અનુભવીને અનુભવ હોંશે. હૃદયારૂઢ થાશે.અને
જેહને અનુભવ નથી તેહને પણ ભાવ સહિત રૂચી કરી ગાતા
સાંભળતાં અનુભવ થાશે.તેણે કરી એ સ્વરૂપપ્રાપ્ત થાએજ
થાએ.એ સ્વરૂપ રસ સ્વત:થી આપેએ નિ:સંદેહ.એ શ્રીમુખે
કરી વચન પ્રમાણ સહિત પ્રગટ કર્યા છે.માટે એ જશમાંહાં
મગ્ન રહેવું. સાંભળવું ગાવું જેણે કરી વસ્તુનો અનુભવ થાએ.
એ વસ્તુ કણિકા માત્ર લખાઈ છે.એમાં કાંઈ કવિ ચાતુરી નથી.
નિપટ સુધા સુગમ સહુને વલ્લભ છે.એ જશ કહેવાને મનોરથ
ઉપજ્યો તે શ્રી માહા પ્રભુજી એ વડાઓની કાણે દાન કર્યું છે.
તે વડાઓના નામ ઉત્સાહ સહિત સુચન કરૂં છું.

જે શ્રીમાહપ્રભુજીની અંગવદ સૃષ્ટિસમાજમાંહાં પરમ ભગવદી સર્વોપર દાદા નારાયણજી ને માહા દાન હવા.
એહોના પુત્ર માહા સૌભાગ્યભાઈશ્રી ત્રીકમભાઈને વિષે પણ માહા દાન હવા.તે દાન હવાનું શ્રીમુખે એક સમે વચન પ્રગટ કર્યું જે.બડો ઉદાર. એણે વચને કરી સર્વ દાન સંબંધી શ્રી પ્રભુ ચરણે સંપન્ન કીધાં.તે ઉત્તરોત્તર દીઠાં તથાપરમ ભકતરાજભાઈ શ્રી કેશવભાઈ તથા પરમ સ્નેહે ભર્યા શ્રીવેણીભાઈ તથા પરમ ભકતભાઈશ્રીસુંદરભાઈ એ સર્વ આદેને માહા દાન હવા.
તથા પરમ રસભકત રસ જોગ્ય પરમસ્વરૂપજ્ઞ પરમ સ્વરૂપ નૈષ્ટિક સોહાગી અનુરાગી માહા ભાગ્યરાસશ્રીમોહનભાઈજી, શ્રીગોકુલભાઈ વિષે પરમ દાનનીવૃષ્ટિ થઈ, તથા પરમ સુશીલ સ્નેહભર્યા ભાઈશ્રી ગિરિધરભાઈનેમહાદાન આપ્યું.તે એક સમે માંગ્યું જે.રાજના ચરણાર્વિંદથીવેગલો ન રહું.ત્યારે મહાપ્રભુજી-- એ પ્રસન્ન થઈ ને કહ્યું જે,ઓહી હોયગોં.એ સત્ય દીઠું.એહો ઉપર શ્રી પ્રભુજી ઘણું પ્રસન્ન સદા લગી.જે જે મનોરથની વિનતી કરી તે તે સર્વ પૂરણ કીધાં.એહ્વા જે ગિરિધરભાઈ તેહોને મહા દાન હવા.તથા પરિવાર સર્વેને વિષેવરણને અનુસાર માહાદાનઆપ્યાં.
તેણે સામર્થે કરી તથા જે જે વડાઓના નામ ઉપર લખી આવ્યા તેહોની દયાએ કરી,તથા મહેદ ભકત સમાજ સૃષ્ટિ સર્વેની ચરણરેણુંને પ્રતાપે કરી એ ગ્રંથ લખવાનો મનોરથ ઉપજ્યો.
તે એહોના સામર્થે કરી સિદ્ધ થશે.એ ગ્રંથનું નામ

શ્રી વલ્લભ રસાલે રસ ગ્રંથ

ચોખરાઃ–

શ્રીગોકુલેશ પ્રભુ પ્રગટ હો કરી કૃપા રસ વૃષ્ટ
માહા રસ ઉમડયો દાન દે પોષી નિજજન સૃષ્ટ...૧.
દાદા નારાયણજી કું દીયો માહા રસ દાન
પૂત્ર પૌત્ર ઐસે કીયે જો અપને સંગ સમાન ...૨.
મોહન ગોકુલભાઈ સર્વોપર જો ધર્મ
રાખ્યો હે નિજ દેહ કરી ન જાણ્યો કાહુ મર્મ...૩.
પરમ સોહાગી અતિ અનુરાગી ત્રીકમભાઈ મનરંગ
મોહનભાઈ સબ સિદ્ધ કીયો શ્રીગોકુલેશકે સંગ...૪.
સંગ રાખે મોહનભાઈકું શ્રીગોકુલમેં લાયે
સેવા દીની આપની, માહા પ્રભુ અપને ભાયે...૫.
તનુજા વિત્તજા દોઉ કરી, પ્રભુ ચિત્ત લગાએ
સર્વોપર માહા કૃત ભઈ વલ્લભ મન અતિ ભાખે ...૬.
ઈનકી કૃપા જીન પર ભઈ જાણ્યો વલ્લભ સાર
શ્રીગોકુલેશકે ચરણસું સંબંધ ભયો તિહિ વાર...૭.
જાણ્યો સંબંધ વલ્લભચરણ પાયો માહ । સુખસાર
શ્રીવલ્લભ જીવન પ્રાણ હૈ આનંદમાં આનંદ...૮.
મહેદ કૃપાસે સબ જાણ્યો કૃપાને શ્રીગોકુલનાથ
શ્રી હસ્ત કરી બીરા દીયો વલ્લભદાસકે હાથ.. .૯.
તાકો યહ અનુભાવજાું જશ વર્ણન કરૂં
રાખી ચરણ રસિકકું પ્રભુ ઈચ્છા બલ ચિત્ત ધરૂં..૧૦.
પરમ કૃપા જબ યેં ભઈ આસન ત્રાસન એહ

શ્રીગોકુલેશ ગુણ ગાન કરી ચિત્ત રહે ઈહિ ઠોર ..૧૧.
આશા રાખું ચરણનકી માહા પ્રભુસું અનુરકત
કે રાખું મહેદ ભકતનકી ગોકુલેશસું મત્ય..૧૨.
ગોકુલેશ વરદાનકો તાકો યહ અનુભાયે
સદા સર્વદા હું માહા પ્રભુકું ઉર લાયે..૧૩.
શ્રીવલ્લભ પ્રાગટ્ય કહ્યો કરી વલ્લભ રસ વેલ
ધોલ સબે અનુભવ લહું વલ્લભલાલ રંગ રેલ..૧૪.
છોટે મોટે પદ કીએ મિલી, સબે સમેકે રંગ
અનુભવ અપનો યહ કહ્યો મહેદ કૃપાકે સંગ..૧૫.
નિત્ય ચરિત્ર માહા પ્રભુકે કીને પદ સુર તાર
ગાવત અનુભવ હોયગો વલ્લભ સુખ અતિ સાર..૧૬.
ઋતુ વસંત અરુ ફાગણ મઈ માહા રસ રેલ
શ્રી વલ્લભવર ખેલહી લહીજુ સુખકી વેલ..૧૭.
પવિત્રા ઉત્સવ બ્યાહકો અનુભવ અપનો ગાયે
નાહત દિવાલીકે દિના માહા પ્રભુ કેસર ન્હાયે..૧૮.
એહી ભાંતિ અનુભવ કહ્યો શ્રીચરણન ચિત્ત લાયે
અતિ અગાધિ લીલાઅપરમીત,કોકરી રસના ગાએ ૧૯.
શ્રીવલ્લભ ચરણ પ્રતાપકી રાખું નિશ દિન આશ
વલ્લવદાસ વિનતી કરે દેહો ચરણ તલ વાસ..૨૦.

॥ ઈતિ પૂર્વ પીઠીકા સમાપ્ત ॥

<u>હવે પ્રથમ માંગલ્ય પ્રગટ સમેનું લખીએ છીએ.</u>

।। શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ।।

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૧.

રાગઃ—ભલે જન્મ્યા શ્રીગોકુલનાથ જીરે.

જય જય જય જય શ્રીવલ્લભલાલ જીરે,
પ્રગટ્યા પુરૂષોત્તમ પરમ દયાલ જીરે ૧.
શ્રીગોકુલેશ નામ એ નિત્ય જીરે,
પ્રગટ્યું શ્રીઅંગ સંગ મલી સત્ય જીરે ૨.
હવું પ્રાગટ્ય નગર શ્રી પ્રાગ જીરે,
એહ સ્થલે વાધ્યો ભકત અનુરાગ જીરે ૩.
દાસી દામોદર કૃષ્ણદાસી સાર જીરે,
થયું દર્શન પ્રગટ્ય આધાર જીરે ૪.
કહ્યું હમારો શ્રીગોકુલનાથ આયો જીરે,
ધણી પૂરણ બ્રહ્મ હમ પાયો જીરે ૫.
સંવત સોલસે આઠ શુભ વરષ જીરે,
માહા માંગલ્ય એહ સમય હરખ જીરે ૬.
ધન્ય ધન્ય એ માગસીર માસ જીરે,
સુદી સાતમ દિન પોંહોંચી છે આસ જીરે ૭.
શુક્રવાર ભલો પરમ સોહાગી જીરે,
લગ્ન મિથુનમાંહાં પ્રગટ્યા બડભાગી જીરે ૮.
રાત્ર ઘડી એક પેહેલી છપ્પન પલે જીરે,
થયો જન્મ મહાપ્રભુજી નો એહ સ્થલ જીરે ૯.

ભાગ્યે પુરાં શ્રીરુક્મણિજી માત જીરે,
આનંદે કરી ફૂલ્યા સહુ જ્ઞાત જીરે ૧૦.
પુત્ર જાયો શ્રીવલ્લભ રસાલ જીરે
પ્રગટ્યા નામ સહિત આવી લાલ જીરે ૧૧.
નામ સર્વોપર સ્વરૂપ સંગ રાજે જીરે
જ્યાંહાં પ્રભુ ત્યાંહાં સૃષ્ટિ ગાજે જીરે ૧૨.
સ્વતઃ પોધાર્યા પોતે દયા આણી જીરે,
પ્રાગટ્ય કર્યું પોતે રસ ભોગ જાણી જીરે ૧૩.
થયો જય જયકાર સઘલે વિશાલ જીરે,
એહ વધાઈ સુણી આવે રસબાલ જીરે ૧૪.
ધોલ ગાતા સુંદરી સકુમારી જીરે,
જુએ લાલને જાએ વારી વારી જીરે ૧૫.
ઘણા દિવસનાં ટાલ્યા પરીતાપ જીરે,
પૂર્યા મનોરથ મન ઈચ્છિત આપ જીરે ૧૬.
સ્નેહ વાછલ્યે ઊભા પ્રિય પાસ જીરે,
અંગ અંગ બાઢ્યો હુલ્લાસ જીરે ૧૭.
તેલાભ્યંગ કરી ન્હવરાવ્યા લાલ અંગ જીરે,
ભક્ત મલી મલી કેસર રંગે જીરે ૧૮.
નાહ્યા ઉચ્છાહ ભર્યા રુક્મણિલાલ જીરે,
વસ્ત્ર ભૂષણ અંગે ધરી તિલક ભાલ જીરે ૧૯.
રંગ રંગ સર્વાંગે રંગ સોહે જીરે,
લાલ રુક્મણિ જોઈ સહુ મોહે જીરે ૨૦.

એહ સમય તે એહ સમતોલ જીરે,
નિરખે પ્રાગટ્ય સમય રંગનાં રોલ જીરે ૨૧.
ધન્ય ધન્ય કહે રસિક ભકત ભાવે જીરે,
ઉરમાંહાં સાત્વિક રસ ઉઝલી આવેજીરે ૨૨.
આશિષ દેઈ દેઈ માગે એ નિત્ય જીરે,
ચિરંજીવો   શ્રીવલ્લભવર પતિ જીરે ૨૩.
નિર્ઘોષસું   વાજીંત્ર   વાજે   જીરે,
ધોંસા ગડગડે ચૌદ લોક ગાજે જીરે ૨૪.
ઠામ ઠામ મલી મંગલ ગાયે જીરે,
આપણ પામ્યા રસિકવર રાય જીરે ૨૫.
ચોક પૂર્યા કદલી તોરણ દ્વાર જીરે,
મંગલ કલશ હાથા દીધા સાર જીરે ૨૬.
પાટ બેસાડ્યા શ્રીરુક્મણિલાલ જીરે,
તિલક કરે સોહામણી બાલ જીરે ૨૭.
માંગલ્ય માર્કંડે આદિ સર્વ કીધા જીરે,
આરતી વારતાં બહુ દાન દીધાં જીરે ૨૮.
સખી જોને તું શોભા આજ જેહ જીરે,
સ્વાર્થી સૃષ્ટિ અર્થે પ્રગટ્યા ઉર નેહ જીરે ૨૯.
માહા ઉચછવ કરે મંગલ સહું જીરે,
માતા રુક્મણિજી દાન આપે બહુંઅ જીરે ૩૦.
ઠાકોર દ્વાર   શ્રીવિઠ્ઠલ   તાત જીરે,
ગયો વધાઈયો ત્યાંહાં ઉચ્છાહ ન માત જીરે ૩૧.

સુણતાં બાઢ્યો શ્રીગુસાંઈજીને મોદ અંગ જીરે,
ફૂલ્યા અગણિત આનંદે મહારંગ જીરે ૩૨.
રત્ન પ્રગટ્યું એ અદભુત સરવોપર જીરે,
દાન આપે છે ઉલટ ભર જીરે ૩૩.
એહ વધાઈ સુણી ફૂલ્યા શ્રીનાથજી જીરે,
ગોવરધન સ્થલ તે વૃંદાવન સાથ જીરે ૩૪.
એહોનો મોદ અતિ સુણતાં એહ વાત જીરે,
કરે ઉચ્છવ તે શ્રી વિઠ્ઠલજી તાત જીરે ૩૫.
વેગા વેગા પોધારે શ્રીપ્રાગ જીરે,
આનંદ મોદ તે ચિત્ત અનુરાગ જીરે ૩૬.
આવી જોયા એ રસભર્યા લાલ જીરે,
નામ ધર્યું શ્રીવલ્લભ રસાલ જીરે ૩૭.
એહ સમય તે મંગલ બહુ કર્યા જીરે,
વસ્ત્ર ભૂષણ સુંદર અંગે ધરીયાં જીરે ૩૮.
સોહાસણી સહુ મલીમલી આવી જીરે,
ભરી માંગલ્ય દ્રવ્ય થાલોમાંહાં લાવી જીરે ૩૯.
કરી આરતી વધાવ્યા વ્હાલો નેહ જીરે
એ સુખ જુએ છે ફરી ફરી તેહ જીરે ૪૦.
ગાયે સહુ મલી માંગલ્ય ગીત જીરે,
વ્રજસુંદરી ફૂલ્યાં રસ રીત જીરે ૪૧.
થયાં મનોરથ અમારા સંપન્ન જીરે,
એહું જોઈ જોઈ કહે અમો ધન્ય જીરે ૪૨.

ફૂલ્યા માત ને તાત એ પ્રીતે જીરે,
નામકરણ કર્યું મારગ રીતે જીરે ૪૩.
આપી વધાઈ તે અનેક એ સમય જીરે,
વસ્ત્ર પહેરાવ્યા ભકતને જે ગમે જીરે ૪૪.
કરી તિલક સોહાગનાં ભાલ જીરે,
ભૂષણ બહુ સંગ મુકતાની માલ જીરે ૪૫.
દહાડો આવ્યો એ ભાગ્ય તમારે જીરે,
ભલે આવ્યા છો આજ હમારે જીરે ૪૬.
શ્રી ઉચ્છવ થાએ સદા એણી પેર જીરે,
ભકત કરે સહુ મલી નિજ ઘેર જીરે ૪૭.
માહા ઉત્સવ કર્યો પ્રાગટ્ય સમય પ્રથમ જીરે,
સદા સર્વદા આનંદ પરમ જીરે ૪૮.
ઉત્સવ અલૌકિકનું સ્વરૂપ જાણયું જીરે,
મહાપ્રભુએ સહુને ચિત્ત આણ્યું જીરે ૪૯.
માહાશ્રી ઉચ્છવ એહ પ્રાગટ્ય સમયસાર જીરે
વલ્લભદાસને એહ આધાર જીરે ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું પ્રથમ માંગલ્ય સમાપ્ત.

================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૨.

(બીજા માંગલ્યથી મહાશ્રી ઉત્સવ આરંભ લખ્યા છે.)
શ્રી માહાપ્રભુ ગોકુલમાં બિરાજે છે.તથા ઠાકોરદ્વાર જઈ રસ કેલી કરે છે.તેહની સુચનીકા એ માંગલ્યમાં આવશે.

રાગ: આજ ધન્ય ધન્ય દિન સૌભાગ્યનો

માહા શ્રીવલ્લભવરનું પ્રાગટ્ય,
માંગલ્ય એકે કહ્યું મન રલીજી;
હવે કહીએ બીજે માંગલ્યે કરી,
માહાશ્રી ઉચ્છવ રસમાંહાં ભલીજી ૧.
માતા શ્રી રુક્‍મણિજીએ જે કર્યા,
પ્ર.પ. તેહ વરસો વરસે થાયેજી;
માહા ઉચ્છવ અલૌકિક અભિનવો,
શ્રીગોકુલ નિત્ય સોહાયેજી ૨.
સદા સર્વદા એહ સ્થલે પ્રભુ,
કરે લીલા બહુ તે સારજી;
નિત્ય નવા એ અનુભવ કરે,
રસ ભકત સંગે આધારજી ૩.
જમુનાજીનું તીર સોહામણું,
વહાલાને સુખદ એ ધામજી;
રસ રમણ ઈચ્છાએ માહાપ્રભુ,

રાજે શ્રીગોકુલ ગામજી ૪.
પ્રગટ્યા સ્વતઃ કરૂણા કરી,
સંગ ભક્ત મલી મહારાજજી;
ન ભુતો ન ભાવી છે,
ન કોએ વર્તમાન આજજી ૫.
એ સરખો તે એહ જ છે
એહના ગુણ સમાન નવ કોઈજી;
એ પ્રાગટ્ય થયું અતિ અભિનવું,
જાણે અનુભવી જે સોઈજી ૬.
આપણું જીવન ધન એહ છે,
શ્રીવલ્લભ રસિક સ્વરૂપજી;
પ્રગટાવી સ્વાર્થી સૃષ્ટિ તે,
આપ ભોક્તા શ્રીગોકુલ ભૂપજી ૭.
વહાલો મારો એ આનંદ મઈ,
આનંદે ભલા ગાજેજી;
મહા ઉદાર ચરિત્રવાન,
એણી પેરે વ્રજમાંહાં રાજેજી ૮.
શ્રીગોવર્ધન કહિએ ઠાકોરદ્વાર,
તેહ સ્થલ માહારસ વરસેજી;
એહ તણું નામ વૃંદાવન,
વહાલો કેલી કરે મન હરખેજી ૯.
એણી પેરે બિરાજે જીવનજી,

લીલા સહિત એ ભકત સમાજજી;
શ્રીગોકુલકે જનજીવન પ્રભુ,
બારે માસ લગી પૂરે કાજજી ૧૦.
શ્રીગોકુલને ઠાકોર દ્વાર,
સુખ આપે મહા પ્રભુ ઘણુંજી;
એમ કરતાં માહાશ્રીઉચ્છવ આવ્યો,
કહેશું હવે રસ સુખ તણુંજી. ૧૧.
શ્રી ઉચ્છવ વરસો વરસ થાએ,
કરે ઉલટ ભર્યાં સહુ ભકતજી;
જેહ્વો ભાવ ઉપજે તેહ્વો,
ઉત્સવ માહા અનુરકતજી ૧૨.
પુરાતન ભગવદી એહ સમય,
મહેરા પુરૂષોત્તમદાસજી;
ઉચ્છાહ સહિત કરે ઉચ્છવ,
સદા નેગ સહિત હુલ્લાસજી ૧૩.
બીજા ભકત કરે સહુ મલી મલી,
ભાવ અધિક અધિક વિસ્તારજી;
બિહારીદાસ મહેરા પછે,
શ્રી ઉચ્છવ કરે અતિ સારજી ૧૪.
કેસર લાવે રસ કરીઅને,
ન્હવરાવવા શ્રી પ્રભુને વેગજી;
ધોતી ઉપરેણો કેસરી કરી,

પહેરાવે એહોનો નેગજી ૧૫.
સદા સર્વદા એ એણી ભાંતસું,
ભગવદી પુરાતન કરેજી;
ભૂષણ સંગ વસ્ત્ર બહુ લાવે,
વહાલો શ્રીઅંગે ધરેજી ૧૬.
આરતી કરે ઉચ્છાહ ભર્યા,
મારકંડે સમે ભલી ભાંતીજી;
મહાપ્રભુના એ ઘર થકી,
બેટી વહુ કરે કરી ખાંતજી ૧૭.
વહાલોજી તેડે સહું ભકતને,
લેવા પ્રસાદ નીજ ઘેરજી;
માહાશ્રી ઉચ્છવ તણો એ નેગ છે,
શ્રીગુસાંઈજીએ કીધો એ પેરજી ૧૮.
હવે નિત્ય નિત્ય અધિક અધિક હોયે,
કરે મહાપ્રભુ ભકતને દાનજી;
તે કહીએ છીએ અનુભવ રસ,
એ સુણી કરજો સહું પાનજી ૧૯.
ભાગ્યરાસનો અનુભવ એહ છે,
ફૂલ્યાં પરસ્પર સહું સાથજી;
ભગવદી ફૂલ્યાં અતિ ઘણું,
રસભકત સંગે ફૂલ્યાં નાથજી ૨૦.
કરે મનોરથ ઉચ્છાહે સહુ,

માસ એક આગમ એહજી;
ધોતી ઉપરેણા નૌતન કરી,
ધરાવે વહાલાજીને તેહજી ૨૧.
કારતિક સુદી સાતમ થકી,
એ કરે ઉચ્છવ તે ઘેરજી;
ગાએ મંગલ મલી ઠામ ઠામ,
બહુ હરખતા અતિ મોદ ભરીજી ૨૨.
લેવા તેડે માહાપ્રસાદને,
ઓસરા ઓસરે માહા ભકતજી;
કરે પહેરામણી રૂચી કરી,
માહા ઉચ્વવ અતિ અનુરકતજી ૨૩.
આગમ ઉત્સવનો અતિ ઘણો,
મંડપ છાહ્યા ભલી ભાંતજી;
માંગલ્ય બહુ સાથીઆ તોરણ,
ઠોર ઠોર કર્યા કરી ખાંતજી ૨૪.
વાજા વાજીંત્ર ધોંસા અને,
શરણાઈ સંગ અતિ સોહેજી;
ઊંચે સ્થલે બેસાડ્યા એહ તે,
સાંભળતાં મન મોહેજી ૨૫.
ત્યાંહાં ગાયે મંગલ સહુ મલી,
લડાવી રુક્મણિ લાલજી;
ઘેર ઘેર એ ઉત્સવ સહું કરે,

આપાપણે ભાવ રસાલજી ૨૬.
કરવા એ ભકત રસે ભર્યા,
પડવા થકી સખડી લેવાયજી;
પકવાન ખીર વ્યંજન બહું,
સામગ્રી જલેબી સોહાયજી ૨૭.
ત્યાંહાં ભકત સહુકોઈ મલીઆવે,
ઉચ્છવમાંહાં રસ ભર્યા પ્રીતેજી;
ધોતી ઉપરેણા તે નૌતન પહેરાવે,
સ્નેહ ભર્યા રીતેજી ૨૮.
તિલક કરે કુંકા રંગ,
અક્ષત મધ્ય સંગ સોહાગજી;
તુલસી માલા ભૂષણ બહું,
પેહેરાવે અતિ અનુરાગજી ૨૯.
લેઈ માહાપ્રસાદ સહુંકો ઉઠે,
બીડાં આપે તે હસી હાથજી;
એ દહાડો ભાગ્ય તમારે છે,
એમ કહી કહી નામે માથજી ૩૦.
આનંદ મય સૃષ્ટિ રસરૂપ,
શ્રીઉચ્છવ કેરાં રંગે રાતાજી;
માહાઉચ્છવને સ્વરૂપ રસે,
સહું આનંદ મદે માતાજી ૩૧.
ભકત એહ જ રીતે સહું કરે,

માગસીર સુદી પંચમી લગીજી;
માહાઉચ્છવ સુખદ સોહામણો,
કરે મનોરથ રસમાહાં પાગીજી ૩૨.
દિન આવ્યો છઠનો સૌભાગ્યો,
સુખ વાધ્યું કહું તે વિવેકજી;
ભાગ્યરાસને દાન જ એહું,
સ્વરૂપ મોહન રસ એકજી ૩૩.
કરે મનોરથ એ દિવસે બહુ,
કહું કાંઈ એક આનંદ એહજી;
એહ સમય ઉચ્છાહઅતિ ઘણો,
હોએ સ્વકીય સમાજને તેહજી ૩૪.
ભાગ્યરાસને ઘેર માંગલ્ય થાયે,
આનંદ મોદ અપારજી;
રસભકત સમાજ ત્યાંહાં આવીયા,
સુખ પામે તે નરનારજી ૩૫.
ધન્યધન્ય ભાગ્ય સખી આપણાં,
પામ્યા એ વર રસાલજી;
ઉચ્છાહ અતિ પ્રગટ્યો આજ એ,
આનંદયા રસિયા બાલજી ૩૬.
મંડપ સોહે છે અતિ ભલા,
ગલીયોમાંહાં પ્રગટ્યો રંગજી;
ચોક પૂર્યા છે મોતી તણાં,

તોરણ પલ્લવ રાજે સંગજી ૩૭.
દ્વારે કદલી સ્થંભ ઊભા કર્યા,
હાથ દીધાં તે સોહાયજી;
સુંદર મંદિર સોહામણાં,
ઝલહલ ઝલહલ તે થાયજી ૩૮.
ભકત સંગે મલી સ્વરૂપ રસ,
પાન કરે પરસ્પરે આમજી;
ભગવદી ત્યાંહાં સહુ મલી ગાએ,
પુરણ થયા સિદ્ધ કામજી ૩૯.
તાલ ઝાંઝ સુખદ મૃદંગ,
બાજે સંગ નગારાં સોહાયજી;
મહાશ્રી ઉચ્છવે આનંદ ઘણો,
પ્રાગટ્ય શ્રીવલ્લભરાયજી ૪૦.
વાજીંત્ર ધોંસા અતિ ગડગડે,
પ્ર.પ. બજાડે ગાએ તેણે છંદેજી;
સહેનાઈ બજાડે મધુરે સ્વરે,
દક્ષિણી વાજાં આનંદેજી ૪૧.
નાચે માંહો માંહે મલી મલી,
સહુ નમી નમી ચરણે શીષજી;
નાચે ઉચછાહે ભર્યા એકત્ર થઈ,
ભાવાત્મક પ્રાણાઆધારજી ૪૨.
ફુલેલ કેસરના પ્રવાહ વહે,

સર્વાંગે ભકત રસાલજી;
રંગ કુમકુમ તિલક સોહાગનાં,
તે કર્યા મસ્તકે શુભ ભાલજી ૪૩.
ભૂષણ ને વસ્ત્ર સુંદર અતિ,
પહેરાવે આવી આવી ત્યાંહાંજી;
મુખમાંહાં મેલે મીશ્રી ભરી,
બીડા આપે છે હસ્ત માંહાંજી ૪૪.
મંગલ મંગલ મહિલા ગાએ,
મલી મલી માહા સુખ સારજી;
સૃષ્ટિ આવી છે અલેખે તે,
કહેતા ન આવે પારજી ૪૫.
ન્યોછાવરી એ સમયે અતિઘણી,
વસ્ત્ર ભૂષણ અંગે અપાયજી;
એણી પેરે કીર્તનમાંહાં રંગ્યા,
તે શોભા કહીય ન જાયજી ૪૬.
એમ કરતાં શ્રી મંદિર આવ્યાં,
ભર્યા આનંદ રસ રેલજી;
ગાન કરે સહુ મોદ ભર્યા,
ઉપજી અંગે સુખ વેલજી ૪૭.
બેઠકે આવી શ્રીમુખ જુએ,
પાતલો શ્રીવલ્લભવરજી;
ઘણાં દિવસના અતિ લોચતા,

દિન આવ્યો એ સર્વોપરજી ૪૮.
મહાપ્રભુજી આપે સુખ ઘણા,
સહુ સાથ સંગ આજે બહુજી;
સુંદરી આવ્યા પાસે રસભર્યાં,
ધરે ભેટ મલી મલી સહુજી ૪૯.
ભક્ત શ્રીબેઠકે રસે ભર્યાં,
આનંદ અતિ સોહાતાજી;
નિરખે શ્રીમુખ માહારસે ભર્યાં,
વલ્લભદાસ પ્રભુ રંગ રાતાજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું બીજુ માંગલ્ય સમાપ્ત.

===================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૩.

રાગઃ— ગોકુલ ગામ અતિ શોભિતાં, શોભિતાં

માહા શ્રી ઉચ્છવ આજ અભિનવો,
હોએ છે વહાલાજીને ઘેરજી
ભાગ્યરાસ કેરો એ મનોરથ,
થાએ છે તે ઉલટ ભેરજી. ૧.
માંગલ્ય બે માંહે કરી કરી,
કહી આવ્યા પ્રાકટ્ય સારજી

શ્રીપ્રાગ મધ્યે પ્રાગટ્ય હવું,
શ્રીગોકુલ નિત્ય વિહારજી. ૨.
હવે કહીએ આ ત્રીજે માંગલ્યે,
ભાગ્યરાસનો મનોરથ જેહજી
છઠ આવી પરમ સોહાસણી,
સાતમ સમ ઉત્સવ એહજી. ૩.
એહોને તે ઉચ્છાહ અતિ ઘણો,
દિવસ એ છઠનો સોહાગીજી
સીધાં સામગ્રી બહુ અતિ ઘણી,
લાવે મનોરથે રસમાંહાં પાગીજી. ૪.
શ્રીજીને ઘેર તે એહો તણી,
રસોઈ થાએ સહુ આજજી;
ઠોર બેહુ સ્થલે પાક તે અદ્દભુત,
ભોજન કરે શ્રીમહારાજજી. ૫.
માની લે વહાલોજી મોદ શું,
ભોજન કરે પરમાનંદજી;
એ પ્રભુનો ને એ ભકતનો,
સંબંધ પૂરો અનવદ્યજી. ૬.
એમ પરસ્પરની ઐકયતા,
એમાંહાં કેહેનું નહીં જ્ઞાનજી;
ભોજન કરે માહા રસભોકતા,
રાખી એણીપેરે એહોના માનજી. ૭.

પછે નિજ સેવક તહાં સહુ મલી,
લે છે તે માહા પ્રસાદજી;
કરતા તે હાસ્ય વિનોદને,
વાધ્યો મન અતિ આહ્લાદજી ૮.
એ ઉત્સવ છઠ નો એણીપેરે,
માની મહાપ્રભુજી એ દીધા દાનજી;
પોધાર્યા શ્રી બેઠકે પ્રભુ,
ભકત નિરખી કરે રસ પાનજી ૯.
બેઠા ચોકીએ અંગ પ્રફુલ્લિત,
ધામ પ્રસંગે અતિ સોહેજી;
ધોતી ઉપરેણો કેસર છીંટ,
તે જોઈ જોઈ સહુ કોઈ મોહેજી ૧૦.
કેશ છુટા સચિકન સરલ તે,
પીઠ ઉપર ચહું દિશે ચલકેજી;
એ શોભા હું કેમ કરી કહી શકું,
છબી અદભુત સહિતસું લલકેજી ૧૧.
શ્રી હસ્ત ચલણ વલણે કરી,
સમારે છે નવલી ભાંત્યજી;
શ્રીમુખમાંહાં બીડી આરોગે,
તે નિરખી ઊભા ભકત પ્રાંત્યજી. ૧૨.
તિલક કેસરી રેખા બેહુ,
સોહે રેખા વચ્ચે વચ્ચે શ્યામજી;

તુલસી માલા ઉર પર લસે,
શૃંગાર સુખદ અભિરામજી. ૧૩.
નખશિખ લગી જીયવર રસેભર્યા,
એ સ્વરૂપ માહારસ ભોગીજી;
પોધારી સેજ્યાએ પોઢીઆ,
ભકત રસિયાં ભાવ સંજોગીજી. ૧૪.
કરે મનોરથ પૂરણ એહ સમે,
જે કો આવે ભાવ રસાલજી;
રસ કેલિ પ્રિય અદભુત હોએ,
ઝીલે રસમાંહાં રસિયા બાલજી. ૧૫.
સહુને ઉત્સાહ તે અતિ ઘણો,
ચાલ્યા હવેલીએ તે સોહાગીજી;
કરે ગાન સહુ મહિલા મળી,
એક એક માહા ભડભાગીજી. ૧૬.
એ શોભા હું કેઈ પેરે કહું,
પાગ્યા રસમાંહાં એ સ્વરૂપજી;
કપોલે પીયલ તે સોહીએ,
મુખ સુંદર તે અતિ રસરૂપજી. ૧૭.
દીર્ઘ નયણે તે અંજન સોહે,
નકવેસર મોતી બહુઅજી;
ઠોડી કર્ણે જડી નંગ શોભીએ,
મસ્તકે ભૂષણ રાજે સહુઅજી. ૧૮.

કંઠે દુલરી મુકતા મોહનમાલા,
ગલુબંધે જડ્યાં મન મોહેજી;
હાથે કંકણ જડિત પહોંચી તેહ,
ચુડા સંગ સહિત અતિ સોહેજી. ૧૯.
ભાંત્યભાંત્યનાં શૃંગાર એહો અંગે,
સાડીઓ છાપેલ અંગ ઝલકેજી;
પગે ઝાંઝરનાં ઝમકાર તે,
થાયે ચાલતાં ચલકે પલકેજી. ૨૦.
એણી ભાંતે આવે હવેલીમાંહાં,
કરતા તે રંગના રોલજી;
સોહાગ ભર્યાં અતિ વહાલાને,
નથી કોઈ એ સમતોલજી. ૨૧.
શ્રીગોકુલપતિને તે જોઈ જોઈ,
ફૂલ્યાં છે તે અંગો અંગેજી;
પ્રિય રસમાંહાં અતિ રંગ ચુચુતાં,
શોભાએ ભર્યા નવ રંગજી. ૨૨.
હવેલીએ સહુ મલી આવ્યાં,
થોકે થોકે કરતાં ગાનજી;
ઠામ ઠામ તે થાએ માંગલ્ય મઈ,
એ સુખ તણું નહીં માનજી. ૨૩.
પહોંચ્યા તે ઘેર આપ આપણે,
સાથ મલતે મલી રસ રંગજી;

ફૂલ્યાં ફલ્યાં આનંદશું,
રસ ભકત સહું સર્વાંગેજી. ૨૪.
ભાગ્યરાસને ભાઈ સંગે મલી,
પધરાવે છે ભકતને ઘેરજી;
ભગવદી સાથ સમાજને,
તેડી લાવ્યા તે મોદ ભેરજી. ૨૫.
ફુલેલ તે પોતે લેઈ લેઈ,
લગાવે છે રંગના રોલજી;
એમ પરસ્પર હાસ્ય કરી કરી,
ન્હાએ તે ઝાકમઝોલજી. ૨૬.
માંગલ્ય રસે નવરાવીયા,
વર નાહાણું આ કહેવાએજી;
અલૌકિક ભાવ તે એહો વિષે,
એ અલૌકિક સ્નેહ ના માએજી. ૨૭.
પછી પહેરાવે પહેરામણિ,
તે ધોતી ઉપરેણા સંગજી;
તિલક કરે કંકુ તણાં ,
અક્ષત કપોલે સુરંગજી. ૨૮.
ભૂષણ તુલસી માલા બહુ,
પહેરાવે કંઠે સહુઅજી;
એણીપેરે પણ રસભકતને કીધા ,
મનોરથ એહોના તે બહુઅજી. ૨૯.

સાડીઓ છાપેલ રંગ રંગ ભાંતની,
પહેરાવી સહુને સારજી;
ચોળી લહેંગા સોહે સુંદર અતિ,
ભૂષણ તણો નહિ પારજી. ૩૦.
તિલક તે કર્યાં સોહાગનાં,
સુંદરી સહુને એ સોહેજી;
અંગ અંગે બહુ શૃંગાર તે,
એ જોઈ રસિક ચિત્ત મોહેજી. ૩૧.
સોંધા અનેક ભલી ભાંતના,
લગાવ્યા રસભકત અંગજી;
શીષે ફુલેલ તે ચુચુતાં,
રાજે એહોને તે અનંગજી. ૩૨.
એણે પ્રકારે રસભકતને,
સહુ મનોરથ તે બહુ કરીઆજી;
પછી તેડ્યા લેવા પ્રસાદ તે,
ભાગ્યરાસ તે ઉલટ ભરીઆજી. ૩૩
ભગવદી આવ્યા અલેખે ને,
રસ ભકત સ્વકીય સમાજજી;
ભાવ મલતે બેઠાં સહુ મલી,
પરમ શ્રીઉત્સવ લહી આજજી ૩૪.
ત્યાંહાં એક સમાજ તે લઈ વળે,
બીજાં બેસે તે આવી વેગજી;

yes

ભગવદીઓને રસભક્ત એ,
ગાન કરે મધુરે સ્વરે ભેગજી. ૩૫.
પછે મહા પ્રસાદ લે છે મોદસું,
પકવાન જલેબી સારજી ;
સખડી બહુ અનેક તે ભાંત્યની,
શાક બહુ તેનો નહીં પારજી ૩૬.
પરોસે છે ભક્ત સહુ મલી,
આનંદ તે અંગ ના માએજી;
ઉપરેણો કટિસું બાંધીને,
તે શોભા કહીય ન જાએજી. ૩૭.
ધોતી વચ્ચે સોહે કેસર છીંટ,
ભૂષણ પહેર્યાં અતિ ઝલકેજી;
મુક્તા કર્ણે સ્વચ્છ લલકતાં,
લાલ મણિને નંગ વચ્ચે ચલકેજી. ૩૮.
તિલક જોઈ સુંદરી ત્યાંહાં મોહે,
કંઠે બહુ તુલસી માલજી;
મોતી ને હેમ તણાં હાર,
મુખડાં સોહીએ અધિક રસાલજી. ૩૯.
કેશ શ્યામ તે સુંદર અતિ ઘણાં,
જુડા વાળ્યા પીઠે લલકેજી;
એણી ભાંત્યે સોહે છે ભક્તએ,
જોતાં રસિયાના મન ઢળકેજી. ૪૦.

પરોસે છે સહુ ભાવશું,
ફરી ફરી વેગે આવે ત્યાંહાંજી;
રસભકત પરોસે નેહભર્યાં,
ભાવ ઉછલિત થયો ઉરમાંહાંજી.૪૧.
શૃંગાર ભૂષણ પહેર્યાં બહુ,
નેત્રે અંજન રેખા રંગજી;
કપોલે કેસર તિલક સોહાગનાં,
સાડીમાંથી ઝલકે અંગજી.૪૨.
એહી વિધિસું પરોસે છે ભાવશું,
પ્રસાદ લે સઘળો સાથજી;
લેઈ ઉઠયા પછી ભાગ્યરાસજી,
બીડા આપે મુસકતા હાથજી.૪૩.
કહે આવજો વેગે કરીયને,
એહ દિવસ તમારો નેગજી;
સદા સર્વદા મનોરથ અમ તણા,
તમો પૂરો ભાવ રસ ભેગજી.૪૪.
થયો એમ કરતાં સંધ્યા સમય,
કીધાં દીપક જ્યોત તે ભ્રાજેજી;
વહાલોજી બેઠા શ્રી બેઠકે,
ગાદી તકિયે પ્રફુલ્લિત રાજેજી.૪૫.
રંગ કભાય શ્રીઅંગે ઝલમલે,
ઉપરેણો લપેટ્યો શીષેજી;

ફરગુલ ઓઢી ભલી ભાંતસું,
બેઠા છે પ્રાણાધીશજી.૪૬.
નખશીખલગી મહાપ્રભુ રસે ભર્યાં,
બીડાં આરોગી કરે રસદાનજી;
ત્યાંહાં શ્રીમુખ ભકતરસિક જુએ,
કીર્તન હોએ તાનબંધાનજી.૪૭.
ગુણી જન આવ્યા છે અલેખે તે,
રિઝવે પ્રભુને તેહજી;
વાજા સંગે તંબૂરો સારંગી,
વજાડે વાજીંત્ર મળી એહજી.૪૮.
સુર તાલ રાગ પદ રૂચિ કરી,
ગાએ મલી સુરસું સહુ એકેજી;
જેમ જેમ રીઝે તેમ તેમ ગાએ છે,
ભાવ પૂછે પ્રભુને વિવેકજી.૪૯.
સભા મંડળ રાજે મહા પ્રભુ,
ત્યાંહાં સૃષ્ટિ તણો નહીં પારજી;
મહાઉત્સવ સમે સહુ આવીઆ,
વલ્લભદાસ નિરખે આધારજી.૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું ત્રીજુ માંગલ્ય સમાપ્ત.

==============================

।। શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ।।

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૪.

રાગ: 'આવો આવો રે સુજાતિ સહિયર સાથ'

મહાશ્રી ઓચ્છવ આનંદ પરમ સ્વરૂપ,
પ્રગટ્યા શ્રી વલ્લભવર આજ અનૂપ ૧.
મંગલ મંગલમઈ છઠ દિન સાર,
ઘેર ઘેર ગાયે ધોળ સહુ અપરંપાર ૨.
એ ઉત્સવ પ્રભુનો મંગલ રૂપ,
લીલા સહિત સમાજનો એહજ ભૂપ ૩.
માંગલ્ય ત્રણે કરી લખ્યું સુખ એહ,
આવ્યો ઉત્સવ સુરતે અનુભવ જેહ ૪.
હવે આગલો પ્રસંગ જે પરમ આનંદ,
છઠ રાત સોહાસણી આનંદ કંદ ૫.
બેઠા ગાદી તકીએ હોએ બહુ દાન,
શ્રીમુખ જોઈ ભગવદી કરે રસ પાન ૬.
સેન આરતી હવી પછે સમે સોહાય,
દીપક ઠોર ઠોર ઝલમલાય ૭.
નિરખે શોભા મહા પ્રભુજીની ત્યાંહાં,
ભક્ત રસિક એ છબી ધરે ઉરમાંહાં ૮.
એહ ધણી તણે માંડવે સૃષ્ટિ અપાર,
ત્યાંહાં સુખ બહુ વરખે પ્રાણઆધાર ૯.

એહ સમય લેઈ પૂછે છે પ્રભુ ભર્યા નેહ,
જાની જમુનાદાસને રૂચી કરી તેહ ૧૦.
અજહું પ્રસાદ કયાંહાં લેત હૈ કયોંઓ,
અવાર તહાં ભઈ બોહોતહી ઓ ૧૧.
મોહનદાસ અરુ ઈનકો સબ કોઈ,
સબ લેંગે પ્રસાદ મિલત હૈ સોઈ ૧૨.
કરે વિનતી હવે લેસે મહારાજ,
સમૃદ્ધ બહુ આવી ઉત્સવ લહી આજ ૧૩.
ભાગ્ય ફલ્યા કહે ધન્ય ધન્ય સહુ સાથ,
એહ વચને પ્રફુલ્લિત થયા નિજનાથ ૧૪.
ભાગ્યરાસ એ સાંભળી તે આવ્યા વેગ,
સંગ સ્વકીય ભાઈ સહુ રસભર્યાં ભેગ ૧૫.
જોયું શ્રીમુખ રસ ભર્યું એહ સમે ત્યાંહાં,
વારંવાર વહાલાજીને ધરે ઉરમાંહાં ૧૬.
પ્રભુજી બોલ્યા કરૂણા કરી એહો સાથ,
ત્યારે વારણા લેઈ લેઈ નામે માથ ૧૭.
તેડી તેહોને સ્નેહસું બેસાડ્યા તે પાસ,
કહ્યું શ્રીમુખ વચન એ પરમ હુલ્લાસ ૧૮.
તુમ કબ લોંગે ભઈ બોહોત અવાર,
અબ જાયકે લ્યોં પ્રસાદ સુખ સાર ૧૯.
એ સમયની ઐકયતા જોઈ મન રંગ,
શ્રીજી એ હાસ્ય કરી એહો સંગ ૨૦.

ધરી ઉરમાંહાં સ્વરૂપ જુએ ભાગ્યરાસ,
મોહનભાઈ ગોકુલભાઈ સહું દાસ ૨૧.
પછે દંડવત કરી ચાલીઆ ઘેર,
સમાજ સહિત આવ્યા ભલી પેર ૨૨.
બેઠા લેવા પ્રસાદ સ્વકીય સહુ ત્યાંહાં,
પ્રગટ્યો આનંદ ઉત્સવ ઉરમાંહાં ૨૩.
કરી હાસ્ય વિનોદ પરસ્પર ગાએ,
ધોલ મંગલ મહિલા અતિ સોહાયે ૨૪.
રસ સમુદ્રની લહેરનાં ઉઠે તરંગ,
એ શોભા જોઇ જોઇ થાએ મન રંગ ૨૫.
સદા રહીએ એણી ભાંતે એહો સંગ,
ત્યારે જઇ ભીંજે રસ માંહાં અંગ ૨૬.
છિરક્યા ધોતી ઉપરેણા નૌતન જેહ,
ભકત રસિક પહેરાવે એહ સમે તેહ ૨૭.
ધરાવે કંઠમાહાં તુલસીની માલ,
ઉત્સાહ ભર્યા કરે તિલક રંગશુભ ભાલ ૨૮.
એ સમયનું સુખ મહા કહ્યું નવ જાય,
ઠોર ઠોર દીપક શોભા ન માય ૨૯.
પાતલો ધરી પરોસે ભકત રસાલ,
ચિતવની માંહાં ચિત્ત ચોરે રસ બાલ ૩૦.
પરોસે પ્રથમ જલેબી પકવાન,
વિધ વિધના વ્યંજનતણું નહીં માન ૩૧.

સખડી પછી ખીર તણો નહીં પાર,
ભાત મુંગ કઢી તાતી સુંદર અતિ સાર ૩૨.
આનંદ ભર્યાં સહુ કોઈ લે તે પ્રસાદ,
ગોરસ બહુ પરોસે અતિ અહલ્લાદ ૩૩.
એણી ભાંતે રસભકત સહુ તે આજ,
પરોસે ઉત્સાહે થયા સિદ્ધ કાજ ૩૪.
પ્રસાદ લે પરમ ભગવદી સમાજ,
લહે સ્વાદ આરોગ્યાનો રાજાભિરાજ ૩૫.
પછે બેસે સુંદરી સહુ મલીને ત્યાંહાં,
લે તે પ્રસાદ સહુકોઈ ફૂલ્યા ચિત્તમાંહાં ૩૬.
એ આનંદ સાગર કહ્યો નવ જાય,
સ્વકીય સાથને ઉલટ અંગ ન માય ૩૭.
બીડા આપે ભાગ્યરાસ પોતે નિજ હાથ,
આશિષ દેઈ દેઈ બોલે સહુ સાથ ૩૮.
એ મનોરથ તમારા પૂરો નિત્ય નિત્ય,
ચિરંજીવો તમો ને તમારા અધિપત્ય ૩૯.
એણી ભાંતે છઠ તણો ઉત્સવ સાર,
આવ્યા પરોસી સહુને તે મોદ અપાર ૪૦.
એ ઉત્સવના સુખ કેમ કહેવાય,
થોડે કરી લખ્યું અનુભવે લહેવાય ૪૧.
ભાગ્યરાસ સુજાતિ સંગ સમાજ,
આવી બેઠકે જોયા શ્રીમહારાજ ૪૨.

સુખ સેજ્યા ઉપર બેઠા નાથ,
ત્યાંહાં નિરખે છે શ્રીમુખ સહુ સાથ ૪૩.
આશિષ દેઈ વલીયા ભગવદી નિજ ઘેર,
વેગા ઉઠી દાન કરવા બહુ પેર ૪૪.
ભાગ્યરાસ હુલસીને આવ્યા પાસ,
કરે વિનંતી સહુ તમો પૂરવી આજ ૪૫.
કેસર રસે નાહાવો કરવા બહુ દાન,
ધોતી ઉપરેણો પહેરવો ભકત સન્માન ૪૬.
રંગ્યો કેસરી કનક છાપા સંગે તેહ,
અંગિકાર કરો કૃપા કરી તમો તેહ ૪૭.
ભૂષણ અનેક સંગ મોતીની માલ,
જે જે મનોરથ કરે સુંદરી રસ બાલ ૪૮.
મુકતા સુંદર કરણે કુંડલ ધરવાં,
માની વિનતી પ્રભુ કહે અવશ્ય તે કરવાં ૪૯.
પોઢ્યા મહાપ્રભુ સુખસું વલ્યા દાસ,
વલ્લભદાસે એહરસ જાણ્યો એહોપાસ ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું ચોથુ માંગલ્ય સમાપ્ત.

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય – ૫.

રાગઃ– આવો અચલ સોહાસણી મલી સહિયર સમાણી.

શ્રી ગોકુલનાથને નિરખીએ, જગ વલ્લભ જાણી

મહા શ્રીઉત્સવ સુખ બહુ, રસ અતિ અધિકાઈ;
અદ્દભુત પ્રાગટ્ય અભિનવું, પ્રગટ્યા સુખદાઈ ૧.
ન ભુતો ન ભાવી એ છે, એહ્વો બીજો ન કોઈ,
એહ સરખો તે એહ છે, તમો જુઓ જોઈ ૨.
સદા સર્વદા મહા પ્રભુ, રાજે શ્રીગોકુલ ગામ,
ભકત સહિત લીલા કરે, વહાલો સુખનું ધામ ૩.
માંગલ્ય ચારમાં રસ કહ્યો, શ્રી ઉત્સવ કેરો,
પાંચમે માંગલ્યે કરી એક, કહેસું ભાવ અનેરો ૪.
મહા પ્રભુ પોઢ્યા છે સેજડી, રસ વૃષ્ટિ તે બહઅ,
ભકત રસિકના મનોરથ, પૂરે એ સહુઅ ૫.
પાર્વતી વહુજી તણો કંથ, વિલસે એહ,
ભાવ રસાલનું સુખ હોયે, રસિક જન જેહ ૬.
એહ સમય વહાલો રસમય, રસ દાન કરે,
પોઢ્યા સુખમાં રસ ઘણો, રસ રૂચી ઉર ધરે ૭.
ભાવ રસિક રસાલ છે, તે કરે આવી સહુઅ,
મોહ્યાં વહાલોજી અંગે અંગે, મનોરથ ધરે બહુઅ ૮.
ઉઠીએ વેગા થઈ અને, કરવા બહુ દાન,

એ ભક્ત ને એ પ્રભુ એનું કેને નહીં જ્ઞાન ૯.
આશિષદેઈ દેઈ સહુ વલ્યા, ભક્ત રસિયા ઘેર,
સદા સર્વદા એહો વિષે, ભર્યા ભાવ એ પેર ૧૦.
ભગવદી ગાતા સહું કોઈ, આવે ગલીયોમાંહાં,
તાલ ઝાંઝ મૃદંગસું, રસિયા સહુ ત્યાંહાં ૧૧.
સૃષ્ટિ અલેખે અગણિત, તેહોનો નહીં પાર,
ભાગ્યરાસ સહુ તણે ઘેર, સુખ વરસે સાર ૧૨.
માધવદાસના ધોલ છે, મહા અતિ રસાલ,
એકત્ર થઈ લડાવીને, ગાએ રુક્મણિ લાલ ૧૩.
ભાવે ભીંજે એહ સમે, ભાગ્યરાસજી અંગે,
નેત્ર રસાલા થઈ થઈ, રસ ભર્યા અંતરંગે ૧૪.
ભગવદીય ઘેર આપાપણે, સહુ તેડી બેસાડે,
ગાએ છે એ મહારસ ભર્યા, ભક્ત સુખને પમાડે ૧૫.
સુંદરી રસ ભરી આવીને, તિલક કરે ભાલ
બીડી કરમાંહાં આપીને, ધરે તુલસી માલ ૧૬.
ભૂષણ વસ્ત્ર પેહેરાવીને, મીસરી મુખ માંહાં,
નમી નમી ચરણે એહ કહે નિત્ય આવવું આંહાં ૧૭.
ભાગ્ય તમારે એહ દિન, આવ્યો છે એહ,
હાસ્ય વિલાસ વચન કહ્યા, એ પરસ્પર તેહ ૧૮.
આનંદ તેહ સમય ઉલટ્યો, ઉત્સાહ ન માએ,
રાત સંપૂર્ણ એમ વિતે, શોભા કહીય ન જાય ૧૯.
ચાલ્યા પછે પહેરામણી, કરવા સુખ ભેર,

ભગવદી સહુ સાથ તણે, આવે ઘેર ઘેર ૨૦.
સુંદરી સંગે સહુ મલી, ભાવે રસ રેલ,
સૃંગાર ધર્યા અતિ હરખતા, ઉપજી સુખ વેલ ૨૧.
મોહનભાઈ ગોકુલભાઈ, સુજાતિ એ સાથ,
ઉત્સવ માંહે પ્રફુલ્લિત, પ્રગટ્યા શ્રીનાથ ૨૨.
badi મેરી હવેલી થકી કર્યો આરંભ ઉત્સાહ,
પહેરામણી પહેરાવે છે, અંગ વાધ્યો ઉમાહ ૨૩.
ચોલી લેહેંગા સાડીઓ, જેહને જે સોહે,
છાપેલ રંગ રંગ ભાંતની, દેખી મન મોહે ૨૪.
તિલક કરી કુમકુમ રંગ, પગ પીલ્યા ત્યાંહાં,
માંગલ્ય દ્રવ્ય નાડા છડી, શ્રીફલ કર માંહાં ૨૫.
એક એક ઘરમાંહથી, પ્રતિ પ્રતિ પહેરાવે,
ભાવ સહુના પ્રભુ વિષે, રસસું અતિ ભાવે ૨૬.
ભાગ્યરાસ સહુ સાથને, એહ કરે સન્માન,
તિલક કરી ચરણે નમે, પામે સુખનું નિધાન ૨૭.
પરસ્પરની ઐકયતા એમ, હોયે રંગ રોલ,
ચાલ્યા જાય ગલીયોમાંહાં, ગાએ સહુ ધોલ ૨૮.
એણી ભાંતે ભકતને, ઘેર ઘેર તે જઈય,
પહેરામણી કરે મોદસું, ઊભા સિદ્ધ થઈય ૨૯.
ભકત સહુ સંગે કરે છે, પહેરામણી બહુઅ,
પ્ર.પ. મોટી છોટી હવેલીએ, ખરીક આદિ સહુઅ ૩૦.
ઘાટ જશોદા ઠકુરાણી, ભગવદી જે જ્યાંહાં,

પહેરામણી કરે મોદસું, આવી તે ત્યાંહાં ૩૧.
શ્રીજીને ઘેર પ્રતિ પ્રતિ, નિજ સેવક સાથ,
આપ્યા વસ્ત્ર પહેરામણી, હસી તેહોને હાથ ૩૨.
પહેરામણીનું સુખ ઘણાં, શોભા કહીય ન જાય,
આગલ દીપક ઝલહલે, ચાલે મન ભાએ ૩૩.
એણી ભાંતે ફરીયને, આવ્યા નિજ ઘેર,
સ્વકીયને આપી પહેરામણી, અધિક એ પેર ૩૪.
સાડી ચોલી ચીર તે, રંગ રંગ છાપેલ,
પહેર્યા સોહાય અતિ ઘણું, માંહે કનકની વેલ ૩૫.
નાના મોટા સહુ કોઈ, પહેરાવ્યા પ્રીતે,
ભાવ સ્વજાતી સ્વકીયને, વાગા રસ રીતે ૩૬.
એહ સમે આપે રૂચી કરી, ભકત સ્વકીય સોહાવે,
મહાઉત્સવમાંહાં સહું કોઈ, સમતા ન આવે ૩૭.
પરસ્પરે એમ કરી કરી, વાગા પહેરાવે,
ચોલણા ચીર પામરી, મહા રસ ઉપજાવે ૩૮.
જેહને જે જેમ સોહીયે, તે કરી તે મિલાવે,
ભાવ રસાલે સ્વરૂપસું, જાણી પહેરાવે ૩૯.
એણે ભાવે ઉછલીત, સુખનો નહીં પાર,
એ રસના એ ભોગ્યતા, જીવન આધાર ૪૦.
ભકત રસિક સહુ મલીમલી,મહિલા મંગલ ગાય,
બેઠા એકત્ર થઈયને, ફૂલ્યા અંગ ન માય ૪૧.
કેસર વાટે મોદસું, સુંદરી દસ વીસ,

ભાવ રસાત્મિક સ્વરૂપસું, ગોકુલેશ આધીશ ૪૨.
રંગરંગ રંગરંગ અતિ ભર્યો, કેસર બહુ પાત્ર,
વાટે એહ સમય સહુ, મલી ફૂલી છે રાત્ર ૪૩.
સીલા તણી નીશા જેહ, છે એહ ભલીય,
તે ઉપર કેસર રસ કરે, ભકત તે મલીય ૪૪.
માધવદાસ ખવાસજી, પાસે છે રંગ રંગ,
હાસ્ય વિનોદ કરે સહું, આનંદ અંગ અંગ ૪૫.
ધોતી ઉપરેણા વસ્ત્ર એ, રંગ્યા કરી ખાંતે,
ચુણી સમારી સહુઅ તે, રાખ્યા ભલી ભાંતે ૪૬.
ચોપડી તેલ સોંધો ભર્યો, સુખદ શ્રી અંગે,
વાત્સલ્ય હેત વિચારમાંહાં, એહોના મન એ રંગે ૪૭.
કેસર રસ હાંડા ભરી, રાખ્યા ભલી પેર,
ઉપયોગ વહાલાને આવશે, ઉત્સાહ એ ઘેર ૪૮.
એમ કરતાં રાત્ર રહી તે, પાછલી પોહોર એક,
સામગ્રી સહુ સિદ્ધ કરી, રાખી તે વિવેક ૪૯.
મહાપ્રભુ પોઢ્યા છે એ સમે, ચાલ્યો સહુ સાથ,
વલ્લભદાસ પ્રભુ નિરખવા, શ્રીગોકુલનાથ ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું પાંચમું માંગલ્ય સમાપ્ત.

॥ શ્રી શ્રી શ્રી ગોકુલશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૬.

(શ્રીમહાઉત્સવના દિવસનું સવારે પોઢી ઉઠયા તે)

રાગ : પંચમ, જય જય શ્રી ગોકુલેશ નિત્ય માંગલ્ય.

માંગલ્ય પરમ શ્રીવલ્લભ વર, મંગલ ભકત છે ધન્યજી,
માંગલ્ય માગસીર માસ એ, સુદી સાતમ ભલો દિનજી ૧.
પુષ્ટિ પુષ્ટિ પ્રાગટ્ય હવું, પુરૂષોત્તમ મહારાજજી,
માંગલ્ય હવા શ્રીરુક્મણિજીને, અંગ અંગમાં તે આજજી ૨.
પુત્ર હવો છે સપૂત એહ, માંગલ્ય વલ્લભલાલજી,
ભાગ્ય ઉદીત હવા ભકતના, પામ્યા પતિ રસાલજી ૩.
માંગલ્ય આપણું જીવન એહ, માંગલ્ય વિઠ્ઠલકુમારજી,
માંગલ્ય શ્રીવલ્લભરાય, અમારા એહ આધારજી ૪.
સ્વકીયને અર્થે પ્રાગટ્ય હવા, કરૂણા ભર્યા અતિ રાજેજી
શ્રીગોકુલ મધ્યે લીલા કરે, મહાદાન દેતા મહારાજજી ૫.
એણી પેરે પ્રાગટ્ય કહ્યું, સંક્ષેપે કરી એહજી,
હવે કહીએ શ્રીઉત્સવ શુભ, વરસ દિવસે તેહજી ૬.
પાંચમે માંગલ્યે એહ કરી, ઉત્સાહ કહ્યો મન ભાયજી,
પરમ સોહાગી એ ભકતનો, મનોરથ અતિ સોહાયજી ૭.
હવે કહીસું છઠે માંગલ્યે, શ્રી ઉત્સવ સુખદાઈજી,
આપણું સર્વસ્વ એહ છે, સ્વરૂપ ઉત્સવ સમતાઈજી ૮.
ભકત સહિત શ્રીગોકુલપતિ, આનંદ અંગ અંગ માંહજી,

બારે માસ સુખ આપીયા,માંગલ્ય હોએ જ્યાંહાં ત્યાંહાંજી ૯.
જન્મઉત્સવ આવ્યો અભિનવો, ભકતને એહ જ ધ્યાનજી,
ભગવદી ઘેર ઘેર ઉત્સવ કરે, સુખ તણું નહીં માનજી ૧૦.
મહાપ્રભુ પોઢ્યા છે એહ સમે, આનંદમાંહાં સુખકારીજી,
રાત્ર છે પરમ સોહામણી, રસ પ્રગટાવ્યો ભારીજી ૧૧.
રયણી પોઢી રસ વિલસીયા, રસિયા સંગભલી પ્રીતેજી,
પરમ રસાલ શ્રીવલ્લભવર, કેલી કરે રસ રીતેજી ૧૨.
રસભકત એહ સમે નિરખે તે, શ્રીઅંગે માંહાં સુરજી,
રંગમગ્યા અતિ રસ ભર્યા, દાન તણા રસ પુરજી ૧૩.
અધરામૃત આપે એહ સમે, વિસદ તે કેમ કહેવાયેજી,
મહાપ્રભુ અતિ સુખ વરખતા, રસની રેલ તે થાએજી૧૪.
મહા દાન દેઈ રસિક વર, કરે છે નિંદ્રા રસાલજી,
પ્રબોધ ભણી વિનતી કરે, સુંદર રસ ભરી બાલજી૧૫.
સમય થયો હવે જાગીએ, આપીએ મહારસ દાનજી,
ભકત સહુ આતુર ઘણું, કરવા દર્શન રસદાનજી ૧૬.
માંગલ્ય વચન સુણીને, ઉઠ્યા વેગસું મારો નાથજી,
પાર્વતી વહુજીનો પતિ એહ, સીંચે રસભકત સાથજી૧૭.
સેજથી ઉતરી ઊભા રહ્યાં, નેત્રકમલ માંહે પેઠાજી,
સર્વાંગે રંગ ભર્યા રસિયા, તણે ઉર બેઠાજી૧૮.
ભકત જે ઘેરઘેરથી સહુ આવીયા, જોવાને મહારાજજી,
ઊભા છે સિંઘ દ્વારે તે, મનોરથ ધરી બહુ આજજી૧૯.
મન માંહાં ઘણું અકુલાયે તે, ચેન ન પડે અંગ અંગજી

નિરખવા શ્રીમુખ સુંદર, વાધ્યો કોટી અનંગજી ૨૦.
એહ્વે દ્વાર ઉઘડીઆ, ધસી આવ્યા બેહુ પાસજી,
શ્રીજી નિરખ્યા મીટ ભરી, પોહોંચી મનતણી આસજી ૨૧.
શોભા ભર્યા અંગઅંગ પ્રતિ, સોહે શ્રીગોકુલનાથજી,
પરમ રસોમય મહા પ્રભુ, નિહાલે વૃજવધૂ સાથજી ૨૨.
ભકતના ભાવ સહુ ઉર ધરે, માંગલ્ય મારો ભૂપજી,
અતિ મહારસ વૃષ્ટિ વરખતાં, સ્નેહ સહિતએ સ્વરૂપજી ૨૩.
એહ્વા એ વલ્લભ ધણી, ઊભા છે સેજ્યા પાસજી,
નખથીતેશીખલગી રસભર્યા, તે કહું કાંઈ એક આસજી ૨૪.
શ્રીમસ્તકે કેશ પાતલા, રસમસીયા તે ફૂલેલજી,
ચમકે તે સુંદર ઘણું, ચાલે રસની રેલજી ૨૫.
અંબોડલે મન ગૂંથીયા, રસિક તણા એ સંગજી,
શ્રી મુખાર્વિંદ અમૃત ભર્યું, નેત્ર કમલમાં રંગજી ૨૬.
મંગલ તિલક સોહાગનું, ઝલકે ભકત સોહાગજી,
નાસિકા સુંદર અદભુત, લેવા રસનો પરાગજી ૨૭.
મંગલ નિધિ મંગલ વર, જોઈ વાધે નિત કામજી,
ગલ્લસ્થલ રસભર્યું, ઠોડી સ્થલ અભિરામજી ૨૮.
મંગલ મુખડું સદા હસે, અધર ભર્યા રંગ ગેહેરેજી,
રસિકલાલ ઉદારવરને, રસિયા રહ્યા ત્યાંહાં હેરેજી ૨૯.
શ્રવણે અતિ સરૂવા ઘણું, વચન રસિલા બોલેજી,
તેહ સુણી મહાસુખ પામીએ, એહ સમ નહીં કો તોલેજી ૩૦.
ગ્રીવા પર અતિ ઝલકતી, તુલસી માલા સારજી,

રાખી પ્રભુએ પ્રેમસું, લખતા ન આવે એ પારજી ૩૧.
ધર્યા છે ભૂષણ ભાવતા, સુંદરવરે તે અનુપમજી,
શ્રીઅંગમાં તે પ્રગટ દીસે,ભકતના ન્યારા ન્યારા રૂપજી ૩૨.
હૃદય કમલ કરૂણામઈ, રોમ રોમ રસમાતાજી,
ઉચ ઉરોજ તે અતિ સોહે, સુંદરીને સુખદાતાજી ૩૩.
પીઠ પનાલી સુંદર અતિ, જોતા મનડું ઢલકેજી,
બાંહો વિશાલ રસદાન, તે આપે પલકેપલકેજી ૩૪.
શ્રીહસ્ત કમલદલ અંગુલીદલે, મુદ્રિકા પહેરી ચલકેજી,
હીરાજડીત માણિક નંગ, નીલમણિમોહે ઝલકેજી ૩૫.
ઉદર ગેહરું ગુણ પુરણ,નાભી કમલ મધ્ય રાજેજી,
કટિ નિતંબ જંઘાજાનું એહ, સુર કામ બલ સાજેજી ૩૬.
શ્રીચર્ણાર્વિંદ રસે ભર્યાં, લોભ્યા ભકત આવ્યા ત્યાંહાંજી,
આપણું સર્વસ્વ એહ છે, રસિયા રાખે ઉરમાંહાંજી૩૭
ધોતી ધરી અદભુત સોહે, ઉપરેણો શિષ સુરંગજી;
ભકત નિરખે ફરી ફરી, નીમો પહેરે શ્રીઅંગજી ૩૮.
એણી ભાંતે કાંઈ એક કહ્યું, સ્વરૂપ વર્ણન એહજી,
એહ રસ અતિ અગાધ છે, લિખને કેમ આવે તેહજી૩૯.
અનુભવથી એ જ્ઞાન છે, વલ્લભ મોહન વરેસજી,
મહેદ ભકતની કૃપા થકી, જાણ્યા શ્રીગોકુલેશજી ૪૦.
એહ સરખો તે એહ છે, ભકતતણે રંગ્યા રંગેજી,
રસપુંજ ભર્યોએ સોહામણો વહાલો મારો શ્રીઅંગેજી ૪૧.
સુંદરી ચોંહોપાસ ઊભા તે નિરખે શ્રીમુખ સારજી,

અંગ અંગ પ્રતિ રસ વહે, ચાલે રસની ધારજી ૪૨.
સેજ્યા સુંદર સોહામણી, ઊભા રહ્યા તે પાસેજી,
દુલીચા ચરણ વસ્ત્ર સુંદર, ધર્યા છે હુલ્લાસેજી ૪૩.
સેજ્યા નીકટ રસિકવર, મુસકનીયે કરે દાનજી,
એહ સમયનો જે મનોરથ, જોઈરસિયા કરે પાનજી ૪૪.
ભાગ્ય સરાહે તે તેહ તણા, વિલસ્યાં એ સમય આવીજી,
સેજ્યા સંગે સ્વરૂપ જુએ,રસ ઉપજે ભામીની ભાવીજી.૪૫
ચિન્હ જુએ શ્રીઅંગ તણા, અધર બેહુ લાલજી,
એહ જોઈ મન લલચે તે ત્યાંહાં,મોહી રહ્યા રસ બાલજી. ૪૬.
નિમેષ કરે નહીં પલકે જે, રસ આવે ઉભરાઈજી,
કયારે એ રસ પીજીયે, એહ્વા ચિત્તે સોહાઈજી ૪૭.
એહ સમયનો એહ મનોરથ, ભકત ભર્યા અનુરાગેજી,
ચાહે ફરી ફરી એ રસ, પૂરણ હોય તુમ ભાગેજી ૪૮.
સર્વોપર ભાવ અધિક જે, લીલા રસિક સ્વરૂપજી,
તે મધ્યપાતી રસિકજન, દાતા રસનું એ સ્વરૂપજી ૪૯.
સખી પ્રતિ સખી એ કહે, પૂરો અમ તણી આસજી,
મનોરથ એહ અધિક ધરે, નિત્યનિત્ય વલ્લભદાસજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું છઠું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય – ૭.

રાગઃ– સજની સાંભળો એ વાત....

માંગલ્ય આજ મહાશ્રી ઉત્સવ
માંગલ્ય શ્રીવલ્લભલાલજી,
માંગલ્ય પ્રગટ્યા ઘેર ઘેર અતિ
માંગલ્ય ભકત એ રસાલજી ૧.
માંગલ્ય શ્રીબેઠકે હોય ઘણો
માંગલ્ય હવેલી માંહાંજી,
માંગલ્ય ઠામઠામ તે હોય બહુ
માંગલ્ય શબ્દ હોયે જ્યાં ત્યાંહાંજી ૨.
માંગલ્ય બાલક વૃદ્ધને
માંગલ્ય હોયે નરનારજી,
માંગલ્ય ગાન મલી મહિલા કરે
માંગલ્યનો નહીં પારજી ૩.
માંગલ્ય વાજીંત્ર વાજે ઘણાં
મહા ઘોષસું તે સોહાયજી,
આનંદ બાઢ્યો એ સર્વત્રને
આનંદ માંગલ્ય ગાયજી ૪.
માંગલ્ય છઠે કરી કાંઈ એ કહ્યું
પ્રાગટ્ય અલૌકિક મન ધરીજી,

માહા ઉત્સવ છે પરમ સોભાગીયો
રસવહી ચાલ્યો આનંદે ભરીજી. ૫.
પોઢી ઉઠ્યા છે મહારાજ એ
સેજ્યા પાસે ઊભા તેહજી,
ભકત નિરખે શ્રીમુખ શોભા ત્યાંહાં
સ્વરૂપ વર્ણન તે કીધું તેહજી ૬.
હવે કહીએ છે સાતમે માંગલ્યે
નાહાસે પ્રથમ શ્રીવલ્લભરાજજી,
શ્રીબેઠકે આવી અધિક રસ
કરશે આનંદ રસભર્યા દાન આજજી ૭.
એણી ભાંતે પૂર્વ પીઠિકા કહી
હવે કહીએ માહા શ્રીઉત્સવ જે થાયજી,
ભકતને ઉત્સાહ વાઘ્યો અતિ ઘણો,
ફૂલ્યા શ્રીવલ્લભરાયજી ૮.
નિસા રહી પહોર એક તે પાછલી
ઊભા સેજ્યા પાસે વાહાલોજી,
ઉમંગસું સર્વાંગે રસ ભર્યા ભકત
પરસ્પર કહે એહ નિહાલેજી ૯.
એહ્લો એ વલ્લભવર આપણો ધણી
અંગ અંગ માંગલ્ય દીસેજી,
સેજ્યા પાસેથી પોધારીયા
એ જોઈ ભ્કત તણા મન હીસેજી ૧૦.

આવી બેઠા પીઢે વેગસું
ચોખંડીમાં મારો નાથજી,
દંતધાવન કરે સુંદરવર
શોભા જુએ મલી મલી સાથજી ૧૧.
નિત્ય કૃત્ય કરીને વેગે આવીઆ
ઉમંગ ભર્યા વહાલો ઉર માંહાંજી,
વેગા વેગા કાજ કરે સહુ
પીઢે બેસી સઘલા ત્યાંહાંજી ૧૨.
શ્રીહસ્ત શ્રીચરણાર્વિંદ ક્ષાલીયા
ભકત ચરણામૃત લે છે ભાવેજી,
કોગલા કરી કરી આચમન લીધું
મુખવસ્ત્ર ધરી વેગા આવેજી ૧૩.
મહાપ્રભુ પ્રસન્ન થાએ મનમાંહાં ઘણું
લટકતા પોધાર્યા હોમ ઘેરજી,
બેઠા તેલગાદી માંગલ્યવર
તેલ લગાવે અતિ સુખભેરજી ૧૪.
કાંકસી કરી શ્રીમસ્તકે પોતે તે
ફૂલેલ મેલે ખવાસ ત્યાંહાં બહુજી,
રસ ભર્યા ઉઠ્યા તેલ લગાવીને
નિરખે છે પાસે આવી સહુજી ૧૫.
નાહવા પોધાર્યા ચોકી ધરી ત્યાંહાં
ચુચુતા ફુલેલે તે આવ્યાજી,

નાહાયે ઊભા ત્યાંહાં રહી અને
સુંદર છબી એ સોહાવ્યાજી ૧૬.
પછે બેસે આસનવાલી ઉત્સાહસું
ભરી ભરી કસેંડી જલ ઢોલેજી,
મોદ ભર્યા શ્રીવલ્લભલાલ એ
સર્વાંગે નાહાયે રંગ રોલેજી ૧૭.
ચરણામૃત લેઈ લેઈ એ સમે
ભકત તે દે છે એ આશિષજી,
નાહતા રખે એહોને શ્રમ અતિ હોયે
ચિરંજીવો ક્રોડ વરીસજી ૧૮.
અંગવસ્ત્ર લેઈને ઊભા થયા
અંગ અંગેછે સખી મન મોહતાજી,
ધોતી ઉપરેણો મહા રંગ કેસરી
પહેર્યો તે શ્રીઅંગ અતિ સોહતાજી ૧૯.
પીઢે બિરાજે જુડો વારીને
તિલક ધરે તે સુંદર ભાલજી,
શ્રીહસ્તે મુદ્રિકા પહેરી સોહે
ચમકે હીરા માણેક નંગ લાલજી ૨૦.
દિપક જ્યોતિ ઠામઠામ થઈ રહી
ઉદ્યોત સઘલે અતિ ઝલકારજી,
શ્રીમુખ સુંદર કાંતીએ ઝલકતી
તેજ તણો નહીં પારજી ૨૧.

નીમો પહેરે તે ઊભા થઈ
શિષે ઉપરેણો સોહાવેજી,
ચાલ્યા ભીતર જાવા વેગસું
માંગલ્ય અર્થે ભર્યા એહ ભાવેજી ૨૨.
આગલ દીવા તે ઝલહલે
નિહાલે છે બેઉ પાસે ઊભા હારજી,
જયજય જયજય એ સમય સહુ કરે
શબ્દ સોહામણા સુંદર નારજી ૨૩
પોધારે સ્વરૂપ રસાત્મિક લટકતા
ચિતવનીએ કરી ત્યાં મન મોહેજી,
આનંદ એહ સમય માહા ઉલટ્યો
શ્રીઅંગે શોભા ભરી અતિ સોહેજી ૨૪.
આવ્યા શ્રીનાથજી મંદિર
સુંદીરવર અતિ સકુમારજી,
જલઘરે આવી બેઠા એ વરજી
ફૂલ્યા શ્રીઅંગ આધારજી ૨૫.
શ્રીમુખે હસી હસી વાતો કરે
મનમાંહાં મોદ ન માયજી,
શ્રી રુક્મણિલાલને એ સમય
વિનતી કરે સહુ મન ભાયેજી ૨૬.
કુંડલ મુકતાના સુંદર ઘણું
મધ્ય સોહે લાલ મણિ લાલ નંગજી,

મોહનવરને કરણે ધરાવીઆ
શોભા વાધી શ્રીઅંગ સંગજી ૨૭.
માંગલ્ય ગાન ઠામ ઠામ સહુ કરે
વૃજ સુંદરી ભરી ઉત્સાહજી,
શ્રીબેઠકમાંહાં તે કીર્તન કરે
ભગવદી વાજાં સહિત ઉમાહાજી ૨૮.
ત્યાંહાં આવી તિલક કરે સોહાસણી
કુમકુમ રંગે કરી મન મોહતાજી,
એ સમે સુંદરી ગાએ મોદસું
માહા ઉત્સવ સમે અતિ સોહતાજી ૨૯.
વાટ જુએ છે સહુકો વરજીની
જોવા આતુરતાઈ મનજી,
એટલે આવી વેગે વધામણી
પોધારે પ્રાણજીવનજી ૩૦.
હલી મલીને સહુકો ઊભા થયાં
બેઠા છે જે તે સહુ ત્યાંહાંજી,
શ્રીવિઠ્ઠલકુંવર અવિલોકવા
ઉત્સાહ હવો છે ઘણો મનમાંહાંજી ૩૧.
રસિક ભકત તણા એ ભાવ લહી
પોધાર્યા શ્રીબેઠકે લાલજી,
સેવક સહુ કોઈ શ્રીમુખ જુએ
રસમસિયા છે મહા કૃપાલજી ૩૨.

જય જય વચન બોલે સોહાસણી
મીટડી ભરી ભરી લે ઉરમાંહાંજી,
ભગવદી ઊભા ચહુંપાસે ઘેરીને
ચોકમાહાં વહાલાજીને ત્યાંહાંજી ૩૩.
વાજીંત્ર ધોંસા સહુ સંગ ગડગડે
ગાજે શ્રી ગોકુલ ગામજી,
માંગલ્ય પ્રગટ્યો આવી એણેસમે
મહાપ્રભુ પોધાર્યા નિજધામજી ૩૪.
ભકત રસિકને મહા સુખ વરખતા
પોષતા નિજજન સૃષ્ટિજી,
માહા પ્રભુ મનમાં મનોરથ એહ ધરે
કરવી છે માહારસ વૃષ્ટિજી ૩૫.
માહાઉત્સવ પરમ રળીયામણો
સોહામણા ભકત સોહે પ્રિયપાસજી,
ધરે બહુ મનોરથ ચિત્ત અભિનવા
પૂરો અમ તણી આસજી ૩૬.
બેઠા તિબારીએ પ્રસન્ન થઈ
આતુરતા અધિક મનમાંહાંજી,
ઘણા દિવસના મનોરથ વહાલાને
તે સિદ્ધ થાશે હવડાં આંહાંજી ૩૭.
શ્રીઅંગે સુંદર અતિ સુખ વરસતા
ભાવે ઉઝલી ઉઝલી આવેજી,

ભકતના પ્રતિબિંબ સહુ ત્યાં દીસે
વહાલાજીનું દીસે ભકતને ભાવેજી ૩૮.
તેલગાદીએ બેઠા શ્રીવલ્લભવર
રંગરંગ અતિ રંગ એ અપારજી,
ધોતી ઉપરેણા કેસરી રંગરંગ
એહ છબી રાજે પ્રાણઆધારજી ૩૯.
સર્વાંગે રંગ રંગ રસે ભર્યા પુંજ
મસ્તકે સુંદર સરલ કેશજી,
મુખચંદ્ર નેત્ર સંગે ત્યાંહાં અધિકરસ
મહાપ્રભુ નખશીખ પરમ સુવેશજી ૪૦.
તિલક ભાલ પર કેસરી રંગ ઘણો
રંગ રંગ કપોલે છેલ્યો એહજી,
રંગ ગલ્લસ્થલે બેઉ થી ચુચુએ
રંગ ઠોડી તલે ભર્યો છે તેહજી ૪૧.
કંઈ ભકતના ભાવ બહુ ધરાય તે
કુંડલ ઝલકે મુકતા રંગજી,
તે શોભા અદ્દભુત રંગ સોહીએ
રંગ સંગે મલીયને વાધ્યો અનંગજી ૪૨.
ભકત રસિક જુએ ફરી ફરીને
તે છબી ધરી રંગે ઉરમાંહાંજી,
શ્રીકંઠે તુલસી માલા અંગી કરી
ગ્રીવા ગંભીર ભર્યો રંગ ત્યાંહાંજી ૪૩.

પીઠ સુદેશ શ્રીઅંગ રંગ છેલીયો
કટિ લંક માહા રંગ રંગ સોહેજી,
બાંહુ વિશાલે રંગ રસ ચુચુએ
તે જોઈ સુંદરીના નેત્ર મોહેજી ૪૪.
હથેલી આરકત રંગે અંગુલીદલ
નખમણિ જ્યોત રંગભરી ચલકેજી,
મુદ્રિકા નિલમણિ હીરા નંગ લાલ
ગોળ ફેરૂઆ મલીયને ઝલકેજી ૪૫.
ઉચ ઉરોજને ઉર રોમાવલી
રંગ રંગ રંગ ભરી એ ખાણજી,
ભકત તણા મન ઝીલે એહ સ્થલે
એહ રસની એહોને સોહાણ્યજી ૪૬.
રંગ ઉદર મધ્યે કમલ છે પાંખડી
સરોવર ગેહરૂ રસની રાસજી,
તે માંહાં મગ્ન થયા સહુ આવીને
પાર ન પામે ચિત્ત હુલ્લાસજી ૪૭.
જંઘા કદલી ખંભ પીંડુરી રંગ
શ્રી ચરણાર્વિંદે રંગ રંગજી,
એહ રંગ ભકતના ઉરમાં રમી રહ્યા
રમી રહ્યું સ્વરૂપ અંગ અંગજી ૪૮.
હવે કહીસું આગલે માંગલ્યે કરી
મહાપ્રભુ કરસે મહા રંગ રેલજી,

અભીજીત નક્ષત્રની એહ આવી ઘડી
આનંદસું હોસે રંગ છેલજી ૪૯.
તેહ સમે જોવા આતુર ઘણું
વાધ્યો ભકત સહુ મલી ચાહજી,
સુંદરી નીરખે ઠોર ઠોર બેઠાથી,
વલ્લભદાસ પ્રભુ ભર્યા ઉરમાંહાંજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું સાતમું માંગલ્ય સમાપ્ત.

================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૮.

માહાઉત્સવનું ધોળ

રાગ: સહિયર સમાની મળીયને ચાલો સોહાગી સાથ)

જય જય જય શ્રીઉત્સવ આવ્યો,
સરવો પરે માહા સાર.........ઉલટ મન અતિ ઘણો;
જય જય આજ વધાઈ છે,
પ્રગટ્યા શ્રી પ્રાણઆધાર.........ઉલટ મન અતિ ઘણો;. ૧.
જય જય માગસીર સુદિ ભલી,
સાતમ પરમ સોહાગી.........ઉલટ મન અતિ ઘણો;
જય જય શુભ શુક્રવાર એ,
થયો માહા બડભાગી.........ઉલટ મન અતિ ઘણો;. ૨.
જય જય આજુનો દિન એ,

માંગલ્ય મહા સુખકારી.....ઉલટ મન અતિ ઘણો;
જય જય આજુની રાતડી એ,
પ્રગટ્યા આનંદ કારી.....ઉલટ મન અતિ ઘણો;. ૩.
જય જય એહ શુભ ધન્ય ઘડી,
અભિજીત નક્ષત્ર એણે કાળ.....ઉલટ મન અતિ ઘણો;
જય જય માંગલ્ય સહું મળી,
ગાએ રસ ભરી બાલ....ઉલટ મન અતિ ઘણો; ૪.
જય જય શબ્દ સોહામણા,
સોહે સ્વકીય સમાજ.....ઉલટ મન અતિ ઘણો;
જય જય ઠામ ઠામ બહુ થાયે,
વાધ્યો આનંદ તે આજ.....ઉલટ મન અતિ ઘણો; ૫.
જય જય શ્રી વલ્લભલાલ એ
ફુલ્યાં અતિ અંગ અંગ.....ઉલટ મન અતિ ઘણો;
જય જય સ્વરૂપ નેષ્ટિક એ,
ભક્ત સર્વાંગે રંગ્યા રંગ.....ઉલટ મન અતિ ઘણો; ૬.
પરમ રસાલ માંગલ્ય વર,
પ્રગટ્યા શ્રી વલ્લભલાલ.....ઉલટ મન અતિ ઘણો;
ધન્ય ધન્ય રુક્મણિ માત તમો,
લડાવ્યા શ્રી વલ્લભલાલ.....ઉલટ મન અતિ ઘણો; ૭.
શ્રી વિઠ્ઠલ કુંવર તે લાડીલો,
આપણું સર્વસ્વ તેહ.....ઉલટ મન અતિ ઘણો;
ભાગ્ય ઉદિત હવાં ભક્તનાં,

પામ્યાં શ્રી વલ્લભવર નેહ.....ઉલટ મન અતિ ઘણો; ૮.
શ્રી રુક્મણિ લાલ જીવન ધન,
સદા શ્રી ગોકુલ રાજે..... ઉલટ મન અતિ ઘણો;.
પ્રથમ તે સાત માંગલ્યે કરી,
કહી આવ્યા બેઠા વહાલો ગાજે..ઉલટ મન અતિ ઘણો; ૯.
નાહી પોધાર્યા પહેલી વાર તે,
ફરી આવ્યા બેઠકે ભાવ્યા તે.....ઉલટ મન અતિ ઘણો;
હવે કહેશું તે આગળ હોંશે,
માહા શ્રીઉત્સવ સુખ ફાવ્યા....ઉલટ મન અતિ ઘણો; ૧૦.
ભાગ્યરાસ ને સમાજ સહુ,
આનંદ મોદ અપાર....... ઉલટ મન અતિ ઘણો;
ચાલ્યાં શ્રી મંદિરે રસ ભર્યાં,
ભકત સહિત નરનાર.......ઉલટ મન અતિ ઘણો; ૧૧.
સામગ્રી અનેક છે સંગ સહુ,
લીધો સુંદર કરી સાજ.......ઉલટ મન અતિ ઘણો;
સંમ્રદ્ધ મળી છે અતિ ઘણી,
હવેલી માંહાં બહુ આજ......ઉલટ મન અતિ ઘણો; ૧૨.
માંગલ્ય પ્રગટિત એહ સમે,
માંગલ્ય ભકતને અંગે.....ઉલટ મન અતિ ઘણો;
માંગલ્ય દ્રવ્ય તે સહુ લીધાં,
કળશ ભર્યાં કેસર રંગ....... ઉલટ મન અતિ ઘણો;. ૧૩.
ફુલેલ બહુ બહુ ભાંતનાં,

ભરી ભરી રાખ્યા તે પાસ.....ઉલટ મન અતિ ઘણો;
રાય વેલ ચંબેલી ગુલાબ બહુ,
કેવડલ અતિય સુવાસ..... ઉલટ મન અતિ ઘણો; ૧૪.
વિવિધ પ્રકારે સુગંધ રાય,
કસ્તુરી અંબર લીધા સાથ.....ઉલટ મન અતિ ઘણો;
ધોતી ઉપરેણો છાપેલકેસરી,
પામરી જોડો લીધો હાથ.....ઉલટ મન અતિ ઘણો; ૧૫.
ભૂષણ બહુ તે જડાવનાં,
મોતીની માળા છે અમોલ.....ઉલટ મન અતિ ઘણો;
પોહોંચીને મુદ્રિકા સુંદર ઘણું,
ફેરૂઆ સાદા સંગ ગોળ.....ઉલટ મન અતિ ઘણો; ૧૬.
એણે પ્રકારે જડાવનાં,
લીધાં ભૂષણ તે સંભારી....ઉલટ મન અતિ ઘણો;
માંગલ્ય આરતી રજત તણી,
કર ધરી લીધી સુકુમારી.....ઉલટ મન અતિ ઘણો; ૧૭.
માંગલ્ય કલશ ધર્યા સોહે,
સોહાસણીએ ધર્યા માથ.....ઉલટ મન અતિ ઘણો;.
આવે છે અતિ મોદે ભર્યાં,
વધાવા શ્રીગોકુલનાથ.....ઉલટ મન અતિ ઘણો; ૧૮.
માંગલ્ય ગાતાં તેહ સમે,
સુંદરી એક એક ભાવે.....ઉલટ મન અતિ ઘણો;
એણે પ્રકારે માંગલ્ય સહુ,

ભરીભરી રસભકતતે આવે.....ઉલટ મનઅતિ ઘણો; ૧૯.
એહ સમયનો અભિલાખ એ,
તે આવ્યો સમય સુખદાઈ....ઉલટ મન અતિ ઘણો;
થાશે મનોરથ સિધ્ધ એ,
શ્રીવલ્લભવર મન ભાઈ.....ઉલટ મન અતિ ઘણો; ૨૦.
ભગવદી ગાયે સહુ ચાલતા,
વાજાં સહિત બહુ સંગે.....ઉલટ મન અતિ ઘણો;
શ્રી ગોકુલ ગામ રસ રૂપ,
ઉત્સવ હોયે રસ રંગે.....ઉલટ મન અતિ ઘણો; ૨૧.
નાહી શૃંગાર બહુ કર્યાં,
તિલક કપોલે શુભ ભાલ.....ઉલટ મન અતિ ઘણો;
વાગા નૌતન સુંદર સોહે,
પહેર્યાં ભકત રસાલ.....ઉલટ મન અતિ ઘણો; ૨૨.
મુખડાં રસ રંગસું ભર્યાં,
પામરી જોટા ઓઢ્યા સાર....ઉલટ મન અતિ ઘણો;
ઝલકે અંગ શોભા ઘણી,
ઉલટી ચાલ્યો રસ માર.....ઉલટ મન અતિ ઘણો; ૨૩.
ગલીયો માંહે તે માયે નહીં,
ડગ ભરી શકે નવ કોઈ.....ઉલટ મન અતિ ઘણો;
આગલો સાથ લદાવમાહાં,
પાછલો હવેલીએ હોયે.....ઉલટ મન અતિ ઘણો; ૨૪.
એણી ભાંતે સૃષ્ટિ અનેક તે,

આવે વહાલાજીને ઘેર.....ઉલટ મન અતિ ઘણો;
આપ આપણે તે જૂથ,
ભાવ અનેરા બહુ પેર.....ઉલટ મન અતિ ઘણો; ૨૫.
પહેલો સમાજ શ્રી બેઠકે,
ભરી રહ્યો છે આવી એહ....ઉલટ મન અતિ ઘણો;
ગાયે છે મળી મળી એહ સમે,
નિરખે વહાલાજીને તેહ.....ઉલટ મન અતિ ઘણો; ૨૬.
દિવેટો પ્રગટી ઝળહળે,
તેજ તણો નહીં પાર.....ઉલટ મન અતિ ઘણો;
બેઠા શ્રી વલ્લભજી ત્યાંહાં સોહે,
તિબારીમાંહાં એ આધાર....ઉલટ મન અતિ ઘણો; ૨૭.
તેણે સમય ત્યાંહાં સમાજ સહુ,
આવ્યા શ્રીબેઠકે ગાતા....ઉલટ મન અતિ ઘણો;
નિરખીને શ્રી ગોકુલેશજી,
વધાવ્યા રંગ રસે રાતા....ઉલટ મન અતિ ઘણો; ૨૮.
માંગલ્ય કળશ આગળ ધર્યાં,
સ્પર્શ કરે શ્રીપ્રાણઆધાર....ઉલટ મન અતિ ઘણો;
નેત્ર પલક પલ્લવે કરી,
અભિષેક કર્યો તેણી વાર....ઉલટ મન અતિ ઘણો; ૨૯.
માહા ભાગ્યવાન સહું ભગવદી,
આવ્યા ન્હરાવવાને નાહ.....ઉલટ મન અતિ ઘણો.
એહ સમે નિરખે તેહ કહુ,

સ્વરૂપ વર્ણન ઉમાહ.....ઉલટ મન અતિ ઘણો; ૩૦.
મસ્તકે કેશ શ્યામ પાતળા,
તિલક કપોલે સુંદિર ભાલ.....ઉલટ મન અતિ ઘણો.
શ્રી મુખ કાંતિ એ ઝલકતી,
અધર રંગ ગેહેરે લાલ.....ઉલટ મન અતિ ઘણો; ૩૧.
નેત્ર રસાલ નાસિકા રાજે,
શ્રવણે મુકતા જોઈ મોહે....ઉલટ મન અતિ ઘણો .
માલા ગ્રીવા પર ઝલકતી,
પેહેરે શ્રીવલ્લભવર સોહે....ઉલટ મન અતિ ઘણો; ૩૨.
હૃદય રસાલ માહા રસ ભર્યું,
ભકતનાં મન સ્થિત કીધાં....ઉલટ મન અતિ ઘણો;
પરમ ઉદાર શ્રીવલ્લભરાય,
મહા દાન સૌને તે દીધાં.....ઉલટ મન અતિ ઘણો; ૩૩.
શ્રી હસ્ત સદાએ ઉદાર રહે,
આપે દાન બહુ નિત્ય...ઉલટ મન અતિ ઘણો
ઉદર સરોવર ઉઝલે,
વહી ચાલ્યો રસ એ અમિત...ઉલટ મન અતિ ઘણો; ૩૪.
જાનુ અદ્દભુત જંઘા પિંડુરી,
રસ ઉદ્દબોધક જોઈ થાય...ઉલટ મન અતિ ઘણો.
ચરણારવિંદ કમલ પર,
ભકત ભ્રમર ત્યાં લોભાય...ઉલટ મન અતિ ઘણો; ૩૫.
કઈ કઈ શોભા કહું સ્વરૂપની,

ધોતી ઉપરણો અંગો અંગ.....ઉલટ મન અતિ ઘણો;
નિમો કેસરી રંગ અતિ સોહે,
રસિક લાલ ભર્યો રંગે..... ઉલટ મન અતિ ઘણો; ૩૬.
રસ રંગ સહિત ઉત્સાહ ભર્યા,
માંગલ્ય સ્નાન શુભ કાજ......ઉલટ મન અતિ ઘણો;
આનંદે બહુ મોદે વહાલોજી,
સોહે છે અતિ માહારાજ.....ઉલટ મન અતિ ઘણો; ૩૭.
ફુલ્યા શ્રીઅંગે અંગ શ્રીમાહાપ્રભુ,
સહુને અદેય દાન આપે......ઉલટ મન અતિ ઘણો;
તેલાભ્યંગ કરવા સમે,
ભકતને અવિચલ સ્થાપે......ઉલટ મન અતિ ઘણો; ૩૮.
વાજીંત્ર બહુ એહ સમય વાજે,
ઘોર ગગન ઘન ગાજે......ઉલટ મન અતિ ઘણો;
દેવે દુંદુભિ વજાડિયાં,
સુરનારી ગાયે શુભ કાજે......ઉલટ મન અતિ ઘણો; ૩૯.
ચોક પૂર્યા ભરી મોતિડે,
તોરણ બાંધ્યા દ્વાર દ્વાર.....ઉલટ મન અતિ ઘણો;
મંગલ કદલી ખંભ ઉભા કર્યા,
હાથા દીધા સિંઘ દ્વાર......ઉલટ મન અતિ ઘણો; ૪૦.
કેશર ચંદન છાંટણાં,
અગર ઉખેવ્યા સુવાસ......ઉલટ મન અતિ ઘણો;
અંબર કસ્તુરી મેહેકાવીયાં,

સુગંધ ફેલ્યો ચહુઁ પાસ.....ઉલટ મન અતિ ઘણો; ૪૧.
ગાદીએ બેઠા રસિક વર,
કરે મનોરથ ભકત.......ઉલટ મન અતિ ઘણો;
ગાયે વહાલાજીને હુલરાવી,
સુંદરી સહુ અનુરકત.....ઉલટ મન અતિ ઘણો; ૪૨.
ભકતને તિલક કરે સખી,
એહ સમય રસભરી આવી.....ઉલટ મન અતિ ઘણો;
સુંદરી જોઈ પ્રાગટ્ય સમે,
રસ ભરી અતિય સોહાવી......ઉલટ મન અતિ ઘણો; ૪૩.
સેવક સહુ ત્યાંહાં કીર્તન કરે,
જાણી જન્મ સમય એહ......ઉલટ મન અતિ ઘણો;.
હમારે રાય ઘેર ઢોટા આયો,
રુક્મણિ માતા જાયો તેહ......ઉલટ મન અતિ ઘણો; ૪૪.
આજ વધાઈકો દિન નીકો,
લડાવી સહુ મળી ગાયે.....ઉલટ મન અતિ ઘણો;.
ભલે જન્મ્યાશ્રીગોકુલનાથજી,
ગાયે તે વહાલાજીને ભાયે.....ઉલટ મન અતિ ઘણો; ૪૫.
ભકત રસિક માતા સહુ રસે,
ભાવ ઉછલિત એ સોહે.....ઉલટ મન અતિ ઘણો;
ઘેરી રહ્યાં છે વહાલાજીને,
ફરી ફરી રસે ગાતા સોહે.....ઉલટ મન અતિ ઘણો; ૪૬.
બેઠા કરે વહાલો વાત એ,

પોતાના પ્રાગટ્ય તણી બહુય...ઉલટ મન અતિ ઘણો;
ભાગ્ય રાસજી નિકટ રહ્યાં,
સાંભળે સ્નેહ ભર્યા સહુય....ઉલટ મન અતિ ઘણો; ૪૭.
કાન પડયું સુણીયે નહીં,
સુણે તે કાન દેઈ પાસ.....ઉલટ મન અતિ ઘણો;
જે કો છે એહ રસ ય અનુભવી,
તે જાણે પ્રભુજીનો આશય.....ઉલટ મન અતિ ઘણો; ૪૮.
એહ રસ માંહાં સદા સર્વદા,
રહ્યા છે રસ ભકતરાજ.....ઉલટ મન અતિ ઘણો;
ભાવ અનેક સૃષ્ટિ તે,
એકે ભાવે સહુયે આજ.....ઉલટ મન અતિ ઘણો; ૪૯.
કહેશું હવે નવમે માંગલ્યે,
તેલાભ્યંગ જે થાશે.....ઉલટ મન અતિ ઘણો;
માંગલ્ય પ્રાગટ્ય પ્રભુ તણું,
વલ્લભદાસ જશ ગાશે.....ઉલટ મન અતિ ઘણો; ૫૦

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું આઠમું માંગલ્ય સમાપ્ત.

==================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૯.

(રાગઃ 'મહા માંગલ્ય મહાશ્રી ઉત્સવ દિન')

જીરે પરમ રસ શ્રીવલ્લભ વર,
આનંદે રસ રંગ રાતા. રસિકવર રસે ભર્યા.
જીરે પરમ રસ આજનો દિન,
વહાલો પ્રગટ્યા સ્નેહ ભરે માતા રસિકવર રસે ભર્યા. ૧
જીરે આઠ માંગલ્ય કરી રસ કહ્યો,
માહા ઉત્સવ પરમ સુદેશ. રસિક વર રસે ભર્યા;
જીરે કહીશું હવે નવમે માંગલ્યે,
રુક્મણિજીનો લાલ સુવેશ. રસિક વર રસે ભર્યા. ૨.
જીરે પરમ રસ સહિત ભકત એ,
ભકત સમાજ સહું અતિ સોહે. રસિક વર રસે ભર્યા.
જીરે પરમ રસ એ સુંદરવર,
રસિયા જોઈ જોઈ ત્યાંહાં મોહે. રસિક વર રસે ભર્યા. ૩.
જીરે પરમ રસ શ્રીબેઠક વચ્ચે,
તે ઉઝલી ઉઝલી ત્યાંહાં આવે. રસિક વર રસે ભર્યા.;
જીરે પરમ રસ એ તિબારીમાંહાં,
નિજ મંદિરે સોહાવે. રસિક વર રસે ભર્યા. ૪.
જીરે પરમ રસ હોમઘરને,
જલઘરે ભર્યા રસ બહુઅ. રસિક વર રસે ભર્યા.

જીરે પરમ રસ અટાલી પર,
રસ ભકત બેઠા છે સહુઅ. રસિક વર રસે ભર્યા. ૫.
જીરે પરમ રસ ચોખંડીમાંહાં,
ગાએ રસ ભરી બાલ. રસિક વર રસે ભર્યા.
જીરે પરમ રસ સોહે ઠોડી પર,
સોહે છે જે ભકત રસાલ. રસિક વર રસે ભર્યા.. ૬.
જીરે પરમ રસ ત્રીજે માલે,
વહી ચાલે છે રસ રાસ. રસિક વર રસે ભર્યા.;
જીરે પરમ રસ આનંદ મઈ,
વાધ્યો રસ દસો દિસ. રસિક વર રસે ભર્યા. ૭
જીરે એણી ભાંતે સર્વત્ર એ,
ચાલ્યા રસના એ પ્રવાહ. રસિક વર રસે ભર્યા.;
જીરે બેઠા ભકત ભરાઈને,
જુએ શ્રી વલ્લભ નાહ. રસિક વર રસે ભર્યા. ૮.
જીરે રસભર્યાં સોહે ભકત જે,
ઠામ ઠામ બેઠા એહ. રસિક વર રસે ભર્યા.;
જીરે રસભર્યા નાહી સૃંગાર કરી,
આવ્યા છે રસ સહુ તેહ. રસિક વર રસે ભર્યા.. ૯.
જીરે પ્રથમ તે માંગલ્ય સહુ કર્યાં,
મસ્તકે મેલ્યા ફૂલેલ. રસિક વર રસે ભર્યા.;
જીરે ચોટી સમારી સુંદર અતિ,
વાધી રસ તણી વેલ. રસિક વર રસે ભર્યા.૧૦.

જીરે શીષફૂલ વચ્ચે સોહિયે,
મોતીની માંગ અનૂપ. રસિક વર રસે ભર્યા.;
જીરે ફુંદણાં લટકે કટી પર,
શોભા રસમે એ રસરૂપ. રસિક વર રસે ભર્યા. ૧૧
જીરે કરણે તે ઝાલ જડાવની,
પહેરી સોહે અતિ મન ભાયે. રસિક વર રસે ભર્યા.;
જીરે ટીકો ધર્યો પીયલ વચ્ચે,
કપોલ પર તે સોહાયે. રસિક વર રસે ભર્યા. ૧૨.
જીરે નકવેસર બહુ ભાંતનાં,
જડ્યા નંગ અતિસે ચલકે. રસિક વર રસે ભર્યા.;
જીરે પહેર્યાં સોહે સુંદર ઘણું,
મોતી બાંધ્યા તે બહુ લલકે. રસિક વર રસે ભર્યા. ૧૩.
જીરે નયન અંજન રેખથી,
રસ ચુઈ ચાલે છે અમિત. રસિક વર રસે ભર્યા.;
જીરે એ જોઈ રસ અતિવાધતો,
શ્રીવલ્લભ વરનાં ચિત્ત. રસિક વર રસે ભર્યા. ૧૪.
જીરે મુખ સુંદર રસ રાજે તે,
છે અધર ગેહેરે રસ રંગ. રસિક વર રસે ભર્યા.;
જીરે ભૂષણ કંઠે આદિ સહુ,
પહેર્યાં સોહે અતિ અંગ. રસિક વર રસે ભર્યા. ૧૫.
જીરે એણે પ્રકારે સૃંગાર તે,
કરી કરી આવ્યા રસ બાલ. રસિક વર રસે ભર્યા.;

જીરે સાડીઓ છાપેલ ઝલકતી,
પહેરી અંગ સોહે રસાલ.રસિક વર રસે ભર્યા.૧૬.
જીરે ઝાંઈ દીસે શ્રીઅંગ તણી,
ને અંગમાંહાં દીસે એહ.રસિક વર રસે ભર્યા.;
જીરે નિરખે છબી એ પરસ્પર,
વચને ન આવે તેહ.રસિક વર રસે ભર્યા.૧૭.
જીરે એહ સમય ગાએ ધોલ તે,
મનોરથ મનમાં અનેક.રસિક વર રસે ભર્યા.;
જીરે સુંદરી રસભરી મોદસું,
કરી કરી બહુ તે વિવેક. રસિક વર રસે ભર્યા.૧૮.
જીરે તેલ ગાદીએ બેઠા સોહે,
વહાલોજી રસ ભર્યા રાજે. રસિક વર રસે ભર્યા.;
જીરે નીમો મૂકી તેલ પરદની,
પહેરી કટિ પર તે ભ્રાજે.રસિક વર રસે ભર્યા.૧૯.
જીરેતેલાભ્યંગ કરવા સમે,
શ્રીઅંગ તે બેઠા ખોલી. રસિક વર રસે ભર્યા.;
જીરે ઉપવીત કટિસું બાંધી તે,
ત્યારે હસીહસી શ્રીમુખ બોલીરસિકવર રસે ભર્યા.૨૦
જીરે ભકત સહુ જયજયકાર કરે,
ઉત્સાહ સહિત બહુ તેહ.રસિક વર રસે ભર્યા.;
જીરે એહ સમય સોહે રસોમઈ,
તેલાભ્યંગ સમે આવ્યા એહ.રસિક વર રસે ભર્યા.૨૧.

જીરે સેવક પાંચ સાત મલી,
ફૂલેલ લગાવે શ્રીઅંગે.રસિક વર રસે ભર્યા.;
જીરે મોહન વર ફૂલ્યા અતિ,
દાન આપે વહાલો બહુ રંગે.રસિક વર રસે ભર્યા.૨૨.
જીરે ફૂલેલ અનેક બહુ ભાંતનાં,
કટોરા ભરી રાખ્યા બહુ.રસિક વર રસે ભર્યા.
જીરે હેમ રજતના આગલ સોહે,
માંગલ્ય થાલોમાંહાં સહુ. રસિક વર રસે ભર્યા.૨૩.
જીરે વેલ ચમેલી ગુલાબ બહુ,
કેવડેલ સુંદર તે સોહાયે. રસિક વર રસે ભર્યા.;
જીરે કેસર કસ્તુરી ચાંપેલ,
સુગંધ રાય તે લગાવે. રસિક વર રસે ભર્યા.૨૪.
જીરે મોગરેલ ચુઓ રસ વલી,
વાસતી અંબર સહુ તેલ.રસિક વર રસે ભર્યા.;
જીરે ભાંતભાંતના ફૂલેલ બહુ,
લગાવે શ્રીઅંગે રેલ છેલ.રસિક વર રસે ભર્યા.૨૫.
જીરે કંગહી કરી રહ્યા વહાલોજી,
કેશ સુંદર અતિ ચલકે.રસિક વર રસે ભર્યા.;
જીરે ખવાસ ફૂલેલ બહુ મેહેલે,
કપોલે આવી ઢલકે. રસિક વર રસે ભર્યા.૨૬.
જીરે શ્રીહસ્ત બેહુ ધરી રહ્યાં,
વહાલો હું હું કરતા જાયે.રસિક વર રસે ભર્યા.;

જીરે પોતે રસસું ચોલીને,
જુડો વાલ્યો અતિ મન ભાયે. રસિક વર રસે ભર્યા.૨૭.
જીરે પછે તે બાંહો વિશાલને,
પીઠે ફુલેલ લગાવે. રસિક વર રસે ભર્યા.;
જીરે ખવાસ ચોલે ઉત્સાહસું,
ઉદર ઉર પર લાવે. રસિક વર રસે ભર્યા..૨૮.
જીરે ભાગ્યરાસ બેઠા એહ સમય,
તલાસે શ્રી ચરણાર્વિંદ.રસિક વર રસે ભર્યા.;
જીરે એણીભાંતે તેલાભ્યંગ હોયે,
નિરખતા એ નયનાર્વિંદ.રસિક વર રસે ભર્યા..૨૯.
જીરે તેલ ફુલેલના પ્રવાહ વહે,
શ્રી મસ્તકથી ચાલે રેલ. રસિક વર રસે ભર્યા.;
જીરે આવે ચોહોંપાસે વહી વહી,
ભર્યા સર્વાંગે છે ફુલેલ. રસિક વર રસે ભર્યા.૩૦.
જીરેએ સમયનું સુખ જોઈ જોઈ,
કહું છું રસ ભર્યાં એ કાંઈ રસિક વર રસે ભર્યા.;
જીરે ભકતનિરખે વહાલાજીને,
તે શ્રીઅંગમાહાં દીસે ઝાંઈ.રસિક વર રસે ભર્યા.૩૧.
જીરે શ્રીમુખ કાંતિ તે ઝલહલે,
મસ્તકે સોહે કેશ શ્યામ. રસિક વર રસે ભર્યા.;
જીરે અંબોલડે રસ ચુચુતો,
પીઠ પર સુંદર સુઠામ. રસિક વર રસે ભર્યા.૩૨.

જીરે નેત્ર વિશાલ મહા રસભર્યા,
ભકતને સીંચે વારંવાર. રસિક વર રસે ભર્યા.;
જીરે કેસર તિલક સુંદર સોહે,
મધ્ય રેખા શ્યામ અતિસાર.રસિક વર રસે ભર્યા.૩૩.
જીરે એહમાંહાં સ્વરૂપ તે ભકતના,
સ્વચ્છ અમોલ આકાર. રસિક વર રસે ભર્યા.;
જીરે કરણે કુંડલ અદભુત સોહે,
ઝલકતા દીસે છે પ્રકાર. રસિક વર રસે ભર્યા.૩૪.
જીરે નાસિકા સુંદર અતિ ઘણું,
લેવાને રસ આઘ્રાણ. રસિક વર રસે ભર્યા.;
જીરે મોહોસર સોહે અદભુત,
શ્રીવલ્લભવર એ સુજાણ. રસિક વર રસે ભર્યા.૩૫.
જીરે દંત પાંત ચમકે ઘણું,
જીભ્યાએ ભર્યું છે અમૃત. રસિક વર રસે ભર્યા.;
જીરે વચન બોલે સહુ રસ ભર્યા,
ભકતને હોયે તે સુખ નિત્ય.રસિક વર રસે ભર્યા.૩૬.
જીરે અધર ભર્યા બેહુ રંગ રસે,
રસિયા ત્યાંહાં રહ્યા લલચાયે. રસિક વર રસે ભર્યા.;
જીરે ધરે મનોરથ એ જોઈ,
નેત્ર રસ બહુ અતિ ભાયે.રસિક વર રસે ભર્યા.૩૭.
જીરે ગ્રીવા ગંભીર ભર્યો રસ છે,
ઉર સ્થલે ઉચ્ચ રસાલ. રસિક વર રસે ભર્યા.;

જીરે શ્રીકંઠે નિત્ય ભૂષણ રાજે ,
તુલસી સુંદર અતિ માલ. રસિક વર રસે ભર્યા.૩૮.
જીરે શ્રીહસ્ત બેહુ તે શોભિતા,
આપે રસ એ બહુ દાન. રસિક વર રસે ભર્યા.;
જીરે હથેલી આરકત અતિઘણું,
રસ રંગ તણું નહીં માન.રસિક વર રસે ભર્યા.૩૯.
જીરે નખચંદ્ર કીરણ શીતલ કરે,
રસભકતના નેત્રકુ રંગ. રસિક વર રસે ભર્યા.;
જીરે કટિ નિતંબ જંઘા પિંડુરી,
રસ છેલ્યો પુષ્ટ પુષ્ટ અંગ.રસિક વર રસે ભર્યા.૪૦.
જીરે શ્રીચરણાર્વિંદ સુખદ એ,
ભકત જુએ છે સર્વસ્વ ધન. રસિક વર રસે ભર્યા.;
જીરે રાખે સદા નિત્ય સર્વદા,
મનોરથ થાયે સંપન્ન. રસિક વર રસે ભર્યા.૪૧.
જીરે એ સમયની શોભા શી કહું,
અક્ષરે ન આવે એહ. રસિક વર રસે ભર્યા.;
જીરે અનુભવિક લભ્ય એહ છે,
વચને ન આવે તેહ. રસિક વર રસે ભર્યા.૪૨.
જીરે ગાતા સુણતા સ્પરશ થાયે,
એહ સમય આવીને ચિત્ત.રસિક વર રસે ભર્યા.;
જીરે લેખને કેમે આવે નહીં,
રસ છેલ્યો એ અપરમીત.રસિક વર રસે ભર્યા.૪૩.

જીરે એહ સમય ગાન બહુ હોય,
વાજા વાજે ઘનઘોર. રસિક વર રસે ભર્યા.;
જીરે એક એક શબ્દ સુણે નહીં,
ઉઠે છે નગારાની ઠોર.રસિક વર રસે ભર્યા.૪૪.
જીરે દીપક ઠામઠામ ઝલહલે,
શોભા મલી વાધી અતિ સંગ.રસિક વર રસે ભર્યા.;
જીરે વરજી બેઠા તેલગાદીએ,
ઝલકે છે તેજ શ્રીઅંગ. રસિક વર રસે ભર્યા.૪૫.
જીરે ભકત ત્યાં ઝલકે એહ સમય,
સુર થયા અધિક તે મન.રસિક વર રસે ભર્યા.;
જીરે સુંદર વરને તે જોઈ જોઈ,
વારે છે સરવસ ધન. રસિક વર રસે ભર્યા.૪૬.
જીરે એહ સમય ત્યાં ખવાસજી,
વચન રસાલા તે દાખે. રસિક વર રસે ભર્યા.;
જીરે માંગલ્ય કલશ જલ ભરી,
આણી કઠેડા વચ્ચે રાખે.રસિક વર રસે ભર્યા.૪૭.
જીરે જમુના જલ સુખદ ઘણું,
વહાલાજીને એહ નિત્ય. રસિક વર રસે ભર્યા.;
જીરે તપ્ત શીતલ તે બેહુ સંગ છે ,
કલશ ભર્યા અપરમીત. રસિક વર રસે ભર્યા.૪૮.
જીરે ચોકી પીઢો કસેંડી,
ચંદને ભરી ત્યાંહાં મેહેલી. રસિક વર રસે ભર્યા.;

જીરે ગડુઓ આદિ પાત્ર સહુ ધર્યા,
સુંદર અંગવસ્ત્ર છે થેલી રસિક વર રસે ભર્યા.૪૯.
જીરે એહ સ્થલે આવી વહાલોજી,
એ કરશે તે મહા રસ દાન.રસિક વર રસે ભર્યા.
જીરે શ્રી ઉત્સવના એ સુખ બહુ,
વલ્લભદાસ કરશે તે પાન. રસિક વર રસે ભર્યા..૫૦.
ઈતિ શ્રીવલ્લભ રસાલય રસગ્રંથનું નવમું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૦.

રાગ: વેવાઈતારો માંડવડો સંભાળ રસિકવર રમી વલ્યા એ
રંગ રંગ રંગ શ્રીઉત્સવ શુભ એ
રંગ રંગ શ્રીવલ્લભરાય સુંદરવર સોહીયે એ.
રંગ રંગ મનોરથ ભકતના એ,
રંગ રંગ અતિ સુખદાય સુંદરવર.૧.
રંગ રંગ નવમે માંગલ્યે કરીકહ્યો એ,
પરમ સુખદ અભિરામ.સુંદર;
રંગ રંગ દસમે માંગલ્યે કરીએ,
કહેશું એ મહા સુખધામ.સુંદર. ૨.
રંગ રંગ માગસીર માસ ભલો એ,
રંગ રંગ સુખદ સાતમ.સુંદર;

રંગ રંગ ઘડી સોહે અભિનવી એ,
રંગ રંગ દિવસ એ ઉત્તમ.સુંદર. ૩.
રંગ રંગ જોઈ સહુ મોહી રહ્યાં એ,
રંગ રંગ શ્રી ગોકુલનાથ.સુંદર;
રંગ રંગ શ્રી વલ્લભજીના દાસ ધન્ય એ,
રંગ રંગ સ્વકીય એ સાથ.સુંદર. ૪.
રંગ રંગ સૌભાગ્ય ધન્ય ધન્ય એ,
રંગ રંગ ભક્ત સમાજ.સુંદર;
રંગ રંગ સોહે તે પરસ્પર એ,
રંગ રંગ ભર્યા મહારાજ.સુંદર. ૫.
રંગ રંગ પ્રાગટ્ય તણો દિન એ,
રંગ રંગ શ્રીરુક્મણી માત.સુંદર;
રંગ રંગ સહુ તણે અંગો અંગ એ,
રંગ રંગ શ્રી વિઠ્ઠલ તાત.સુંદર. ૬.
રંગ રંગ હોયે જ્યાંહાં ત્યાંહાં ઘણોએ,
રંગ રંગ એ આજની રાત.સુંદર;
રંગ રંગ સર્વત્ર તે છાહી રહ્યો એ,
રંગ રંગ અંગ ન માત.સુંદર. ૭.
રંગ રંગ શ્રી બેઠકમાંહાં બહુ એ,
રંગ રંગ માંડવડો અનૂપ.સુંદર;
રંગ રંગ તિબારીમાંહાં બેઠા વહાલો એ,
રંગ રંગ સર્વાંગે સ્વરૂપ.સુંદર. ૮.

રંગ રંગ ચોક તે વચ્ચે ભર્યો એ,
રંગ રંગ અટાલીયો પર. સુંદર;
રંગ રંગ રસિયા તે ત્યાંહાં થકી એ,
રંગ રંગ સોહે મોહનવર.સુંદર. ૯.
રંગ રંગ એણી ભાંતે હોયે અતિએ,
રંગ રંગ કીર્તન થાય.સુંદર;
રંગ રંગ વાજા સહુ વાજે સંગ એ,
રંગ રંગ કહ્યો નવ જાયે. સુંદર. ૧૦.
રંગ રંગ સુંદરી તે ગાયે મલી એ,
રંગ રંગ સુંદર વામ.સુંદર;
રંગ રંગ મનમાંહાં ઉત્સાહ રલી એ,
રંગ રંગ એહોના ભાવ.સુંદર. ૧૧.
રંગ રંગ રસ ભરી બાલ સોહે એ,
રંગ રંગ એહો તણા અંગ.સુંદર;
રંગ રંગ તે સાડી પહેરે મોહીયે,
રંગ રંગ શ્રૃંગાર છે સંગ સુંદર. ૧૨.
રંગ રંગ ભુષણ અનેક ધર્યાં એ,
રંગ ભર્યાં જુએ વ્હાલો તેહ.સુંદર;
રંગ ભર્યા ભકત રસાલ બહુ એ,
રંગ ભર્યા બેઠા છે એહ.સુંદર. ૧૩.
રંગ ભર્યાં ભગવદી એહ સમે એ,
રસ ભર્યા શ્રીગોકુલેશ. સુંદર;

નિરખે છે શ્રીમુખ ચારૂ અતિ એ,
રંગ ભર્યા મોહન વરેશ.સુંદર. ૧૪.
એણે સમે બહુઅ સમાજ મલ્યો એ,
રંગ ભરી અનેક તે સુષ્ટિ.સુંદર;
એહો તણે ભાગ્યે આવી છે ઘડી એ,
રંગ તણી હોય રસ વૃષ્ટિ. સુંદર. ૧૫.
તેણે કરી ભીડ અનેક મલી એ,
એહોને મોદ અપાર.સુંદર;
આવ્યા છે ભક્ત દેશ દેશ તણાંએ,
જાુએ શ્રીઉત્સવ મહા સાર.સુંદર. ૧૬.
ઠામ ઠામ દીપક તે ઝલહલે એ,
થઈ રહ્યો અતિ ઉદ્યોત.સુંદર;
એહ્વામાં થયો પ્રાતઃકાલ સમે એ,
બહુ મલી વાધી મહા જ્યોત.સુંદર. ૧૭.
ત્યારે ભગવદી રંગે ભર્યાએ,
પેંડો સમારે છે કરી કરી કોડ.સુંદર;
પધારવા વહાલાજીને સુખે કરી એ,
હાથો હાથ મેલી રહ્યા જોડ.સુંદર. ૧૮.
એક એક કહે તે વિવેકે કરી એ,
ઊભા રહ્યા બેહુ પાસે હાર.સુંદર;
આનંદ સહુને વાધ્યો અતિ ઘણોએ,
પોધારશે પ્રાણઆધાર.સુંદર. ૧૯.

એ સમે ભકત તે ઉછાહે ભર્યાં એ,
વેગા વેગા સાજ લેઈ આવે.સુંદર ;
ભાગ્યરાસ મલી સાથ સહુ એ,
કઠેડા મધ્યે ઊભા ભાવે.સુંદર. ૨૦.
મનમાંહાં સહિત ઉત્સાહસું એ,
કેસર રસ લેઈ હાથ. સુંદર;
તેહ માંહાં મૂકયા સુવાસ બહુ એ,
કસ્તુરી અંબર એહ સાથ .સુંદર. ૨૧.
સોંધો અરગજા મેદ સંગ એ,
ચંબેલી સુખદ ફૂલેલ.સુંદર,
વિવિધ સુગંધ ગુલાબ જલ એ,
બરાસને બીજાં સહું તેલ. સુંદર. ૨૨.
એણે પ્રકારે વાત્સલ્ય અર્થ એ,
સુગંધ બહુ માંહે મેહેલી.સુંદર;
પછે કર્યું તપ્ત સુખદ એહ એ,
કેસર રસ બહુ ભેલી.સુંદર. ૨૩.
એણી ભાંતે કરી ભાગ્યરાસ તેહએ,
કલસ રાખ્યા ભરી બાથ.સુંદર;
મનોરથ કરે ચિત્તમાંહાં બહુએ,
વાત્સલ્ય શ્રીગોકુલનાથ.સુંદર. ૨૪.
અને વલી ભુષણ તે નવ નવા એ,
પીઢો રજ તણો સહુ સુંદર;

માંગલ્ય સાજ અનેક કર્યાંએ,
તેહો તણાં ભાગ્ય છે બહુ.સુંદર. ૨૫.
એક ભકત લાવ્યા મોતીનીમાલ એ ,
વહાલાજીસું અતિ અનુરકત.સુંદર;
ધોતી ઉપરેણા લાવ્યા નેહેકરીએ,
બિહારીદાસ મહેરા ભકત.સુંદર. ૨૬.
કેસર રંગ અતિ બહુ રંગ્યા એ,
સોંધે સુવાસે અતિ ભર્યો.સુંદર;
એહો તણો સદા તે નેગ છે એ,
વેગે સિદ્ધ કર્યો. સુંદર. ૨૭.
પામરી તોસ છાપેલ ભલીએ,
ભાગ્યરાસ લાવ્યા સંગ. સુંદર;
વહાલાજીને ઉપયોગ આવશે એહ,
મનમાંહાં અતિ ભર્યા રંગ.સુંદર. ૨૮.
એક ભકત લાવ્યા કનક માલએ,
જાંબુનંદ તણી જેહ.સુંદર;
મુદ્રિકા બહુ બહુ ભાંતની એ,
હીરા માણેક જડી તેહ.સુંદર. ૨૯.
એહ્વા એહ્વા અનેક પ્રકારસુંએ,
કરી કરી રાખ્યા બહુ સાજ.સુંદર;
ભકતને મનમાહાં તે કોડ ઘણાએ,
ન્હવરાવવા શ્રીમહારાજ.સુંદર. ૩૦.

એણી પેરે લાવ્યા તે વસ્ત્ર સહુ એ,
સમર્પવા શ્રીવલ્લભરાજ.સુંદર;
ઘણા ઘણા દિવસના મનોરથ એ,
પુરણ થાસે સહુનાં આજ.સુંદર.૩૧.
એમ કરતાં પછે સમય થયો એ,
ફુલસું આવ્યા ખવાસ.સુંદર;
પાસે ઊભા રહી વિનતી કરે એ,
અંગ અંગ વાધ્યો હુલ્લાસ.સુંદર. ૩૨.
સમય થયો ઉઠીએ મહારાજજી એ,
સુણીને ઊભા થયા વેગ.સુંદર;
પ્રભુજીએ ભાવ લહ્યો ભકત તણો એ,
ઉરમાંહાં રાખે કરી ભેગ.સુંદર. ૩૩.
ઊભા સોહે તે ઉછાહસું એ,
કરવા મહા બહુ દાન.સુંદર;
શ્રીઅંગે તે રસ ભર્યા ફૂલીયા એ,
ભકતના કરે સન્માન.સુંદર. ૩૪.
રંગ ભર્યા વહાલોજી એહસમે એ,
તિબારી માંહાંથી પરવર્યા.સુંદર;
રંગ ભર્યા પાયોધારે યિંવર એ,
લટકતા આવે મોદ ભર્યા.સુંદર. ૩૫.
શ્રી અંગે રસ તણી ધાર ચૂએ એ,
ફુલેલ અધિક એ બહુ.સુંદર;

ચાલતા ચાલે પ્રવાહ એહ એ,
સર્વાંગેથી રસ સહુ. સુંદર. ૩૬.
ચુચુતા તેલે શોભાએ ભર્યાં એં,,
સુંદરી જોઈ કરે પાન.સુંદર;
ચરણ ધરે ધરણી પર એ,
એણે આપે બહુ દાન.સુંદર. ૩૭.
મુસકનીએ તે સોહે ઘણું એ,
ભકતને અતિ મન ભાએ.સુંદર;
શ્રી અંગથી તે સુવાસ ઘણાંએ,
મહેકે અતિ સુખદાઈ.સુંદર. ૩૮.
તેલ ધોતીસું શ્રી વલ્લભવરએ,
ઉઘાડા એ સર્વાંગ સોહે.સુંદર;
દાન દેતા ચોકમાંહાં પોધારે એ,
શ્રીમુખ નિહાલતાં મોહે.સુંદર. ૩૯.
રસિક સુંદરવર સોહે ઘણું એ,
મલપતા કઠેડામધ્યે આવ્યા.સુંદર;
કઠેડો છે લાલ અનુપમ એ,
ત્યાંહાં ઊભા વરજી તે ભાવ્યા.સુંદર. ૪૦.
ભકતને આનંદ વાધ્યો અંગે એ,,
નિરખતાં વહાલાજી ને તેહ.સુંદર;
એહ સમે જય જયકાર હોએબહુએ,
ઠામ ઠામ કરે ભકત એહ.સુંદર. ૪૧.

પ્રફુલ્લિતા શ્રીઅંગે શોભિતીએ,
વહાલોજી ઊભા ચોકી જ્યાંહાં.સુંદર;
ચોકી સુંદર તે અતિ ઘણી એ,
બેઠા આસન વાળી ત્યાંહાં.સુંદર. ૪૨.
એહ જોઈ ઠામ ઠામ રસભકત એ,
ઉમંગસું ધોળ સહુ ગાયે.સુંદર;
કરૂણા તે કરી પોધારીયા એ,
ગાયે તે અતિ મન ભાયે.સુંદર. ૪૩.
રંગ રંગ એહ સ્થલે રંગ બહુએ,
રંગ ભર્યા શ્રીગોકુલ ભૂપ.સુંદર;
રંગ રંગ ભકતના ભાવ સહુ એ,
રંગ રંગ ઉભય સ્વરૂપ.સુંદર. ૪૪.
રંગ રંગ શ્રીમુખ તે ઝલકતું એ,
રંગ ભર્યા નેત્ર વિશાલ.સુંદર;
રંગ રંગ કરણે મુકતા સોહ એ,
રંગ રંગ રેખા શુભ ભાલ.સુંદર. ૪૫.
રંગ ભર્યા કેશ તે ચલકતા એ,
અંબોડલો ભર્યો ફુલેલ.સુંદર;
રંગ રંગ નાસિકા મુખ ઉર એ,
પીઠેથી ચાલે રંગ રેલ.સુંદર. ૪૬.
રંગ રંગ તુલસીની માલા કંઠે એ,
તેલ ભરી અતિ સોહે.સુંદર;

રંગ રંગ શ્રીહસ્ત કટી જંઘાએ,
શ્રી ચરણાર્વિંદે મોહે.સુંદર. ૪૭.
એણી ભાંતે વહાલો ભર્યા રંગ રસેએ,
નખથી શીખ પરજંત.સુંદર;
કઠેડા મધ્યે ચોકી પર રાજે એ,
અંગ અંગ ભર્યાં જશવંત.સુંદર. ૪૮.
હવે કહેસું તે ઉછાહસું એ,
વહાલોજી ભર્યા નવરંગે.સુંદર;
શ્રીરુક્મણિજી માતૃચરણે એ,
માંગલ્ય અનેક તે શ્રીઅંગે.સુંદર. ૪૯.
પ્રાગટ્ય સમય અતિ ફુલસું એ,
કીધાં છે મોદે અભ્યંગ.સુંદર;
તેહ સમય આવ્યો છે આજ એ,
હસે વલ્લભદાસ મન રંગ.સુંદર. ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું દસમું માંગલ્ય સંપૂર્ણ

=================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય – ૧૧.

રંગરંગનું મંગલ–૨. (કેસર સ્નાનનું)

(છઠના દિવસે શ્રી ભાગ્યરાસએ કેસર સ્નાન કરાવ્યું)

જીરે રંગ રંગ શ્રીઉત્સવ એહ,....વલ્લભલાલ રંગ રંગ એ.
જીરે નાહાશે વહાલોજી કહીશું તેહ...વલ્લભલાલ.
જીરે બેઠા ચોકીએ મહારાજ,...વલ્લભલાલ.
જીરે શ્રીઅંગ ફુલ્યા અતિ આજ....વલ્લભલાલ. ૧.
જીરે એહ છબી સહુ નિહાળે,...વલ્લભલાલ.
જીરે એક ટક રહ્યા નેત્ર ભાલે....વલ્લભલાલ.
જીરે ભક્ત કઠેડા મધ્યે ઊભા....વલ્લભલાલ.
જીરે જુએ છે વરજીની શોભા....વલ્લભલાલ. ૨.
જીરે માંગલ્ય દસે કહી આવ્યા....વલ્લભલાલ.
જીરે મહા શ્રીઉત્સવ રસે ફાવ્યા....વલ્લભલાલ.
જીરે માંગલ્ય એકાદશ માંહાં....વલ્લભલાલ.
જીરે કહેશું ઉત્સાહ નવો આંહાં....વલ્લભલાલ. ૩.
જીરે ન્હવરાવે છે કેસર શ્રીઅંગે....વલ્લભલાલ.
જીરે મોહનભાઈ ભર્યા રંગે....વલ્લભલાલ.
જીરે સાથ સુજાતિ લેઈ સંગે....વલ્લભલાલ.
જીરે શ્રીગોકુલભાઈ ફુલ્યા અંગે....વલ્લભલાલ. ૪.
જીરે એહ સમે ફુલ્યા ભાગ્યરાસ....વલ્લભલાલ.

જીરે આવી ઊભા વહાલાજીની પાસ વલ્લભલાલ.
જીરે કેસર રસ સોહે હાથ,વલ્લભલાલ.
જીરે કલશ રાખ્યા ભરી બાથ વલ્લભલાલ.૫.
જીરે શ્રીમુખ સુંદર શું લહ્યા,વલ્લભલાલ.
જીરે નિરખે છે થકિત તે થયા વલ્લભલાલ.
જીરે સાત્વિક ભાવે ભરી આવ્યા,વલ્લભલાલ.
જીરે ગદગદ કંઠે સોહાવ્યા વલ્લભલાલ.૬.
જીરે વચન તે ના આવે મુખ બોલી,વલ્લભલાલ.
જીરે એ સમયે કહેવાય નવ ખોલીવલ્લભલાલ.
જીરે ભાવ તે એહો તણા લહ્યા,વલ્લભલાલ.
જીરે વહાલાજીએ રસભર્યાં ગ્રહ્યાં વલ્લભલાલ.૭.
જીરે પછે તે આપોપુ સંભાળે,વલ્લભલાલ.
જીરે શ્રીમસ્તકે કેસર ઢોળે વલ્લભલાલ.
જીરે વહાલાજીએ કર બેઉ ધર્યાં,વલ્લભલાલ.
જીરે મનોરથ ભકતના સર્યાં વલ્લભલાલ. ૮.
જીરે કર ધરી ભકતોના ભાવ,વલ્લભલાલ.
જીરે લીધા કરી બહુ દુરાવ વલ્લભલાલ.
જીરે મનોરથ અધિકરસ વિલસે,વલ્લભલાલ.
જીરે પૂરણ કીધા એહ દિવસે વલ્લભલાલ.૯.
જીરે મૂકે કળશ તણી ધાર, વલ્લભલાલ.
જીરે કેસર રસ વારં વાર વલ્લભલાલ.
જીરે જય જય જય જય થાયે, વલ્લભલાલ.

જીરે શબ્દ તે સુંદર સોહાયે વહ્લભલાલ.૧૦.
જીરે એહ સમે વહાલાજીને જોઈ,વહ્લભલાલ.
જીરે વારણાં લે સહુ કોઈ વહ્લભલાલ.
જીરે રંગ રંગ શ્રીઅંગે સંગ,વહ્લભલાલ.
જીરે રંગ છાહ્યો તે અંગો અંગ વહ્લભલાલ.૧૧.
જીરે રંગ રંગ તણા વહે પ્રવાહ,વહ્લભલાલ.
જીરે રંગ ભર્યા શ્રીવહ્લભ નાહ વહ્લભલાલ.
જીરે રંગ રંગ વાધ્યો અનંગ,વહ્લભલાલ.
જીરે રંગ રંગ સોહે શોભાસંગ વહ્લભલાલ.૧૨.
જીરે એ જોઈ સહુ ગાય, વહ્લભલાલ.
જીરે જન્મ્યા શ્રીગોકુલરાય વહ્લભલાલ.
જીરે ઠામ ઠામ એમ સોહાય,વહ્લભલાલ.
જીરે શોભા તે કહીય ન જાય વહ્લભલાલ.૧૩.
જીરે એણે સમે વાજીંત્ર વાજે,વહ્લભલાલ.
જીરે શ્રીગોકુલ સઘળું ગાજે વહ્લભલાલ.
જીરે એ જોઈ કીર્તન થાયે,વહ્લભલાલ.
જીરે ભગવદી મોદ ના માયે વહ્લભલાલ.૧૪.
જીરે ઠોરઠોર રહ્યા તે નિરખે,વહ્લભલાલ.
જીરે એ છબી જોઈ મન હરખે વહ્લભલાલ.
જીરે અભિજીત નક્ષત્ર સહુકાલ,વહ્લભલાલ.
જીરે પ્રગટ્યા શ્રીવહ્લભલાલ વહ્લભલાલ.૧૫.
જીરે એણે સમે જે જે કાંઈ માગે,વહ્લભલાલ.

જીરે આપી વલ્લભ રસે પાગે વલ્લભલાલ.
જીરે મોહનવર એ મોહક,વલ્લભલાલ.
જીરે રંગ ભર્યાં અતિ એ સોહક વલ્લભલાલ.૧૬.
જીરે એ સમે દેવ આકાશ, વલ્લભલાલ.
જીરે દુંદુભિ વજાડે હુલ્લાસ વલ્લભલાલ.
જીરે સુરવધૂ કરે પુષ્પ વૃષ્ટિ,વલ્લભલાલ.
જીરે ધન્ય ધન્ય કહે છે સૃષ્ટિ વલ્લભલાલ.૧૭.
જીરે એહ સમય આવ્યો અતિસાર,વલ્લભલાલ.
જીરે દશોદિશ હોય જયજયકાર વલ્લભલાલ.
જીરેએણી ભાંતે કરે છેઅભ્યંગ,વલ્લભલાલ.
જીરે કેસરે ભર્યા છે શ્રીઅંગ વલ્લભલાલ.૧૮.
જીરે ચરણામૃત લે છે ભાવે, વલ્લભલાલ.
જીરે રસિયા તે સહુ સોહાવે વલ્લભલાલ.
જીરે ભગવદી લે ભાવે પૂરા,વલ્લભલાલ.
જીરે એહો તણા મનોરથે સુરા વલ્લભલાલ.૧૯.
જીરે એક એકને આપે હાથ વલ્લભલાલ.
જીરે લેઈ મુખમાં ભરે માથ,વલ્લભલાલ.
જીરે કોઈ લે ભાજન તેભરી,વલ્લભલાલ.
જી રે કોઈ લે તેં રંગી વસ્ત્રકરી વલ્લભલાલ.૨૦.
જીરે ત્યારે વચન ભક્ત ભાખે,વલ્લભલાલ.
જીરે એ સમય આવ્યો અભિલાખે વલ્લભલાલ.
જીરે એણી ભાંતે વહાલોજી ન્હાય,વલ્લભલાલ.

જીરે સુંદર છબિ તે સોહાય વલ્લભલાલ.૨૧.
જીરે પછી તે ઉષ્ણોદકે કરી,વલ્લભલાલ.
જીરે જળ બેહુ કસેંડીયો ભરી વલ્લભલાલ.
જીરે નાહાયા તે નિત્યની બાંણ,વલ્લભલાલ.
જીરે જયેમ છે એહોને સોહાય વલ્લભલાલ.૨૨.
જીરે છેલ્લી કસેંડી શીષે ઢોળે,વલ્લભલાલ.
જીરે આશિષ દેઈ જયજય બોલે વલ્લભલાલ.
જીરે ચિરંજીવો માહારો એ નાથ,વલ્લભલાલ.
જીરે કીધાં છે એણે સમે સનાથ વલ્લભલાલ.૨૩.
જીરે નાહાઈ રહ્યા ભલી ભાંતે,વલ્લભલાલ.
જીરે ખવાસે થેલી રાખી ખાંતે વલ્લભલાલ.
જીરે અંગવસ્ત્ર લીધુ હસ્ત ધરી,વલ્લભલાલ.
જીરે લુહે મુખ વેગે શું કરી વલ્લભલાલ.૨૪.
જીરે પછે જુએ નેત્ર તે ખોલી,વલ્લભલાલ.
જીરે વચન કહે મધુરાં તે બોલી વલ્લભલાલ.
જીરે ત્યારે લુહે રુદીયાસ્થલ વારંવાર વલ્લભલાલ.
જીરે વાહાલો મારોસુંદરસાર વલ્લભલાલ.૨૫.
જીરે ઊકેલી લપેટે છે કેશ વલ્લભલાલ.
જીરે મસ્તકે બાંધે સુવેશ વલ્લભલાલ.
જીરે અંગ વસ્ત્ર બીજા લેઈ વેગ વલ્લભલાલ.
જીરે લુહે ગ્રીવા કરી ભેગ વલ્લભલાલ.૨૬.
જીરે પછી લુહે તે સર્વાંગે વલ્લભલાલ.

જીરે રસિક ભર્યા રસ રંગે વલ્લભલાલ.
જીરે ધોતી ઊપરેણો લીધો હાથવલ્લભલાલ.
જીરે રંગભર્યા શ્રીગોકુલનાથ વલ્લભલાલ.૨૭.
જીરે કેસર રંગે રસે ભર્યો વલ્લભલાલ.
જીરે ઊર ઉપર સ્પર્શ તે કર્યો વલ્લભલાલ.
જીરે સોંધે મેદે બહુ સણ્યો વલ્લભલાલ.
જીરે પહેરે વલ્લભવર એ બન્યોવલ્લભલાલ.૨૮.
જીરે અંગવસ્ત્ર મુકયાની શોભા વલ્લભલાલ.
જીરે ભકત નિરખે અતિ લોભાવલ્લભલાલ.
જીરે ધોતી ધરી કટિપર સોહે વલ્લભલાલ.
જીરે એ જોઈજોઈ સહુકો મોહેવલ્લભલાલ.૨૯.
જીરે ઊપરેણો ઓઢ્યો ચારેખૂંટવલ્લભલાલ.
જીરે ભકત રસ પીએભરી ઘૂંટ વલ્લભલાલ.
જીરે કેશ છુટા ત્યાંહાં લલકે વલ્લભલાલ.
જીરેપીઠ પર શ્યામ અતિ ચળકેવલ્લભલાલ.૩૦.
જીરે શોભા સોહે એ સુંદિરવરવલ્લભલાલ.
જીરે ધોતી ઊપરેણો સર્વોપરવલ્લભલાલ.
જીરે ધોતી ઊપરેણાની છબી વલ્લભલાલ.
જીરે કેશ સહિત રહી ફબી વલ્લભલાલ.૩૧.
જીરે ચોકી પર ઊભા છે ભૂપવલ્લભલાલ.
જીરે કયાંહાં લગી કહું એ સ્વરૂપ વલ્લભલાલ.
જીરે એ છબી દીઠે બની આવે વલ્લભલાલ.

જીરે મન મારૂં એ જોવા ધાવે વહ્લભલાલ.૩૨.
જીરે ઊભા જાુડો વાળે લાલ વહ્લભલાલ.
જીરે આનંદ રસિક રસાલ વહ્લભલાલ.
જીરે પછે આવી પીઢે તે બેઠા વહ્લભલાલ.
જીરે લટકતા હૈયડામાં પેઠા વહ્લભલાલ.૩૩.
જીરે બિરાજ્યાં છબી શું ત્યાંહાં વહ્લભલાલ.
જીરે ઉત્સાહ ઉછલિત ઊરમાંહાં વહ્લભલાલ.
જીરે બેસીને વિધિ સહુ કીધી વહ્લભલાલ.
પ્ર.૫. જીરે મુદ્રિકા કર ધરી લીધી વહ્લભલાલ.૩૪.
જીરે વેગે વેગે આચમન કીધાં વહ્લભલાલ.
જીરે લટકેશું મહા દાન દીધાં વહ્લભલાલ.
જીરે હસ્ત માંહે હેમ સીપલીધીવહ્લભલાલ.
જીરે ફૂલ્પની ફૂલ સિદ્ધ કીધી વહ્લભલાલ.૩૫.
જીરે ચંદન કેસરે ભર્યું વહ્લભલાલ.
જીરે તે લેઈ બુંદ જલ ધર્યું વહ્લભલાલ.
જીરે અંગુલીદલે તે સમારી વહ્લભલાલ.
જીરે તિલક કરે છબી ન્યારી વહ્લભલાલ.૩૬.
જીરે તિલક કપોલે સોહાવ્યું વહ્લભલાલ.
જીરે ભકતને મન અતિ ભાવ્યું વહ્લભલાલ.
જીરે ઝળકતું ભકત સોહાગવહ્લભલાલ.
જીરે એ જોઈ વાધ્યો અનુરાગવહ્લભલાલ.૩૭.
જીરે શ્રવણે છે લલકતાં મોતીવહ્લભલાલ.

જીરે તે જાુએ પરમ પનોતી વલ્લભલાલ.
જીરે એહ સમે ભૂષણ ધરાવે વલ્લભલાલ.
જીરે ભકત ઊભા છે એકેભાવે વલ્લભલાલ.૩૮.
જીરે શ્રીમુખ ચારુ નિહાળે વલ્લભલાલ.
જીરેરંગ ભર્યા વહાલાજીને ભાળેવલ્લભલાલ.
જીરે મુકતા તણી સુંદરમાલ વલ્લભલાલ.
જીરે પહેરાવે ભકત રસાલ વલ્લભલાલ. ૩૯.
જીરે સાંકળી પદક છે સંગે વલ્લભલાલ.
જીરે   કંઠે   ધરાવે મન રંગે વલ્લભલાલ.
જીરે માળા કનક ભાંતભાંત વલ્લભલાલ.
જીરે આરોપે ગ્રીવા કરી ખાંતવલ્લભલાલ.૪૦.
જીરે અને વળી ભૂષણ તે બહુવલ્લભલાલ
જીરે જડાવના સોહે છે સહુવલ્લભલાલ.
જીરે મુદ્રિકા અનેક પ્રકાર વલ્લભલાલ.
જીરે હીરા માણેક જડી સાર વલ્લભલાલ. ૪૧.
જીરે સમર્પે શ્રીહસ્તમાહાં વલ્લભલાલ.
જીરે નિજ કર ધરે વેગે ત્યાંહાં વલ્લભલાલ.
જીરે તુલસી નૌતન માલ ધરાવે વલ્લભલાલ
જીરે ગુંજા સુંદર તે પહેરાવે વલ્લભલાલ.૪૨.
જીરે ભૂષણ ચળકે   શ્રીઅંગ વલ્લભલાલ
જીરે ઝાંઈ પડે કેસર સંગ વલ્લભલાલ.
જીરે ભકતનાં બહુ રાખ્યાં માનવલ્લભલાલ

જીરે ઊભા થયા આપી બહુદાન વલ્લભલાલ.
જીરે પામરી જોટો ઓઢ્યો શ્રીઅંગે વલ્લભલાલ.
જીરે છાપેલ ઝલકતો રંગે વલ્લભલાલ.
જીરે સુંદર વર પોધારે વલ્લભલાલ.
જીરે ભકત નિરખે ઊભા હારે વલ્લભલાલ.૪૪.
જીરે જયજયકાર એ સમય સોહાએ વલ્લભલાલ.
જીરે વરજીને જોઈ ઊરલાએ વલ્લભલાલ.
જીરે ચાલતા સોહે શ્રીવલ્લભવરવલ્લભલાલ.
જીરે રસ ચાલે અતિ ઘર ઘરવલ્લભલાલ.૪૫.
જીરે તેહ કરે સુંદરી પાન વલ્લભલાલ.
જીરે શોભાનું શું કહું માન વલ્લભલાલ.
જીરે એ સમે ગાયે છે રસબાલવલ્લભલાલ.
જીરેપામ્યા શ્રીવલ્લભવરલાલવલ્લભલાલ.૪૬.
જીરે એ ઘડી આવી છે ધન્ય વલ્લભલાલ.
જીરે મનોરથ થયા સહુ સંપન્ન વલ્લભલાલ.
જીરે લટકતી ચાલે પોધારે વલ્લભલાલ.
જીરે ભકત આપોપું ઓવારે વલ્લભલાલ.૪૭.
જીરે ન્યોછાવરી કરી નાખે વલ્લભલાલ.
જીરે જય જય તે એ સમે દાખે વલ્લભલાલ.
જીરે ભીતર પોહોચ્યાા તે વેગે વલ્લભલાલ.
જીરે ભકત સંગે સહુ ભેગે વલ્લભલાલ. ૪૮.
જીરે રસિક સુંદરવર સોહાતા વલ્લભલાલ.

જીરે જઈ બેઠા તિબારીમાં પોહોંતા વલ્લભલાલ.
જીરે નાથજી ફૂલ્યાં મનમાંહાં વલ્લભલાલ.
જીરે બિરાજ્યા શ્રીવલ્લભવર ત્યાંહાં વલ્લભલાલ.
જીરે ભાવ બહુ મનમાંહાં રસ શોચેવલ્લભલાલ.
જીરે ભક્તને અર્થે અતિ લોચેવલ્લભલાલ.
જીરે બેઠા સોહે વરરાયે વલ્લભલાલ.
જીરે વલ્લભદાસ એ જશ ગાએવલ્લભલાલ.૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું અગીયારમું માંગલ્ય સંપૂર્ણ

=================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
॥શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ ॥

માંગલ્ય—૧૨.

(રાગઃ જીરે ગોકુલેશવર જીવન ધન એ છે આપણું સર્વસ્વ એહ)

જીરે રસિક સુંદર માંગલ્યવર,
માંગલ્ય માંગલ્ય રે સર્વત્ર છે આજ.
સ્વરૂપ માહા રસમઈ..
જીરે માંગલ્ય માંગલ્ય અભિનવો,
માંગલ્ય પ્રગટ્યા રે શ્રીમહારાજ. સ્વરૂપ. ૧.
જીરે સંવત સોલ આઠો તરો,
વાહાલો પ્રગટ્યા રે આપ્યાં બહુદાન. સ્વરૂપ..
જીરે માગસીર માસ રળીયામણો,
સુદી સાતમ રે છે સ્વરૂપ સમાન. સ્વરૂપ. ૨.

જીરે શ્રી વિઠ્ઠલજીનો લાડીલો,
પરમાનંદ રે એહ છે ભકત શૃંગાર. સ્વરૂપ. .
જીરે રુક્મણિલાલ સર્વસ્વ ધન ,
એ પ્રગટ્યા રે સારનું સાર. સ્વરૂપ. ૩.
જીરે વરસગાંઠ માહાપ્રભુ તણી,
એ ઉત્સવ રે સર્વોપર ભૂપ. સ્વરૂપ. .
જીરે પ્રાગટ્ય હવું તે અદભુત,
શ્રી ગોકુલેશ રે માહા રસિક સ્વરૂપ. ૪.
જીરે અગ્યાર માંગલ્યે કરી કહ્યું,
માંગલ્ય માંગલ્ય રે એ ભર્યા રસરૂપ. સ્વરૂપ. .
જીરે માહા ઉત્સવ એ સુખદ ઘણું,
કહેસું ઉત્સાહ રે અતિ અનૂપ. સ્વરૂપ. ૫.
જીરે બારમા માંગલ્યે વલ્લભ વર,
બેઠા સોહે રે જીવન આધાર. સ્વરૂપ..
જીરે માંગલ્ય સ્નાન તે કરી અને,
ભર્યા કેસરે સર્વાંગે અપાર. સ્વરૂપ. ૬.
જીરે ધોતી ઊપરેણો તે કેસરી,
સાંધે ભર્યો રે તે અતિ સુરંગ. સ્વરૂપ..
જીરે શ્રીઅંગે પહેર્યો અતિ સોહે,
શોભા પ્રગટી રે મલી શ્રીઅંગ સંગ. સ્વરૂપ. ૭.
જીરે કેસર તિલક સોહાગનું,
તે ઝલકે રે એ ભકત સોહાગ. સ્વરૂપ..

જીરે ઝલકે છે સર્વોપર રાજતું,
બેહુ રેખા રે કેસરી અનુરાગ. સ્વરૂપ.૮.
જીરે મસ્તકે સોહે અંબોડલો,
સોહે ઝલકતો રે તે પીઠે રસાલ. સ્વરૂપ..
જીરે શ્રીકંઠે ભૂષણ અતિ સોહે,
ઊર પર રે ત્યાંહાં મુકતાની માલ. સ્વરૂપ.૯.
જીરે તુલસી માલા નૌતન ધરી,
ભરી કેસર રે સોહે ઘણું લાલ. સ્વરૂપ..
જીરે ગુંજા ને ભૂષણ બહુ ધર્યાં,
તે નિરખે રે ત્યાંહાં રસભરી બાલ. સ્વરૂપ.૧૦.
જીરે કર્ણે ધર્યાં ગજ મોતીનાં,
એ આભરણ રે સોહે મધ્યે લાલ. સ્વરૂપ..
જીરે ઝાંઈ પડે શ્રીમુખ પર ,
આવી સ્પર્શે રે જ્યાંહાં નેત્ર રસાલ. સ્વરૂપ.૧૧.
જીરે નેત્ર વિશાલ શું ચિત્ત હરે,
અંગ અંગે રે વાધે રસપૂર. સ્વરૂપ..
જીરે શ્રીમુખ કમલ સીતલ કરે,
રોમ રોમે રે વાધે અતિ સૂર. સ્વરૂપ.૧૨.
જીરે નાસિકા ચંપક વરણ છે,
તે રાજે રે લેવા રસનો પરાગ. સ્વરૂપ..
જીરે ગલ્લ સ્થલથી ઠોડી તલે,
મુછે પ્રગટ્યો રે ત્યાંહાં અતિ અનુરાગ.સ્વરૂપ.૧૩.

જીરે દંતપાંત દાડમ કળી
તેમાંહા ઝાંઈ રે સોહે અતિ ઘણું લાલ. સ્વરૂપ..
જીરે અમૃત ભર્યું અતિ જીભ્યાએ,
તે બોલે રે ત્યાંહાં વચન રસાલ. સ્વરૂપ.૧૪.
જીરે અધર લાલ બેહુ રસ ભર્યાં,
રસ લેવાને રે જુએ રસ બાલ. સ્વરૂપ..
જીરે ભુજાદંડ સોહે ઉર સંગે ,
મલી લલકે રે ભૂષણ રસાલ. સ્વરૂપ.૧૫.
જીરે પીઠ પણાલીએ રે ચહુ દીસે,
આગલપાછલ રે શોભા કહીય ન જાએ.સ્વરૂપ..
જીરે ઉદર સરોવર કટિ જંઘા,
એ સ્થલને રે જૂએ મન ભાએ. સ્વરૂપ.૧૬.
જીરે એ સ્થલે રસ ઊદબોધક,
ત્યાંહાં સોહે રે મધુર પૂરણ કામ. સ્વરૂપ..
જીરે મનોરથ પૂરે એ નિત્ય નવા,
સદા સર્વદા રે રસ ભરીયો વામ. સ્વરૂપ.૧૭.
જીરે એહ સ્થલેથી શ્રીચરણ લગી,
રસ વાધતો રે પ્રતિ ક્ષણું ક્ષણું એહ. સ્વરૂપ..
જીરે જેમ જેમ ભાવ સુંદરી તણાં,
પૂરણ કરે રે નિત્ય નવા તેહ. સ્વરૂપ.૧૮.
જીરે શ્રી ચરણાર્વિંદ ભકતને,
આપી રહ્યા રે વાહાલો સર્વસ ધન.સ્વરૂપ..

જીરે એણી ભાંતે નાહ્વા સમે,
કીધા મનોરથ રે સહુનાં સંપન્ન. સ્વરૂપ.૧૯.
જીરે એ કહીયને બીજા શું કહીયે ,
નખશીખ લગી રે રસિયો મારો નાથ સ્વરૂપ..
જીરે ધોતી ઊપરણો આછા દીયો,
એ માંહાં થકી રે સહુ નિરખે સાથ.સ્વરૂપ. ૨૦.
જીરે આનંદ પરમાનંદ ભર્યા,
બેઠા સોહે રે તિબારી તે માંહાં.સ્વરૂપ..
જીરે દૂર થકાં સુંદરીજુથ જુએ,
બેઠા કો લેરે લાગી પ્રભુ ત્યાંહાં. સ્વરૂપ.૨૧.
જીરે ભાવ તે મનમાંહાં સોચતા,
એ લોચતા રે બેઠા ભકતને કાજ.સ્વરૂપ..
જીરે તેહ સમય શોભા શોભા થઈ,
ફરે આગલ રે પાછલ મહારાજ. સ્વરૂપ. ૨૨.
જીરે એહ સમયે વાજીંત્ર ગડગડે,
તેણે ગાજે રે શ્રી ગોકુલ ગામ. સ્વરૂપ..
જીરે મંદીર શ્રી નાથજી અને,
સમાર્યા રે રૂચી કરી સહુ ધામ. સ્વરૂપ.૨૩.
જીરે શ્રી બેઠકથી મંદીર લગી,
રોપ્યા કદલી રે ત્યાંહાં ખંભના રોપ. સ્વરૂપ..
જીરે તોરણ બાંધ્યા તે અતિ ઘણા,
હાથા દીધા રે તેહની શી કહું ઓપ. સ્વરૂપ.૨૪.

જીરે મંડપ છાયો તે ચોક માંહાં,
બેહુ ઠોર રે તે કરી કરી ખાંત્ય. સ્વરૂપ..
જીરે શ્રીનાથજીને મંદીર પરે,
બહુ છાયા રે મંડપ ભલી ભાંન્ત. સ્વરૂપ.૨૫.
જીરે છજા અટારીને ઉપર સોહે,
ત્યાંહાં બેઠા રે સોહે ભકતની પાન્ત. સ્વરૂપ..
જીરે સર્વાંગે ભૂષણ ધર્યાં,
સાડી ચોલી રે લહેંગા બહુ ભાન્ત. સ્વરૂપ.૨૬.
જીરે નયણે તે કાજલ અતિ ભર્યાં,
તે મુખડાં રે સોહીયે છે અનૂપ. સ્વરૂપ..
જીરે નકવેસર બહુ ભાંત્યનાં,
અંગ અંગે રે ભૂષણ રસ રૂપ. સ્વરૂપ.૨૭.
જીરે એકથી એક સુંદર ઘણું,
કપોલે રે પીયર અતિ સોહે. સ્વરૂપ..
જીરે પગ પીલ્યા કુમકુમે કરી,
તે જોઈ વલ્લભ રે અતિ મોહે. સ્વરૂપ.૨૮.
જીરે શીખથી નખ લગી એહ કહું,
માંગલ્ય રે ભરીયા સહુ અંગ. સ્વરૂપ..
જીરે ભગવદી સોહે સમાજસું,
વાગા પહેર્યા રે સોહે નવ નવ રંગ. સ્વરૂપ.૨૯.
જીરે પાગ તે શીષે લટકી રહી,
ટેઢી સોહે રે ત્યાંહાં મુખ પર તેહ. સ્વરૂપ..

જીરે કર્ણે તે મુક્તા સોહીએ,
તે સોહે રે સુંદર ઘણું એહ. સ્વરૂપ.૩૦.
જીરે તિલક કપોલે કુમ કુમ કર્યા,
તે ઉપર રે અક્ષત ધર્યા સંગ. સ્વરૂપ..
જીરે મુખડાં સોહીયે મહારસ ભર્યાં,
ભાવે ભરીયા રે વહાલાજી ને સંગ. સ્વરૂપ.૩૧.
જીરે ચોલણાં સોહે કટાવનાં,
ધોતી છીરકી રે પેહેરી સોહે અંગ. સ્વરૂપ..
જીરે ઉપરણો પટકા કટિ પર,
તે બાંધ્યા રે ત્યાંહાં કસીયને સંગ. સ્વરૂપ.૩૨.
જીરે પામરી રંગ રંગ ભાંતની,
જોડા ઓઢ્યા રે ઉપર સોહે અંગ. સ્વરૂપ..
જીરે નખ શીખ અંગ શોભા ભર્યાં,
એહોને સોહીએ રે માહા અલૌકિક રંગ.સ્વરૂપ.૩૩.
જીરે એણીય ભાંતે મંડપ રચ્યો,
છજા ઉપર રે બાંધી બંદન વાર. સ્વરૂપ..
જીરે ચોકમાંહાં બહુ સમાજ છે,
બરાતી રે આવ્યા અતિસાર. સ્વરૂપ.૩૪.
જીરે વિવાહ અલૌકિક પ્રભુ તણાએ,
પ્રભુ વરસે રે આજ સ્વકીય સમાજ. સ્વરૂપ..
જીરે પ્રથમ તે ચોક પૂરી કર્યા,
આણી ધરીઆરે ત્યાંહાં માંગલ્ય સાજ.સ્વરૂપ.૩૫.

જીરે કેસર ચંદન છાંટણાં,
ચોક પૂર્યા રે મોતીડે હુલ્લાસ. સ્વરૂપ..
જીરે તેહ ઉપર ચોખા તણા,
પૂર્યા આગલ રે આસનને પાસ. સ્વરૂપ.૩૬.
જીરે હવે કહીએ આસન જેહ,
માર્કંડે રે પૂજાને કાજ. સ્વરૂપ..
જીરે ચૌદ લોક ઉપર ગાજે,
એ આસન રે અવિચલ મહારાજ. સ્વરૂપ.૩૭.
જીરે ભકતના ભાવે આસન રચ્યું,
તે ઉપર રે જડીયો બહુ સમાજ. સ્વરૂપ..
જીરે મનોરથ રૂપી હીરા જડયા,
ત્યાંહાં ઊર તણી રે માણેકની પાંત. સ્વરૂપ.૩૮.
જીરે અનુરાગરૂપી કુન્દને કરી,
મધ્ય નાયક રે જડ્યો ભકતનો ભાવ સ્વરૂપ..
જીરે આસપાસ મન ભકતનાં ,
ત્યાંહાં જડીઆ રે નેહે કરી ચાવ. સ્વરૂપ.૩૯.
જીરે નેત્રનો રસમાંહે ભેલી અને,
ત્યાંહાં જડીયા રે સુંદરીઓનાં ચીત્ર. સ્વરૂપ..
જીરે એહવે સ્વરૂપ આસન ધર્યું,
ત્યાંહાં સર્વસ્વ રે સોંપીયને ચીત્ત. સ્વરૂપ.૪૦.
જીરે એણી ભાન્તે એ ભાવનું,
કર્યું આસન રે રતન મઈ સાર. સ્વરૂપ..

જીરે એ જોઈ પરમ આનંદ હવો,
ચોહો પાસે ચાલે રે રસની ધાર. સ્વરૂપ.૪૧.
જીરે પ્રગટ ઉદ્યોત રજત પીઢા,
માહા ઉત્સવ રે અધિક વિક્ષાત. સ્વરૂપ..
જીરે ગાદીય કોમલ મખમલી,
ત્યાંહાં બેસસે રે વાહાલો સાક્ષાત. સ્વરૂપ.૪૨.
જીરે તે ઉપર ચીર બિછાવીયાં,
દક્ષિણ તણાં રે તે આણ્યાં અમોલ. સ્વરૂપ..
જીરે માંગલ્ય કલશ આણી ધર્યાં,
સુંદરીએ રે ત્યાંહાં નેત્રે અલોલ. સ્વરૂપ.૪૩.
જીરે રાજભોગ આવ્યો એ સમે,
શ્રી નાથજી રે ફુલ્યાં મન માંહાં. સ્વરૂપ..
જીરે ભોગ્યતા ભોગ વલ્લભવર,
આરોગે રે સહુ ધરીયું છે ત્યાંહાં. સ્વરૂપ.૪૪.
જીરે સખડી પાક તે બહુ ધર્યાં,
પકવાન છે રે તેહ તણો નહીં પાર. સ્વરૂપ,.
જીરે જલેબી સહુને ઉપર રાજે,
માહા ઉત્સવે રે એ પરમ શ્રૃંગાર. સ્વરૂપ.૪૫.
જીરે રાજભોગ માહા ભોગ એ,
સમર્પ્યો રે પ્રાગટ્ય સમે એહ. સ્વરૂપ..
જીરે વાત્સલ્ય અર્થે માંગલ્યઅર્થે,
તે આરોગે રે પ્રભુજી ભર્યા નેહ. સ્વરૂપ.૪૬.

જીરે ધોલ ગાયે ઠામ ઠામથી,
તે ઉમગ્યાં રે ફુલ્યાં નર નાર. સ્વરૂપ..
જીરે કાન પડયું સુણીએ નહીં,
દેખાડે રે ત્યાંહાં કરી અનુહાર. સ્વરૂપ.૪૭.
જીરે એહ સમયે કીર્તન બહુ હોયે,
પ્રભુ બેઠા રે તિબારી માંહાં. સ્વરૂપ..
જીરે ગાયે નાચે મલી છંદસું,
કીર્તનીયા રે આવ્યા બહુ ત્યાંહાં. સ્વરૂપ.૪૮.
જીરે વાજીંત્ર તાલ તંબુરો તે,
સંગે વાગે રે મૃદંગસું ચંગ. સ્વરૂપ..
જીરે નૃત્ય કરે આપ આપથી,
એણી ભાન્તે રે કીર્તનીયા ઉમંગ. સ્વરૂપ.૪૯.
જીરે હવે કહેસું આગલ રસ
જે થાસે રે આરતી નિજ ઘેર. સ્વરૂપ..
જીરે વલ્લભદાસનો મનોરથ,
પ્રભુ કરશે રે પૂરણ ભલી પેર. સ્વરૂપ. ૫૦..

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસગ્રંથનું બારમું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૩.

માંગલ્ય માંગલ્ય આજ એ, શ્રીવલ્લભવર સુખદાઈ,
માંગલ્ય તણે મનોરથે, બેઠા માહા રસરાઈ ૧.
ભકત તણા જે ભાવ રાખ્યા, ઉરમાહાં સચીઅ,
એણે સમય એકે ભાવે,સૃષ્ટિ અપરમીત મચીય ૨.
તે કહ્યું માંગલ્ય બારે, ઉત્સાહે ભલીઅ,
મહા પ્રભુજી નાહી પોધાર્યા, તે મનની અતિ રલી ૩.
તેહ સમયનું સ્વરૂપ સંક્ષેપે, લખી જણાવ્યું,
ગાતા સુણતાં એહ, અનુભવીને ચિત્ત આવ્યું ૪.
હવે કહીશું તેરમે માંગલ્યે,માંગલ્ય પરમ અનૂપ,
મહા પ્રભુ કરશે દાન એ, શ્રી ગોકુલનો ભૂપ ૫.
શ્રીજીને ઘેર આનંદ, પરમાનંદ માહારંગે,
પારવતી શ્રી વહુશ્રી, ફુલ્યા અંગો અંગ ૬.
રાયજી સંગે લાલજી , બાલક ચિત્તમાં હરખે,
એહો પર શ્રીપ્રભુજી સદા,સુદ્રષ્ટે કરી અને વરખે ૭.
ફુલ્યા વહુ બેટી સહુ, કુલ વધૂ મહેલી લાજ,
આવ્યા કરી સૃંગાર, વ્હાલાજીને આરતીકાજે ૮.
શિષે ન્હાઈ ઉવટણાં, કીધા અતિ મન રંગે,
ચોટી સમારી વિધિસું, ફૂંદણાં લટકે સંગે ૯.
મોતીએ માંગ સમારી, દુલરી સુંદર રૂપ,

સિંદુર ભરી તે સોહે, આગલ વેણી અનૂપ ૧૦.
તે ઉપર ભૂષણ, દક્ષિણા ધર્યા કોડે,
શિષફૂલ વચ્ચે આગલ, કરીને રાખ્યા જોડે ૧૧.
નેત્ર વિશાલ રસિક માહા, જુએ વાલી વાલી,
અંજન રેખા શ્યામએ, સુંદર પરમ રસાલી ૧૨.
મુખ પર વેસરી, નાકે બે મોતીનું સાર,
મધ્ય નાયક મધ્ય લાલ,જડયું તે શોભા અપાર ૧૩.
મુખમાંહાં ભર્યા તંબોલ, અધર બેહુ રસનું રૂપ,
ગંડસ્થલથી નિચે ભૂષણ ધર્યા અનૂપ ૧૪.
આનન પરની શોભા તે, કયાંહાં લગી કહિયે,
મસ્તકે ચાંદલા સુંદર, રંગ રંગ ભાંતના લહિયે૧૫.
શ્રીકણે ટેઢી ઝાલ ઝલકતી, હીરા સંગ અનૂપ,
દાંમણી બેહુ લરની, કપોલે કોટી અનંગ ૧૬.
ભૂષણ કંઠે છોટા પોત મધ્યે પાંદડી નીચે,
મોહનમાલા દુલરી, તીલરી રસમાંહાં સીંચે ૧૭.
છોટા મોટા હીરા હાર, જડ્યા મધ્ય ચોકી નંગ,
મોતીના ભૂષણ બહુ , પહેર્યા મનને રંગ ૧૮.
હાથે ચૂડી કંકણ, સોહે વ્રજની રીતે,
ચુડો નૌતન પહેર્યો, માંગલ્ય ઉત્સવ પ્રીતે૧૯.
હસ્ત કમલ અંગુલી દલે,વીંટી ત્યાં બહું પહેરી
આરસી અંગુષ્ટ વચ્ચે,પ્રગટી શોભા અતિ ગહેરી,૨૦.
હાથે મહેદી સોહે, નખમણી સુંદર રાજે,

એહ્વે સ્વરૂપેઆવ્યા, આરતી કરવા કાજે ૨૧.
જેહર પાયલ પગમાંહાં, વાજતાં પહેર્યાં સોહે,
માહાવર ચરણે ભર્યા, દેખી રસિકજન મોહે ૨૨.
નખથી શીખ પર્યંત, એહના સુંદર રૂપ,
મહા પ્રભુજી નું દાન, એહોને પરમ અનૂપ ૨૩.
પહેર્યાં ચીર સાડીઓ, રંગ રંગ અંગે ચલકે,
કનક રજતના છાપ્યાં, છેડો ઉલટો ઝલકે ૨૪.
ચોલી લહેંગા સુંદર, ભાંતે પહેરીઆ અંગ,
ઉપર ઓઢી ચાદર ભાંત ભાંતની સંગ ૨૫.
એહ્વા અનેક ભાંતસું, કીધા બહું સૃંગાર,
મહા પ્રભુજીને કરવા, આરતી લાવ્યા સાર ૨૬.
પાસે ઊભા ઘેરી તેણે, સમય શ્રીમુખ જોઈ,
આપોપું તે ઓવારે, ઉત્સાહે સહુ કોઈ ૨૭.
શ્રીમંદિરની તિબારીએ, ભકત રસિક ત્યાંહાં ઊભા,
મનમાં અનેક વિચાર કરે, છે રસમાં લોભ્યા ૨૮.
એકે ભાવે આજ એ, વહુ બેટી સહુ સંગ,
ભકત તણો જે ભાવ, તે ઉપજ્યો એહોને અંગ ૨૯.
તેણે સમે ત્યાંહાં ઊભા, ઉત્સાહે એકત્ર થઈ,
ભેલ સેલ સહુ કીધું, ભાવે થયા રસમય ૩૦.
હસતા હસતા આવ્યા, રાયર્િ પ્રભુની પાસે,
વિનતી કરે વહાલાને, પુરણ રસની આસે ૩૧.
સમય થયોજી ઉઠીએ, વેગા શ્રીમહારાજ,

રાજભોગ સરાવાને, માંગલ્ય કીધા કાજ ૩૨.
ભોગ સરાવી ઊભા, દ્વારે મારો નાથ,
આરતી મુખ પર વારે, જુએ સઘલો સાથ ૩૩.
અનોસર કરી બાહિર, ઊભા આવી સોહે,
અટકીને ત્યાંહાં ભીંતે, સુંદરીના મન મોહે ૩૪.
ઊભા ઊભા ડોલે, વહાલોજી ભીંતે લાગી,
સ્વરૂપ ઝલકતું તેજે, શોભા રસમાંહાં પાગી ૩૫.
પુત્ર તણો જે સ્નેહ, વહાલોજી ઉરમાં રાખે,
વિનતી કરે રાયજી , વચન રસિલા દાખે ૩૬.
મોહનભાઈજી ઊભા છે, તે રસમાંહાં ભરીયા,
વિનતી કરે છે રાજને,સ્વકીય સંગે પરવરીયા ૩૭.
ધોતી ઉપરેણો કેસરી, રંગ ઘણો સમાર્યો,
સોંધે મેદે સણ્યો તે, એહનો ભાવ છે ન્યારો ૩૮.
સુણી તતખેવ બોલ્યા, મહાપ્રભુ એહોસું પ્રીતે,
મોહનભાઈ ઉપર, પ્રસન્ન સદા રસ રીતે ૩૯.
માંગી લીધો તોડો, શ્રીહસ્તે પોતે ધરીયા,
ઉર પર પરસી તે પહેર્યો ભાવે ભરીયા ૪૦.
કનક છાપે એ છાપ્યા, તેજમાં અતિ ઘણું ઝલકે,
શ્રીઅંગે પહેરીયા સોહે શોભા કોટિક ચલકે ૪૧.
પોધાર્યા વહાલોજી , મંડપ ચોક સોહે,
લટકતા આવ્યા વેગે, સૃષ્ટિ જોઈ જોઈ મોહે, ૪૨.
આવી બેઠા આસન, ઉપર માહારો નાથ,

જય જયકાર કરે છે, દસે દીશા સઘલો સાથ ૪૩.
તેણે સમે ત્યાંહાં આવ્યા, કુલવધુ વહાલા પાસ,
આરતી કરમાંહાં લેઈ, મનમાંહાં અતિ હુલ્લાસ૪૪.
શ્રીમુખ ઉપર જ્યોત તે, તેજમાં ત્રિભુવન મોહે,
કનક થાલ અલૌકિક, તેમાં દીપક સોહે ૪૫.
સ્નેહ સહિત ઘૃતે ભરી, અને બાતી ઉપર ધરી,
નેત્ર રૂપી રસ જ્યોતિ, પ્રગટ તે લાવ્યા કરી ૪૬.
પ્રભુના નેત્ર એ રસ ભર્યા, તે માંહાં જે ભલી,
પરસ્પર મન વાંછિત, પોંહોંચી મનની રલી ૪૭.
અક્ષત રોરી બીડા દ્રવ્ય, એ ભાવે તે ભરીઆ,
કનક ફૂલ સંગ હાર તહાં, પીઠી મોતી ધર્યા ૪૮.
શ્રી રુક્મણિજીએ કીધી આરતી,પ્રગટસમય તેહ,
તેહ સમય એ આવ્યો, લેખને ન આવે કયેમ ૪૯.
પારવતી શ્રીવહુજી એહ ઉત્સાહ અંગ ન માયે,
વલ્લભદાસ છબી નિરખે આરતી સંગ સોહાયે ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું તેરમું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૪.

(મંગલ ધોળ ૧)

રાગ :– આવો રે ગોરી રે આવો શામળી

શ્રીગોકુલેશ આનંદમઈ,
માંગલ્ય સ્વરૂપ મહારાજજી
આનંદ પરમાનંદ એહ,
માંગલ્ય સ્વકીય સમાજજી ૧.
પ્રાગટ્ય હવું પુરૂષોત્તમ,
સરીયાં છે સહુનાં કાજજી
માંગલ્ય પરમ સર્વોપર,
માંગલ્ય માંગલ્ય આજજી ૨.
માંગલ્ય માંગલ્ય ત્રિભોવને,
ચૌદ લોકમાંહાં એ સોહાયેજી
પરમ માંગલ્ય હવો દશોદિસે,
મનોરથ કરે મનભાયેજી ૩.
માંગલ્ય તેરે માંગલ્ય રસ,
કહીને આવ્યા મહાસારજી
મહા પ્રભુજી આવીને બેઠા એ,
રસ ભર્યા પ્રાણઆધારજી ૪.
કહેસું હવે જે આગલ,

રસ ઉછલીત અંગ ન માયજી;
સાત દ્વીપ નવ ખંડમાં,
શોભા તે કહીય ન જાયજી ૫.
વ્રજમંડલ સર્વત્ર એ માંગલ્ય,
માંગલ્ય માંગલ્ય થાયેજી
દેવ લોકમાંહાં સુરવધૂ,
આનંદે માંગલ્ય ગાયેજી ૬.
પુષ્પ વૃષ્ટિ ત્યાંહાં થકી કરે,
ફૂલ્યાં એ મલીયને સાથજી
ધન્ય ધન્ય કહે સોભાગિયા,
પામ્યા શ્રી વલ્લભવર નાથજી ૭.
ભાગ્ય સરાહે તે એહો તણાં,
ધન્ય ધન્ય પરમ સોહાગીજી ;
ભકત રસિકને સહરાઈને,
વાધ્યો અનુરાગજી ૮.
શ્રી નાથજી ને મંદિરે,
સુંદર શોભા અનુપજી
રત્નમય આસન શોભીયે,
પીઢો રજત રસરૂપજી ૯.
ત્યાંહાં આવી વરજી બિરાજીયા,
શ્રી રુક્મણિજી નો લાલજી
ચહું પાસે ભકત ઘેરી રહ્યાં,

સુંદરી રસિક રસાલજી ૧૦.
માંગલ્ય માંગલ્ય માંગલ્ય,
ચૌદ માંગલ્યે એહ લખીએજી;
સૃષ્ટિ અપરમીત એહ સમે,
વર્ણન કેમ કરી શકીએજી ૧૧.
જ્યાહાં ત્યાંહાં માંગલ્ય માંગલ્ય,
ઠામ ઠામ થકી ગાએજી
ભકત સમાજ આનંદ મય,
ઉત્સાહ ઉચ્છલિત ન માયેજી ૧૨.
નિરખે ફરી ફરી વહાલાને,
ભીડ તણો નહીં પારજી
આનંદ આનંદ થઈ રહ્યો,
સર્વત્ર રસ તણી ધારજી ૧૩.
શ્રી વિઠ્ઠલજીનો લાડીલો,
શ્રીવલ્લભવર સુકુમારજી
ચોકમાંહાં બેઠા આસન પર,
રસિક એ પરમ ઉદારજી ૧૪.
તેણે સમે ત્યાંહાં આવીયો,
અંગવદ સ્વકીય સમાજજી
શૃંગાર કર્યાં નખશીખ થકી,
પ્રફુલ્લિત થઈ એ આજજી ૧૫.
માંગલ્ય આરતી કરવાને,

આવ્યાં એ રસભર્યા બાલજી
મનોરથ બહુ એ રસે ભર્યા,
રસિયા એ આગે રસાલજી ૧૬.
શીષે ફૂલેલ લગાવી ન્હાઈને,
રસમાંહાં એ ભર્યાજી ;
ચોટી સમારી અનુપમ,
ભૂષણ બહુ તે ધરીયાંજી ૧૭.
શીષફૂલ વચ્ચે શોભિયે,
લટકતી ચમરી કટિ રાજેજી;
સોંધો સુગંધ ભર્યા બહું,
ચુચુતાં રસમાંહાં અતિ ભ્રાજેજી ૧૮.
અંજન રેખ નયણે ધરી,
વહાલાને નિરખવા કાજજી;
અગણિત રસે અવિલોકીને,
રસ માંહાં સિંચે મહારાજજી ૧૯.
મોટી ઝાલ્ય જડાવની ટેઢી,
કરણે ધર્યા સોહેજી;
નકવેસર બહુ ભાંતની,
શ્રીવલ્લભવર મન મોહેજી ૨૦.
ભૂષણ કંઠે ધરીયાં બહુ,
કરમાંહાં કંકણ સંગજી ;
નૌતન ચૂડો સોહાગનો,

પહેર્યો માંગલ્ય એ રંગજી ૨૧.
મોતીના ભૂષણ બહું ધર્યા,
માણિક હીરા નંગ પાંતસુંજી ;
સર્વાંગે અતિ ઝલકતાં,
પહેર્યાં તે કરી કરી ખાંતજી ૨૨.
પગમાંહાં નેપૂર વાજતા,
શોભા તે કહીય ન જાયજી ;
મહા રસ રસિક શિરોમણિ,
રસ માંહે મગ્ન તે થાયજી ૨૩.
શીખથી નખ લગી સુંદરી,
રસભરી ભૂષણ સારજી;
ચોલીયો લહેંગા સુંદર ધર્યા,
છાપેલ સાડી રસધારજી ૨૪.
ઉપર ઓઢી છે પામરી,
ઝલકતી ચલકતી અંગજી ;
તિલક કપોલે કુમકુમ તણા,
સોહાગ અવિચલ રંગજી ૨૫.
એણી ભાંતે આવ્યા મલી,
સુંદરી વરજી પાસજી ;
અંગ અંગ પરમ આનંદમઈ,
ફૂલ્યા એ રસની રાસજી ૨૬.
માંગલ્ય કલશ આગલ ધર્યાં,

સ્પરશ કરે છે પ્રાણઆધાર જી ;
નેત્ર કટાક્ષ પલ્લવે કરી,
અભિષેક કરે સુંદરી સારજી ૨૭.
એ સમય શ્રીમુખ જોઈ જોઈ,
ભકત કરે રસપાનજી ;
મહા પ્રભુ બેઠા આસન પર,
મુસકનીએ હોએ બહુ દાનજી ૨૮.
શ્રીઅંગે શોભા લક્ષા વીધી,
પ્રગટ થઈ અંગ સંગજી ;
તેહ કહું છું એ ચિત્ત ધરો,
ભકત રસિક સહુ રંગજી ૨૯.
ધોતી ધરી અનુપમ,
મોહન રસિક રસાલજી ;
છાપા કનક બહુ ભાંતનાં,
ઝલકતાં ચલકતાં લાલજી ૩૦.
પહેરી તે રંગ ભરી કટિ પર,
અદ્ભુત છબી બિરાજેજી;
ઉપરેણો ઓઢ્યો એ ઝલકતો,
ચલકતો રંગ ભર્યો ભ્રાજેજી ૩૧.
ચારે ખૂંટે કરી કરી ઓઢયો,
રસિક તણા મન મોહેજી;
જોડો એ નવરંગ અંગ ધર્યો,

કેસરે ભરીયો તે સોહેજી ૩૨.
કટિ જંઘા લંક પિંડુરી,
ચરણાર્વિંદ વરેસજી;
મહા ઉત્સવે મહા દાન એ,
આપી રહ્યા શ્રીગોકુલેશજી ૩૩.
મહા દાન એહ સમે સ્વરૂપ,
રસ ભર્યા ભકતને આપેજી;
ચરણાર્વિંદ જીવન ધન,
ભકતના ઉરમાં સ્થાપેજી ૩૪.
એહની ઉપમા હું શી કહું,
એહ છે એહ સમાનજી ;
પ્રાગટ્ય ભકતને અર્થે એ ,
સદા સર્વદા મહા દાનજી ૩૫.
ઉદર સરોવર રસ ભર્યું,
મહા ઉત્સવની બહુ લેહેરજી;
ભકતના હિત ચિત્ત ઝીલે તેહ,
મનમાંહાં મગ્ન થઈ તે પેરજી ૩૬.
એ ઉત્સવ ઉછલીત તે,
ઉરમાંહાં રસ ગહેરોજી;
ભકતના ભાવ સ્થાપન કરીને,
રાખ્યો રસ અનેરોજી ૩૭.
ઉચ ઉરોજ તે અતિ સોહે,

સુંદરી જોઈ જોઈ હારીજી;
આપોપું સર્વ ભૂલી ગયાં,
નિરખતાં એ છબી ભારીજી ૩૮.
શ્રીહસ્ત બાંહો વિશાલ એ,
મહા ઉત્સવમાંહાં અતિ ઉદારજી;
જેણે જે મનોરથ ઈચ્છિયાં,
આપતા કરે ન વિચારજી ૩૯.
અદયદાન દાતા શ્રીગોકુલપતિ,
એહ દિવસે બહુ દાનજી;
રસભર્યો કમલ અમલ કર,
અંગુલી દલે નખમણિ સહુજી ૪૦.
એ કરે કરી ભકતને,
પરસતા અતિ સુખ થાયજી;
રોમ રોમ રસ પૂરણ,
ઉઝલી ઉઝલી તે જાયજી ૪૧.
શ્રીકંઠે રસ ગેહેરો પૂરણ,
તુલસી માલા રાજે સંગજી;
ભૂષણ બહુ બહુ ભાંતનાં,
મુકતા મનોહર કોટી અનંગજી ૪૨.
ગુંજાને સાંકલી હાંસડી,
જન્મ સમયના એ સોહેજી ;
ભકત રસિક બહું ભાવસું,

રત્ન તણા મન મોહેજી ૪૩.
ઉપવીત સ્કંધે તીરછું રહ્યું,
તે શોભનો નવ પારજી;
પીઠ પ્રનાલી ઉપર રાજે,
રંગ રસ તણી એ ધારાજી ૪૪.
શ્રીમુખ રસભર્યું ઈન્દુ એ,
ઉત્સવ અલૌકિક ચંદજી;
પ્રકાશ કર્યો સહુ ભકતને,
પ્રફુલ્લિત કમલ રસવૃંદજી ૪૫.
નેત્ર રસાલ મહા રસ ભર્યાં,
સહિત એ કોટીક કામજી;
જઈને વેધે ઉરસ્થલે, વિવશ થયાં સહુ વામજી ૪૬.
નાસિકા કોમલ દીર્ઘ,
કમલ પાંખડી અનુપજી;
રસિયા તણો રસ લેઈને,
ફરી અને રસરૂપજી ૪૭.
ભૂષણ મુકતા મણિ મધ્ય,
કુંડલ શ્રવણે સોહે ધર્યાજી;
શ્રી મસ્તક સંગ રાજે એ,
પરમ માધુર્ય રસે ભર્યાજી ૪૮.
કેશ સુંદર અતિ પાતલા,
રસ ભર્યા ફુલેલે એ ચુવેજી;

અંબોડલો લલકતો ચલકતો,
ઝલકતો ભકત સહુએ જુએજી ૪૯.
નખશીખ વર્ણન એહ કર્યું,
ઉત્સવને ઉછલીત સંગજી;
કહેસું હવે આગલ રસ,
વલ્લભદાસ મન રંગજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું ચૌદમું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૫.

(ટેકઃ–ઃપરમ આનંદમઈ આનંદ અપાર :)

શ્રીઓચ્છવ આનંદમઈ માંગલ્ય અનૂપ,
પ્રગટ્યા શ્રીમહારાજઃ પરમઃ
સર્વોપર પ્રાગટ્ય હવું શ્રીરુકમણિજી કુખ,
સરીયા સહુના કાજઃ પરમઃ ૧.
માંગલ્ય શ્રીગુસાંઈજીને ફલ પુત્ર સોહાગ,
પ્રગટ્યા શ્રીવલ્લભલાલઃ પરમઃ
ભકતને અર્થે પ્રગટ હવા,આવી એહો તણે ઘેર
મનોરથ પૂર્યા રસાલઃ પરમઃ ૨.
માંગલ્ય ચૌદે કરીને લખી આવ્યા જેહ,
બેઠા વહાલોજી જયાંહાંઃ પરમઃ.

શ્રીમંદિર રમણીક ભર્યું ભકત તે અપાર,
શ્રીમુખ નિરખે ત્યાંહાં: પરમ: ૩.
અનુપમ આસન સોહીએ,વહાલો બેઠા છે જયાંહાં
મંડપ ચોકને બીચ: પરમ:.
તેહ સમય વર્ણન કર્યું શ્રીસ્વરૂપનેરંગ,
રંગ રસ તણી બહુ કીચ: પરમ:. ૪.
કહેસું હવે એણે માંગલ્યે, માંગલ્યનો દિન
માંગલ્ય પંદર માંહાં: પરમ:.
મહાપ્રભુ કરસે દાન તે મહેદની કાણે,
બિરાજે શ્રીમહાપ્રભુજિંયાંહાં: પરમ:.૫.
શ્રીગોકુલમાંહાં આનંદ પ્રફુલ્લિત ઠોર ઠોર,
આનંદ પરમાનંદ : પરમ:.
વાજીંત્ર વાજે ઘોરસું શોભા કહીય ન જાય
પ્રગટ્યો આનંદ કંદ: પરમ:.૬.
શ્રી નાથજી ને મંદિર સહુ મંગલ ગાયે,
છજે અટાલી ભકત: પરમ:.
સુંદર ધોલ રસે ભર્યા ગાએ ઉત્સવ રૂપ ,
શ્રી સ્વરૂપ અનુરકત:પરમ:.૭.
ગાએ વધાઈ વધાઈ સહુ જન્મવેલ,
પ્રાગટ્ય સમય વિચિત્ર:પરમ:.
ભર્યા મહા અતિ આનંદસું બેઠા અતિ સોહે,
જાણે લખીયાં ચિત્ર :પરમ:.૮.

નખશીખ ભૂષણ ધરીયને,નહીં અનુસંધાન
રોમ રોમ રસજાલ :પરમઃ.
સાડી પહેરી સોહીયે ચોલી લહેંગા સંગ,
નખશીખ રસ ભરી બાલ :પરમઃ.૯.
ભગવદી અનેક સમાજસું ભાવે રસમાં પુર,
કીર્તન કરે ઉમાહ :પરમઃ.
ગુણીજન ગાન ત્યાંહાં કરે શ્રી જન્મવેલ
દેખાડે એ ઉછાહા :પરમઃ.૧૦.
વાજીંત્ર વાજે સહુ મલી કાને સુણ્યુ ન જાય,
જય જયકાર બહુ થાય :પરમઃ.
મહારાજા રાજેશ્વર બેઠા મંડપ સોહે,
શોભા કહીય નવ જાય :પરમઃ.૧૧.
ઘણા દિવસના લોચતા તે આવ્યો દિન,
મનોરથ ફલશે સદ્ય :પરમઃ.
અંકુર પલ્લવ કુસુમ ફુલ ફલસે અંગ,
સ્પર્શતા પ્રભુ અનવદ્ય :પરમઃ.૧૨.
એણી ભાંતે ઊભા સહું, વહાલાજીની પાસ,
અવિચલ સદા સોહાગ :પરમઃ.
પાર્વતી શ્રીવહુજી પૂરાં ભાગ્યની રાસ,
પતિસું અતિ અનુરાગ :પરમઃ૧૩.
વહુ બેટી બાલક સંગ સહું ઊભા તેહ,
ઉત્સાહે ભર્યા અંગો અંગ :પરમઃ.

નિરખે ઉત્સવના સુખ સહુ મેહેલી લાજ,
મનોરથ બહુ રંગ રંગ :પરમઃ.૧૪.
હવે કહિએ આરતી સમે, વિશદ કરી એહ,
આસને બેઠા રાજ :પરમઃ.
જન્મ સમયની વિધિ સહુ,કરે માંગલ્ય રીતે,
માંગલ્ય રાજાધિરાજ. :પરમઃ.૧૫.
અમૃત વચન ઉચ્ચરે, હોએ મહારસ વૃષ્ટિ,
માહા ઉદાર વર રાય.: પરમઃ.
માર્કંડે આઠોં ચિરંજીવી, બેસાડયાં પાસ,
પૂજ્યા અતિ મન ભાયે.:પરમઃ.૧૬.
આશિષ માગે એહો કને સદા અવિચલ રાજે,
શ્રીગોકુલનો ભૂપ :પરમઃ
માર્કંડે આદિ સહુ મલી દીધો આર્શીવાદ,
ચિરંજીવો એહ સ્વરૂપ :પરમઃ.૧૭.
માહા પ્રસાદ એહોને આપ્યા થયા સંતુષ્ટ તેહ,
ચાલ્યા વેગા થઈ :પરમઃ
વરસો વરસ આવજો એણી ભાંતે ઘેર,
સાંભલી થયા રસમઈ :પરમઃ ૧૮.
આવ્યા વિપ્ર સહુ મલી ફૂલ્યા અંગ ન માય,
વેદ ધુની કરે તેહ:પરમઃ
અંચલ ઓઢી મહા પ્રભુ આગલ રહ્યા ત્યાંહા,
આશિષ દે સહુ એહ:પરમઃ૧૯.

અક્ષત કરમાં લેઈ અને ભણે આર્શીવાદ,
ચિરંજીવો શ્રીમહારાજ :પરમ:
અક્ષત શ્રીમસ્તકે ધર્યા શોભા કોટી અનંગ,
પૂરણ થયા સહુ કાજ :પરમ: ૨૦.
એણી ભાંતે એહ વિધિ કરી સહુ થયા સંતુષ્ટ,
માહા પ્રભુ આપે દાન :પરમ:
અભિજીત નક્ષત્રનો એહ સમય હોય જયજયકાર,
કીધા બહુ સન્માન :પરમ: ૨૧.
પુત્ર પ્રિય એણે સમય શ્રી ચરણે નિવાસ,
રસિયા શ્રી ગોપાલ :પરમ:
કેસરી ધોતી ઉપેરેણા ધરાવે નેમ,
સદા શ્રીઅંગે રસાલ :પરમ: ૨૨.
પુત્ર શ્રી વિઠ્ઠલરાયજી કુંવર પદવી,
ઊભા છે મન રંગ :પરમ:.
મહા પ્રભુજીને વિનતી કરે માંગલ્ય તણે કાજ,
લાલજી બાલક સંગ :પરમ: ૨૩.
વરમાલા શ્રીકંઠમાંહાં પહેરાવી નેગ,
પ્રાગટ્ય દિવસે સોહે:પરમ:.
અદભુત શોભા અભિનવી શ્રીઅંગે અનૂપ,
રસિયા જોઈજોઈ મોહે:પરમ: ૨૪.
પાર્વતિ શ્રીવહુજીય, માંગલ્ય સ્વરૂપ,
માંગલ્ય એહોના પત્ય. :પરમ:

આરતિ સમય સોભાગીયા નિરંતર પાસ,
પિયુજીસું અનુરકત.:પરમઃ. ૨૫.
વહુ બેટી સહુ કુલવધૂ, મલી ઊભા તેહ,
કર ધરી કંચન થાલ.પરમઃ.
દીપક ધરીયાં ચહું ઓર,પ્રગટી અતિ જ્યોત,
નિરખે શ્રીમુખ બાલ.: પરમઃ.૨૬.
ભીડ થઈ માહા મંદિર,સુંદર રંગ રેલ,
સખી ગણ ઊભા ટોલ. :પરમઃ.
મોતીડે આરતિ ભરી, સોહે સકુમારી,
માણેક હીરા અમોલ. :પરમઃ.૨૭.
તિલક કરે વિનતી કરી, શ્રીમસ્તકે ભાલ
અક્ષત ઉપર સંગ. :પરમઃ.
ચિતવની ચંચલ રસ ભરી,હોયે માહા રસ વૃષ્ટિ,
પાગ્યાં શ્રીવલ્લભ રંગઃપરમઃ.૨૮.
પુષ્પ હાર કંઠે ધર્યાં, કરી મનોહર ભાંત,
પરસ્પર હાસ્ય વિલાસ.:પરમઃ.
બીડા કરમાં આપીયાં, સ્પર્શી અને સંગ,
લીધા રસની રાસ. :પરમઃ.૨૯.
વાહાલો વધાવ્યા પ્રેમસું, રસિયા રસ બાલ,
ઈંડી પીંડી ચહું પાસ. :પરમઃ.
ફૂલ રજત બહુ કનકનાં, મોતી એ અમોલ,
વધાવ્યા અતિય હુલ્લાસ. :પરમઃ ૩૦ .

આરતી વારે મુખ પર, ઝલહલતી જ્યોત,
શ્રીમુખ અતિ રસ રાસ. :પરમ:.
તેણે કરી જ્યોતિ અતિ ઘણી, પ્રગટ હવી એહ,
ઝલહલ થાયે પ્રકાશ. :પરમ:.૩૧.
જય જય જય જય થઈ રહ્યું,જય જયકાર સોહાય,
જય જય જય જય ભકત.:પરમ:.
જયજય જયજય ,ચોકમાંહાં ઊભા છે દાસ,
જયજય કરે અનુરકત.:પરમ:.૩૨.
જયજય છજે અટાલીએ, જ્યાંહાં ત્યાંહાં જય જય,
જય જય શબ્દ સોહાય.:પરમ:.
એણે સમે સહુ ગાય છે સુંદરી અનુરકત,
આરતિ જોઈ મન ભાય.:પરમ:.૩૩.
આશીષ દેઈ સહું વહાલાને, ચિરંજીવો નાથ,
જીવો કોટી વરીસ.:પરમ:.
ઘણા દીવસનાં મનોરથ,પુરણ કર્યાં એહ,
રાજે શ્રીગોકુલાધીશ.:પરમ:.૩૪.
અદેય દાન મહા પ્રભુ ઈક્ષણે રસ દાન,
આપ્યા કરી સત્કાર.:પરમ:.
મહા ઉત્સવ રસ ઉછલીત છેલ્યો રસ રેલ,
અગણિત રસની ધાર.:પરમ:.૩૫.
કુલ વધુ એહ સમે આવીયા શ્રી ચરણે તેહ,
દંડવત કરે ધરી શિષ.:પરમ:.

આશીર્વાદ તે દેઇ અને ઉઠાવે વેગ,
હંસી અને પ્રાણાધીસ .:પરમ:.૩૬.
એણી ભાંતે આરતી હવી પ્રભુ નિજ ઘેર,
વહુજી ભર્યા નેહ.:પરમ:.
ન્યોછાવરી ભૂષણ વસ્ત્ર દ્રવ્ય તણો નહીં પાર,
આપ્યા સહુને એહ.:પરમ:.૩૭.
માર્કંડે પૂજા કરી આરતી રસ રંગ,
આપ્યા દાન તે બહુ.:પરમ:.
શ્રી રુક્મણિજી પ્રાગમાંહાં પ્રાગટ્ય સમય એહ ,
માંગલ્ય કીધા બહુ.:પરમ:.૩૮.
શ્રી વિઠ્ઠલજી ઉત્સાહ ભર્યા ફૂલ્યા અંગ ન માએ,
ખેલાવી લડાવ્યા બાલ.:પરમ:.
નામકરણ પોતે કર્યું સઘલે વિક્ષાત,
"શ્રી વલ્લભ એહ રસાલ".:પરમ:.૩૯.
મહા પ્રસાદ એહ ઉત્સવે આપે નિત નેગ,
સદા સર્વદા એહ ઘેર.:પરમ:.
એહજ નિત્ય પ્રતિ કરે વહાલો મન રંગ,
શ્રી ગુસાંઈજીની પેર.:પરમ:.૪૦.
એણી ભાંતે ઉત્સવ કર્યો પ્રથમની રીત,
ઉપજી સુખની વેલ.:પરમ:.
કહેસું હવે આગલ જે હશે રસભકતના ભાવ,
ઉત્સવ રસની રેલ.:પરમ:.૪૧.

વર્િં બેઠા આસને, આપે બહુ દાન,
ભગવદી બહુય સમાજ.:પરમઃ.
નિરખે શ્રીમુખ એહ સમે, વાહાલો ભરીયા રંગ,
આરતી થાય તે આજ. :પરમઃ.૪૨.
ભાગ્ય રાસ સૌભાગીઆ મોહનભાઈ જેહ,
જોઈ જોઈ કરે રસ પાન.:પરમઃ.
માહા પ્રભુની ઐકયતા એહોસું ઘણી પ્રીત,
ચિતવનીમાંહાં કરે દાન. :પરમઃ.૪૩.
ભકતરાજ અનન્યવ્રત ગોકુલ ભાઈ જેહ,
અદભુત સુન્દરભાઈ.:પરમઃ.
ગિરધરભાઈ નેષ્ટિક વાહાલાસું પ્રીત,
ચરણે રહ્યાં લપટાઈ.:પરમઃ.૪૪.
રસિક ત્રિકમભાઈ સુત વલ્લભભાઈ જેહ,
કિશોરભાઈ એ રસાલ.:પરમઃ.
કૃષ્ણદાસ વનમાલીદાસ વ્રજનો દાસ,
નાગરદાસ એ બાલ.:પરમઃ.૪૫.
મનોહરદાસ છે લાડીલો સંગે સહુ સોહે,
નાતી પણતી વહુય.:પરમઃ.
ભકતરાજ નારાયણજીને આપ્યાં બહુ દાન,
ચરણે રાખ્યાં સહુ.:પરમઃ.૪૬.
શ્રી સ્વરૂપ રસ દાન તે, ગંગાને એહ,
અને બેટી વહુ એ સાથ.:પરમઃ.

માહા ઉત્સવનો મનોરથ સહુને,
સંપન્ન કરશે મ્હારો નાથ.:પરમ:.૪૭.
ઊભા સહુ વિહ્વલ ચિત્તે મનમાંહાં અકુલાયે,
આરતી કરવા કાજ.:પરમ:.
કયારે સમય તે આવી થશે શ્રીઅંગ સંગ એહ ,
અભિલાખ સહુ આજ.:પરમ:.૪૮.
સ્વકીય સમાજ વેષ્ટિત પહેરાવી વનમાલ,
સુંદરી સહુ ઉરમાંહાં. :પરમ:.
પ્રતિબિંબ વહાલાનું ત્યાંહાં દીસે રસભકતને અંગ,
ભકતનું દીસે ત્યાંહાં.:પરમ:.૪૯.
માંગલ્ય માંગલ્ય થઈ રહ્યું પ્રભુ ને રસભકત,
અલૌકિક એ નવરંગ.:પરમ:.
આગલે માંગલ્યે આરતી લખસું ભલી પેર,
વલ્લભદાસ પ્રભુ રંગ.:પરમ:.૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું પંદરમું માંગલ્ય સંપૂર્ણ

================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૧૬.

રાગઃ— સજની સાંભલો એ વાતજી

જયજય જયજય શ્રીમહાઉત્સવ,
માંગલ્ય માંગલ્ય થઈ રહ્યું આજજી,
જય જય શ્રીવલ્લભજી પાતલા,
બેઠા વેષ્ટિત રસિક સમાજજી ૧.
જય જય માંગલ્ય સર્વત્ર થઈ રહ્યું,
બોલે ભકત રસિક મન ભાએજી,
જય જય શબ્દ સુખદ સોહામણા,
ઠોર ઠોરથી અતિ સોહાયજી ૨.
જય જય એ સમય સહુને અતિ ઘણો,
મોદ અપરમીત મહા રસ રંગજી,
જય જય બાલક વૃદ્ધ એ સહુ કરે,
નારી નર સહુ મલીયા સંગજી ૩.
જય જય શ્રીમંદિર સુંદર ઘણું,
છજે અટાલી બેઠા ભકતજી,
જય જય બોલે સ્નેહ રસે ભર્યા,
મહા પ્રભુસું અતિ અનુરકતજી ૪.
જય જય ગાએ ધોલ મહિલા મલી,
માંગલ્ય આરતી સમય રસાલજી,

જય જય સ્વરૂપને જોઈજોઈઉચ્ચરે,
દશો દીશ થકી રહ્યાં રસબાલજી ૫.
જય જય વાજીંત્ર વાજે અટાલીએ,
ધમકે વ્રજમંડલ સહુ ગાજેજી,
જય જય બોલે દેવ આકાશથી,
સુર વધુ એહોને સંગ બિરાજેજી ૬.
જય જય એ સમય ઊભા સૌભાગીયા,
જ્યાંહાં ત્યાંહાં મંગલ થાએજી,
જય જય કીર્તનીઆ કીર્તન કરે,
રાગ તાન એ સહુ સોહાયજી ૭.
જય જય માંગલ્ય પંદરમાં મહારસ,
લખી આવ્યા ઉત્સવ સુખસારજી,
જય જય એ સમય અતિ અગાધ છે,
વચને કેમ કરી આવે પારજી ૮.
જય જય લખીએ એહ ઉલટ ઘણો,
સોલ માંગલ્યે સોલ શ્રૃંગારજી,
જય જય ભકતનું ભૂષણ ઉત્સવ,
સોલ સૃંગાર એ પ્રાણઆધારજી ૯.
બેઠા સુંદર રસિક વર ચોકમાંહાં,
ઉત્તર દીશા થઈ સન્મુખજી,
મોટે નિજ મંદિરને દ્વારથી,
બીજું દ્વાર જલઘરે સુખજી૧૦.

બેઠા છે એણીભાંતે એ ચોકમાંહાં,
આસન રત્નપાટ એ સોહેજી,
આરતી પ્રથમ થઈ નિજ ઘેરથી,
તેહ શોભા જોઈ જોઈ સહું મોહેજી ૧૧.
નખથી શીખ રસિક વર ભર્યા,
આરતી માંગલ્ય રસમાંહાં પાગી,
ધોતી ઉપરેણો છાપેલ કેસરી,
સોહે તે શ્રીઅંગે અનુરાગજી ૧૨.
શ્રી મસ્તક થકી તે શ્રીમુખ લગી,
ફેલી રહ્યો છે અતિ રસ રંગજી,
નેત્ર વિશાલ થકી રંગ ચુચએ,
રસ વહી ચાલે સહુ અંગઅંગજી ૧૩.
રસ ભર્યું મુખાર્વિંદ એ રંગભર્યું,
નાસા કુપ કરણ એ અથાહજી,
મહારસ ઉછલીતભકતનો તેમાંહાં,
ભરી અને આવ્યો અતિ ઉમાહજી ૧૪
કુંડલ ઝલકતા એ સ્થલે ચલકતા,
મુકત મણિ મધ્યે રંગ લાલજી,
ભૂષણ ઉર પર અગણિત બહુરસ,
ઉચ્ચ ઉરોજ તે બેહુ રસાલજી ૧૫.
ભકતના રસમાં તે પુરીત થઈ,
આગલ થઈ રહ્યા સુખદાઈજી,

એહ સ્થલે રંગ રસની ધાર અતિ,
રોમ રોમ પ્રતિ પુરણતાઈજી ૧૬.
શ્રી હસ્ત બાહુ વિશાલ રસે ભર્યાં,
ઉદર સરોવર પીઠ રસાલજી,
રસ બહુ કટિ લંકેથી ઉઝલે,
પાન કરે છે નેત્ર તે રસાલજી ૧૭.
મહા રસ ભર્યા તે જંઘા પીંડુરી ,
શ્રી ચરણાર્વિંદમાંહાં   બહુજી,
એહ સ્થલ ભકતને સદા સોહાગજી ,
ઉરમાં રાખી રહ્યા છે સહુજી ૧૮.
મહાઉત્સવનું દાન એ અભિનવું,
મહાપ્રભુ ક્ષણુંક્ષણું પ્રતિએઆપ્યાજી
ભકતને અર્થે ફલ એ પ્રગટ હવું,
સદા સર્વદા અવિચલ સ્થાપ્યાજી૧૯.
એહ્વાએ રસભર્યા બેઠા છે મહાપ્રભુ,
તેહ સમે ભાગ્યરાસ ત્યાં આવ્યાજી
કરવા આરતી મન ઉત્સાહ ઘણું,
વહાલાજીને અતિ ઘણું ભાવ્યાજી ૨૦.
સ્વકીય સમાજ આવી ઊભા રહ્યા,
વિનતી કરે છે રસમાંહાં મલીજી,
એહ સમય છે અધિકારી રતનજી,
પાસે ઊભા તે સહુને મલીજી ૨૧

ભાગ્યરાસના ભાગ્ય અનુપમ,
ફલ સિદ્ધ થાશે હવડા આજજી,
ઘણા દિવસના મનોરથ એહો તણા,
પુરણ કરશે શ્રીમહારાજજી ૨૨.
વિનતી માનીને નેગ હસી હસી,
બોલ્યા વચન રસાલાં મીઠાજી,
જો કછુ તુમારે હે આજ મનોરથ,
સોઈ કરો કહ્યું સહુએ દીઠાજી ૨૩.
એહ વચન સુણીસુણી પુલકીત થયા,
રોમ રોમ માંહાં રસપુરજી,
ભાવ એહોના નિરંતર ગોપ્ય એ,
એ સમય પ્રગટ થયાં મહાસુરજી ૨૪.
આરતી કરવા અતિ અભિલાખીયા,
સુંદરી મલીયને આવ્યા જુથજી,
કંચન થાલ બહુ માંગલ્યે ભરી,
એક એક થઈ રસમાંહાં ગુંથીજી ૨૫.
માંગલ્ય સાજ અનેક મનોરથી,
કરી ધરી લાવ્યા થાલો માહેજી
એણી ભાંતે આવી ઊભા રહ્યા,
નિરખે વરજીને સહુ ત્યાંહાંજી ૨૬.
આનંદ પુલકીત નેત્રરસ અતિ,
ભરીયને આવ્યા સાત્વિક ભાવેજી,

જોઈજોઈશ્રીમુખ રસભર્યું એહ સમય,
ભકત રસિક એ ઉરપર લાવેજી ૨૭.
શ્રી સ્વરૂપને શ્રી મહા ઉત્સવ,
એકે રસે થયા ભેલજી,
આજનો દિવસ એ પરમ સૌભાગીયો,
ભકતને પ્રભુ એકત્ર રેલ છેલજી ૨૮.
એહ સમે સુંદરી સહુ મલી નિરખતા,
હરખતા ફૂલ્યાં અંગો અંગજી,
માંગલ્ય મનોરથે બેઠાએ આવીને,
વાધ્યો એહોને કોટિઅનંગજી ૨૯.
અગર સુવાસ ઘણા મહેંકાવીયા,
માંગલ્ય કરીને દીધા ધૂપજી,
શ્રીઅંગ સંગે મકરંદ અતિ ઘણો
સુવાસ સહિત એ સુંદર રૂપજી ૩૦.
આરતી કરમાંહે લઈ અને આવીયા,
ભાવ્યા શ્રીવલ્લભવર રંગજી,
દીપ જ્યોત તેમાંહે ઝલહલે,
ધૃત ફુલેલ ભરી તે સંગજી ૩૧.
નિકટ લાવીને સુંદરી જોતસું,
શ્રીમુખ જુએ ફરી ફરીજી,
આશિષ દેઈ દેઈ પરમ સૌભાગીયા,
શ્રીચરણે તે દંડવત કરીજી ૩૨.

કુમકુમ રોરી અક્ષત ભાવશું,
તિલક કરે સહુ સુંદરી ભાલજી,
પ્રગટ પુષ્પ એ ભકત સોહાગનું,
મનોરથ રૂપી ધરી ફૂલ માલજી ૩૩.
કરમાંહા ંગોપ્ય રસે બીડા ધર્યા,
વલ્લભવરને શ્રીહસ્તે સ્પરસીજી,
અનુરાગ સહિત તે નેત્રકટાક્ષસું,
વધાવ્યાએ રસમાંહાં આવ્યા ને સરસીજી ૩૪.
ફૂલ રજતનાં કનકનાં મોતીએ,
ઈંડી પીંડી વારી સંગેજી,
તન મન આપોપુ ઓવાર્યા,
ન્યોછાવરી કરી નાખીયા રંગેજી ૩૫.
ધન્ય ધન્ય ભાગ્ય સરાહે એહો તણા,
મોહનવરજી એ વરીયા એહજી,
મહારાજા શ્રી ગોકુલપતિએ,
આપ્યા દાન અવારી તેહજી ૩૬.
શ્રી વલ્લભવરને ગ્રીવા પર સોહે,
છાપેલ પામરી જોડ રસાલજી,
ચંચલચિતવની મનોહરનાગર,
સહેજએ રતનજટિત બહુભાલજી ૩૭.
વ્રજનું ભૂષણ એ કીશોરાકૃત,
ભૂષણ ધર્યા જગમગતા રતનેજી,

પોંહોંચી શ્રી હસ્તે તે ધરાવી,
ગૌર તા હીરા શ્યામ લાલ જતનેજી ૩૮.
મોહનમાલા જાંબુનંદની એ,
નૌતન તુલસી માલા પહેરાવીજી,
જી જીકહીયને વિનતી કરીતે,
મહારાજાને મન અતિ ભાવીજી ૩૯.
કૃષ્ણાગર સુવાસ શ્રીઅંગ સંગ થકી,
ચાલે તે મહા રસ ધારજી,
નવ નવી ભાંતે એ ભૂષણ ફુલસું,
કયાંહાં લગી કહીયે એહો તણો પારજી ૪૦.
જશદાયક પ્રભુને ધરાવીયા,
શ્રીઅંગે ભકત રસિક મલી સંગેજી,
એણી ભાંતે તે છોટા મોટા એ,
મહા પ્રભુજીને સમર્પીયા રંગેજી ૪૧.
આવીને શ્રીચરણે ધરીયા મસ્તક,
સાત્વીક ભાવે ભરીને આવ્યાજી,
ગદગદ કંઠે થઈ અને નેત્રથી રસ વહે,
શ્રીહસ્ત ધરીને ભકત ઉઠાવ્યાજી ૪૨.
મહાદાન આપ્યાઅવિચલ સ્થાપીને,
મનોરથ એહો તણા પૂરણ કર્યાજી,
વહાલાના મનોરથ એહોથકી સિદ્ધ હવા,
ભકત રસિક લઈ ઉરમાંહાં ધર્યાજી ૪૩.

જય જયજય જયકાર સઘલે થકી,
થાય છે અતિસે મહા રસ વૃષ્ટિજી,
અભિજીતનક્ષત્રનો સમય સૌભાગીયો,
સીંચન કરી રસે સહુ સૃષ્ટિજી ૪૪.
એણ સમે બેઠા તે ભટજી,
બોલે ભાવ પુષ્ટ મન ધરીજી,
ગોપીકાન્ત ભટ ઘણું પ્રિય અતિ,
આવે દામોદર ભટ રસમાંહાં ભરીજી ૪૫.
મહાપ્રભુને કરે છે ત્યાં વિનતી,
માંગલ્ય સમય જોઈ જોઈ એહજી,
પુરુષોત્તમ પ્રાગટ્ય જે સાંભળ્યું,
હમણાં પ્રત્યક્ષ દેખીએ તેહજી ૪૬.
એકાગ્ર ચિત્ત પ્રાગટ્ય સમય હોએ,
તે તો દેખીએ છે સહુ આજજી,
પહેલા એ લખ્યું ને સાંભળ્યું એ હતું,
હમણાં તેહ દેખીએ છે રાજજી ૪૭.
મહા પ્રભુ સાંભલીને ઢલી આવ્યા,
સત્કાર કર્યો ગ્રીવાએ કરીજી,
એહસુણીને ભગવદીને જ્ઞાપન હવું,
પ્રાગટ્ય મહાપ્રભુનું ઉર ધરીજી ૪૮.
કહીશ આગલ સત્તરમે માંગલ્યે
મહા દાન મહા પ્રભુ તે આપેજી

લટકતા પોધારશે મંદિર ભણી
સોહાગ સહિત અવિચલ સ્થાપેજી ૪૯.
આરતી સમે થયો એ માહા બડભાગીઓ
સોહાગીયો ભકત સહિત મારો નાથજી
વલ્લભદાસ એમ મહેદને સંગે મલી,
શ્રીજીને ચરણે ધરે માથજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસગ્રંથનું સોલમું માંગલ્ય સંપૂર્ણ

================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૭.

રાગઃ–સારંગઃ–વૈશાખ સુદીને પ્રતિપદા, મુહુરત ઉત્તમ લીધુ

ધન્ય ધન્ય શ્રીઉત્સવ દિન એ,
પ્રગટ્યા શ્રીવલ્લભરાયજી;
ધન્ય ધન્ય આજની રાતડી,
ઉત્સાહે ઉછલીત થાયેજી ૧.
ધન્ય ધન્ય માતને તાત સોહાગીયા એ,
શ્રી રુક્મણિજી માતજી;
સદા સર્વદા અવિચલ એ,
શ્રીવિઠ્ઠલજી તાતજી ૨.
ભકત સહિત મારો વહાલમો એ,
નિત્ય શ્રીગોકુલ વાસજી;

મનોરથ પૂરે નિત્ય નવા એ,
ક્ષણું ક્ષણું અતિ હુલ્લાસજી ૩.
પ્રાગટ્ય ભક્તને કારણે એ
લીલા સહિત સમાજજી;
ધન્ય ધન્ય દેશ ગુજરાતના એ
ભક્ત ફૂલીયા સહુ અંગજી ૪.
શ્રીવલ્લભ વરજી પામ્યા એ,
કૃત્ય કૃત્ય રસિક એ ભક્તજી;
ધન્ય ધન્ય ભાગ્ય સરાહે સહુ મલી,
શ્રીગોકુલેશ અનુરક્તજી ૫.
માંગલ્ય સોલ લખીને એ,
શુભ આરતી સમે અતિ સારજી;
ભાગ્યરાસનો મનોરથ એ,
લખી આવ્યા વિસ્તારજી ૬.
હવે કહીએ માંગલ્ય શુભ એ,
સત્તરમે માંગલ્ય એહજી;
લખસું પરમ આનંદ મઈએ,
પ્રભુ કરસે મહારસ દાન તેહજી ૭.
શ્રીનાથજીને મંદિર થકી એ,
પોધારશે મહારાજજી;
દાન અપરમિત આપ્યા એ,
સો ધન કરી સમાજજી ૮.

ઉઠયા પ્રભુ પીઢા થકી એ,
ચોકમાંહાં સુંદર શોભાજી;
જય જયકાર સહુ કો કરે એ,
શ્રીમુખ જોઇ જોઇ લોભ્યાજી ૯.
રંગ રંગ રંગ રંગ થઇ રહ્યો એ,
શ્રીઅંગે વલ્લભવરજી;
રંગ ભર્યા પોધાર્યા એ,
આનંદ ઉલટ ભરજી૧૦.
લટકતા મલપતા આવ્યા એ,
તિબારીએ સુંદર સોહાતાજી;
આપ્યાં દાન અનેક વિધિએ,
મુસકની મન મોહતાજી૧૧.
વિપ્રને સન્માન કરીને એ,
ગાય વચ્છ સંગ સારજી;
ભૂષણ દ્રવ્ય વસ્ત્ર સહુ એ,
કરીયાં દાન અપારજી ૧૨.
આશિષ દેઈ દેઈ સહુ વલ્યા એ,
સંતુષ્ઠ થયા મનમાંહાંજી;
ચિરંજીવો શ્રીગોકુલપતિ એ,
બિરાજો બેઠા અહીંયાંજી૧૩.
એણી ભાંતે મહા પ્રભુ કરે એ,
આરતી સમે સનમાનજી;

મુસકનીએ ઈષદ હાસ્યસું એ,
આપ્યા બહુવિધિ દાનજી ૧૪.
શ્રીનાથજીને મંદિર એ
ત્યાંહાં, કોલે લાગી ઊભાજી;
નખશીખ શોભા અતિ ઘણી એ,
તેહની શી શી કહું એ શોભાજી ૧૫.
ચિતવની ચંચલ મનોહર એ,
હાસ્ય રસિક રસાલજી;
ધોતી ઉપરેણો ભૂષણ બહુએ,
સુંદર નેત્ર વિશાલજી ૧૬.
તિલક શ્રીમસ્તક પર સોહે એ,
રોરી અક્ષત ભાલ જી;
પ્રગટ્યું પુષ્પ અનુરાગનું એ,
ભાગ્ય ઉદીત રંગ લાલજી ૧૭.
જલહલ ઝલહલ શ્રીઅંગ એ,
તેજ તણો નહીં પારજી;
મહા પ્રભુ ઊભા એહ સ્થલે,
જ્યાંહાં ત્યાંહાં ચાલે રસની ધારજી ૧૮.
પારવતી વહુજીએ એ કુલવધૂ,
સંગે તે સોહેજી;
નીરખે શોભા ત્યાંહાં પતિ તણી એ ,
પરસ્પર મન મોહેજી ૧૯.

દંડવત કરે ઉત્સાહ ભર્યા એ,
શ્રીચરણે ધરી માથજી;
મહા પ્રભુ વેગે ઉઠાવે એ,
ધરીયને મસ્તકે હાથજી ૨૦.
આશિષ દીધી અતિ ઘણી એ,
મનોરથ પુરણ કામજી;
આનંદ ઉત્સાહે વલ્યા એ,
રસ ભર્યા સહુ વામજી ૨૧.
ભકત રસિક ઘેરી રહ્યાં એ,
વરજીને ત્યાંહાં પાસજી;
નીરખે શોભા શ્રીમુખ તણી,
ભગવદી સહુ નિજદાસજી ૨૨.
મહા દાન આપી શ્રીવલ્લભવર એ,
પોધારે પરમ ઉદારજી;
જગ મોહનને જગ મોહતાએ,
ભકત તણો નહીં પારજી ૨૩.
ઢલકતી ચાલે ચાલતા એ,
ચાલતા નેત્ર વિશાલજી;
એણે સમે રસવૃષ્ટિ એ,
પોષતા તે વચન રસાલજી ૨૪.
ભકત સંગે સહુ સોહતા એ,
નીરખતા આવે રૂપજી;

આગલ પાછલ સુંદરી એ,
જુએ શ્રી વલ્લભ ભૂપજી ૨૫.
જયજય જયજય સહુ ઠોરથી એ,
કરી ઉઠે બહુ તેહજી;
એણી ભાંતે ઊભા રહ્યા એ,
સિંઘદ્વારે ભર્યા નેહજી ૨૬.
મંગલ કલશ આગલ ધર્યા એ,
સુંદરીએ ઉર આણીજી;
સ્પર્શ કરે વહાલો પ્રેમસું એ,
ભાવ તે એહોના જાણીજી ૨૭.
વધાવ્યા હાસ્ય વદને કરી એ,
શીતલ થયા અંગો અંગજી;
દાન આપ્યા તે પરસ્પર એ,
ઉપજ્યો મહા રસ રંગજી ૨૮.
મહા પ્રભુ આવી ઊભા રહ્યા એ,
શ્રીબેઠકમાંહાં સૌભાગીજી;
ભકત અલેખે અગણિત એ,
ઊભા સહું અનુરાગીજી ૨૯.
વરજી ઊભા ત્યાં ચોતરીયે એ,
વેદીની તે લાગીજી;
નખશીખ શોભા તે શી કહું એ,
શોભા રસમાંહાં પાગીજી ૩૦.

એણે સમયનું સ્વરૂપ તે એ,
વર્ણન અતિ ઉત્સાહજી;
મહેદ ભકતના દાનથી એ,
લખીએ પરમ ઉમાહાજી ૩૧.
રંગ ભર્યા વહાલોજી શ્રીઅંગેએ,
મોહન સુંદર રૂપજી;
શ્રીમસ્તક રંગે રસ ભર્યા એ,
મહા શ્રીઉત્સવ મહા અનૂપજી ૩૨.
ભકતના ભાવ તે ત્યાં સોહે એ,
ધરી અને આવ્યા બાહેરજી;
કેશમાં આભા એહ તણી એ,
ભકતના ભાવ અપારજી ૩૩.
અંબોડલો અતિ લલકતો એ,
ભકતના બાંધ્યા મનજી;
નેત્ર વિશાલ મહા રસભર્યાએ,
તે માંહાં રાખ્યા ભકતના તનજી ૩૪.
આરતી સમયના દાન તે એ,
પરસ્પર રસ રેલજી;
રાખ્યા સ્વરૂપ આનંદમઈ એ,
વાધી સુખની વેલજી ૩૫.
શ્રી મુખાર્વિંદ રસ ભર્યું એ,
તેહ ભૂષણ ઝલકતું એહજી;

તિલક સોહે કુમકુમ તણું એ,
કેશરી ઝલકે તેહજી ૩૬.
નાસિકા નવલ અનુપમ એ,
દીર્ઘ ચંપક વર્ણજી,
મુકતા કુંડલ નંગના એ,
રાજે ધરીઆ કર્ણેજી ૩૭.
પ્રતિબિંબ દીસે ત્યાંહાં ભકતના એ,
એક એકના રૂપજી;
વહાલાનું તે માંહાં થકી એ,
પ્રતિબિંબ દીસે અનુપજી ૩૮.
ભૂષણ શ્રીકંઠે ઘણા એ,
ઉપરા ઉપરે પહેર્યાજી;
મોહન મુકતા માલા એ,
આભરણ બહુ અતિ ગેહેરાજી ૩૯.
ગણના એહ તણી નવ થાએ એ,
સોહે ઉર વનમાલજી;
ઉચ ઉરોજ ત્યાં અતિ સોહ એ,
ફરી ફરી જુએ બાલજી ૪૦.
ઉરમાંહાં રાખ્યો ઉત્સવ રસ એ,
ભકત ભાવ સ્થિર કીધાજી;
ઉદર સરોવર નાભિ ત્યાંહાં એ,
ખેંચી ભકતના મન સહુ લીધાજી ૪૧.

શ્રીહસ્તમાંહાં રસ ઉઝલે એ,
મહા ઉત્સવ બહુ દાનજી;
આપી મનોરથ સિદ્ધ કર્યો એ,
પુરણ કરી સન્માનજી ૪૨.
પહોંચી કરમાંહાં શોભીતા એ,
જડીત ખચીત હીરા લાલજી;
તેહ શોભા શી શી કહું એ,
ધરાવ્યા ભકત રસાલ જી ૪૩.
મુદ્રિકા અંગુલી દલે બહુ એ,
સાદી અનેક જડાવજી;
મોતી પન્ના કમલની એ,
પહેરાવી કરી કરી ચાવજી ૪૪.
કટિ નિતંબ જંઘા પિંડુરી એ,
ધોતી ઉપરેણો સોહેજી;
પીઠ થકી પાછલ લગીએ,
રસિયા સહુ જોઈ જોઈ મોહેજી ૪૫.
જંઘન સ્થલ રસ અદ્ભુત એ,
અતિ થાએ નહીં વિસ્તારજી;
મનોરથ પૂરે ભકતના એ,
ક્ષણ ક્ષણું રસની ધારજી ૪૬.
શ્રીચરણાર્વિંદ પરમ ફલ એ,
મહા ઉત્સવ ફલ રૂપજી;

ભકતના ભાવ પુરણ કર્યા એ,
સોંપી રહ્યાં ત્યાંહાં સ્વરૂપજી ૪૭.
ભકતના રૂપ તે સ્થલ લઈ એ,
રાખીને અવિચલ કીધાજી;
વાંછીય મનના મનોરથ એ,
કરીયને ચરણે લીધાજી ૪૮.
શીખ થકી નખ લગી સ્વરૂપ તે એ,
વર્ણન અતિ હુલ્લાસજી;
શ્રી ચરણે મસ્તક ધરીને એ,
પુરણ કીધી આસજી ૪૯.
મહાશ્રી ઉત્સવે ઉછલીત સહુએ,
નીરખે ઊભા પાસજી;
વલ્લભદાસ સંગે જુએ એ,
ઉત્સવ રસની રાસજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું સત્તરમું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૮.

રાગ:–બાહેર બીજી વાર પધાર્યાનો સમે થયો સહુ જાએ ।
અન્યો અન્ય કહી કહી ને તેડે હૈયલડે હરખ ન માયજી ॥

રાગ:– ધનાશ્રી

ઉત્સવ એ માહા રસ રૂપ તે,
શ્રી વલ્લભ સુખદાઈજી;
ભકત સહુ અંગે આનંદ પ્રગટ્યો,
ઉત્સવ પરમ સોહાયજી ૧.
માંગલ્ય સત્તર પહેલે લખ્યા,
તે ઉત્સવ મહા રસરૂપજી;
ઉત્સાહ કર્યો તે અતિ રસમાતો,
ભકત ભાવ એ અનૂપજી ૨.
કહેસું હવે આ માંગલ્યમાં તે,
ઉત્સવ મહા અતિ સાર;
માંગલ્ય દસને આઠ મલી,
તે શ્રી ઉત્સવ આધારજી ૩.
મહાપ્રભુ ઊભા વેદીની
ચોતરીયે કોલે લાગી,
શ્રીમુખ હસીને આજ્ઞા દીધી,
બોલ્યા રસમાંહાં પાગીજી ૪.

વૈષ્નવ વેગે ન્હાઈ સબ કોઉ,
સાથ સબે મલી આવો;
શ્રીમુખ વચન રસાલા બોલી,
તેડ્યા ભકત સુખાઓ ૫.
ભકત સમાજ સહિત સહુ
આવ્યા ભર્યા મહા રસ રંગ;
નર નારી મલી આવ્યા,
જુથે આપાપણે સંગ ૬.
ભગવદી સહુને રસમાતા,
ધોતી ઉપરેણા સોહે;
ઓઢયા પામરી જોટા રંગરંગ,
રસિયા જોઈ જોઈ મોહે ૭.
તિલક કુમકુમના સોહે ભાલ પર,
માલા બહુ તે સંગ;
જુડો લટકે પીઠે આવી,
શોભા અદભુત રંગ ૮.
ઉત્સાહ સહિત તે સર્વાંગે,
ફૂલ્યા અંગ અંગ આજ;
પરમ સોહાગ ભર્યા શ્રીઉત્સવે,
આવ્યા મલી સમાજ ૯.
રસિયા મહા રંગ ભર્યા અંગ અંગ,
ભૂષણ બહુ ધર્યા સોહે;

સાડીયો છાપેલ ઝલકતી અંગે,
શ્રી વલ્લભ વર મોહે ૧૦.
તિલક સોહાગ ભાગ્ય અતિ પુરી,
નખશીખ રસિક સ્વરૂપ;
મુખની શોભા કયાંહાં લગી કહીએ,
સુંદર રસ ભર્યા રૂપ ૧૧.
એણી ભાંતે સહુ મલી આવ્યા,
વહાલાજીને ઘેર;
બેઠા સઘલે બેઠક ભરાઈને,
આનંદ ભરીયા બહુ પેર ૧૨.
મંગલ રસ ઠોર ઠોરથી ઉપજે,
ગાએ સહુ મલી ધોલ;
મહા ઉત્સવ એણી પેરે થાયે,
તે આનંદ સિંધુ કલોલે ૧૩.
નાથજી મંદિર શ્રી બેઠકમાંહાં,
વહુજીને ઘેર ભરી;
રસોઈ ઉપર બેઠા સહુ કોઈ,
જ્યાંહાં ત્યાંહાં ઉલટ કરી ૧૪.
ત્યારે મહાપ્રભુ ઉત્સાહ સહિત તે,
નિત્ય કૃત્ય કરી અને આવ્યા;
શ્રીઅંગે મહા રસ ભર્યા સોહે તે,
ભક્ત સહુ મન ભાવીયા ૧૫.

શ્રીનાથજી મંદિર આવી બેઠા,
આંગણામાંહાં રસ ભરી;
ભકત સ્વકીય તે પાસે બેઠા,
ઉરમાંહાં સ્વરૂપ એ ધરીય ૧૬.
ભાગ્યરાસ સહુ સ્વકીય જે છે,
શ્રીમુખ નીરખે રંગ;
પ્રાગટ્ય સમયની વાતો પૂછે,
ચલાવે અહે પ્રસંગ ૧૭.
એ શોભા હું શી પેરે કહી શકું,
આનંદના રંગરોલ;
સૃષ્ટિ અલેખે આવી બેઠી,
આપ આપણે ટોલ ૧૮.
મહા પ્રભુ બેઠા ચટાઈએ ચોકમાં,
સન્મુખ જલઘર દ્વાર;
ડોલ તીબારીને વચલે કોઠે,
આગલ બેઠા આધાર ૧૯.
એહ સમે શોભા શ્રીઅંગે,
અલૌકિક ઉત્સવ ફૂલ;
ધોતી ઉપરેણો કેસરી રાજે,
ભૂષણ સોહે અમૂલ ૨૦.
કનક છાપા તેમાંહે ઝલકે,
ચલકે ભૂષણ સંગ;

સોંધે મહેકે અતિ મહેકતો,
સર્વોપર શ્રીઅંગ ૨૧.
છુટા કેશ સચિકણ પીઠે,
લલકતા સુંદર સોહે;
મહા પ્રભુ બેઠા ધામ પ્રસંગે,
સુંદરીના ચિત્ત મોહે ૨૨.
તિલક ભાલ ઉપર કંકુનું તે,
પ્રગટ્યું પુષ્પ અનૂપ;
ભકતભાવ રંગ આરતી સમયનો
આધિદૈવિક સ્વરૂપ ૨૩.
શ્રીમુખ સુંદર મનોહર નેત્ર એ,
રસિયા અતિ સુખદાઈ;
કાનન કુંડલ મુકતા સોહે,
શ્રીવલ્લભ રસરાઈ ૨૪.
શ્રી કંઠે ભૂષણ બહુ રાજે,
મુકતા તણા જે હાર;
માલા સાંકલી પદક જટિત,
ને ભૂષણનો નહીં પાર ૨૫.
શ્રી હસ્તે પોંહોચી અને મુદ્રિકા,
અંગુલી દલે તે બહુ;
વાતો હંસી હંસી કરતા કરસું,
ચલકે ઝલકે સહુ ૨૬.

આનન ચારૂ મહા રસ પુરણ,
પ્રસન્ન એ હેતુ બિરાજે;
નખથી શીખલગી રંગરસ ભરીએ,
કોટી કોટી છબી છાજે ૨૭.
એણી ભાંતે ચટાઈએ બેઠા,
નિત્ય દુલહ મહારાજ;
નામ નિવેદન આપે એ સમય,
શ્રી ઉત્સવ દિન આજ ૨૮.
શ્રીમુખ નીરખે ઠોર ઠોરથી,
ઉઠી ઉઠી આવે;
મહા પ્રભુ બેઠા ફુલ્યા ફુલ્યા,
શોભા અતિ સોહાવી ૨૯.
તેહ સમે ત્યાં લાલજી આવ્યા,
સાથે લક્ષ્મી વહુજી;
દંડવત કરીને વિનતી કીધી તે,
માની પ્રભુએ એ સહુ ૩૦.
ધોતી ઉપરેણો કેસરી સોંધે ભર્યો,
પહેરાવ્યો અતિ સોહે;
તે સમય શોભા એ અનુપમ,
સુંદરી જોઈ જોઈ મોહે ૩૧.
સોને રૂપે ફૂલ મોતીએ,
વધાવ્યા મહા રસ રૂપ;

શ્રી ચરણે આવી મસ્તક ધર્યા,
મનોરથ કીધો અનૂપ ૩૨.
આર્શીવાદ તે દેઈ મહા રસમાંહાં,
શ્રીહસ્ત ધર્યા માથે;
શ્રી વલ્લભ વરે દાન આપ્યાં,
એહોને બહુ તે સાથે ૩૩.
શ્રી મુખે આજ્ઞા ભીતર કહાવી એ,
પાતલો ધરો તેમ વેગ;
મહાપ્રસાદ સબ ભાત મુંગ સંગ,
વ્યંજન પકવાન ભેગ ૩૪.
સખડી સામગ્રી મહા રસ પુરણ,
ભરી પાતલો બહુ;
ખીર સંગે ઘૃત સેવ વડા,
દહીં ગોરસ આદિ સહુ ૩૫.
વ્હાલાજીનો પુત્ર રસાલો એ,
કુંવર વિઠ્ઠલરાય;
આજ્ઞાથી એ પાતલ ધરે તે,
ભકત સહુ મનભાય ૩૬.
ફુલ્યા ફુલ્યા વહુ બેટી સહુ,
આપે પાતલો ભરી;
લઘુ લાઘવમાં ખીર બહુ તે,
ભોજન સમે આવી ધરી ૩૭.

મહા પ્રસાદની પાતલો સર્વત્ર,
ધરીને એણી પેર;
આનંદ પરમ બહુ રસ ઉલટ્યો,
શ્રીગોકુલેશજીને ઘેર ૩૮.
ભકત સહુ મલી ધોલ ગાએ તે,
જન્મયા શ્રીગોકુલનાથ;
અચલ સોહાગ ગાએ તે સહુ મલી,
આવ્યો સુજાતિ સાથ ૩૯.
સજની સહુ મલી ગાએ તે,
આવ્યો રે ગોકુલ કેરો નાથ;
માધવદાસના ધોલ ગાયે સહુ,
ઉમંગ્યા મલી મલી સાથ ૪૦.
મહા પ્રભુની આજ્ઞાથી લાલજી ,
જલેબી આપે બહુ;
હસી હસી માગી લે છે સર્વત્ર
ભકત બેઠા છે સહુ ૪૧.
એણી ભાંતે પાતલ ધરીને,
કુંવર વિઠ્ઠલરાય;
મહા પ્રભુ પાસે આવ્યા વેગે,
વિનતી કરે સુખદાઈ ૪૨.
રાજ પધારો થાલે વહેલા,
પુરણ કીજે કાજ;

એહ વચન સુણી ઉઠયા,
વેગે રસમસતા મહારાજ ૪૩.
લટકતા મલપતા આવી બેઠા,
જગમોહન માંહાં સોહે;
પીઢા ઉપર ભંડાર આગલ,
સહું કોઈના મન મોહે ૪૪.
થાલ કટોરા કનકના બહુ તે,
લાવ્યા સુંદર બાલ;
પડઘી ઉપર આણી મૂકી,
મનોહર રસ ભરી થાલ ૪૫.
જલપાન ગડુઓ ભરીને,
પાસે મુકયો છે તે એહ;
તકીયો રજતનો ઘુંટણે દાબી,
બેઠા વહાલો તેહ ૪૬.
એણી ભાંતે તે પીઢે રાજે,
ભોજન સમે સોહાવે;
સૃષ્ટિ અલૌકિક આવી નિજ ઘેર,
ફુલ્યા બહુ તે એહ ભાવે ૪૭.
શ્રીગુસાંઈજીએ ઉત્સવ કીધો એહ,
પ્રાગટ્ય પુરણ જાણી;
સદાસર્વદા નિત્યનિત્ય એમ એ,
વહાલો કરે ઉર આણી ૪૮.

સ્વકીય પોતાના આવે વરસ દિને,
ફૂલ્યા મારો નાથ;
ભાગ્ય પોતાનું કરી પ્રભુ જાણે,
લેવા આવ્યો સાથ ૪૯.
એ પ્રભુને એ ભકત રસિક સહુ,
એણી પેરે નિત્ય બિરાજે;
વલ્લભદાસ મહાસુખ નિધિ નિરખે
શ્રીગોકુલેશવર ગાજે ૫૦.

ઈતિશ્રીવલ્લભરસાલય રસગ્રંથનું અઢારમું માંગલ્ય સંપૂર્ણ

॥શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૧૯.

રાગઃ–પ્રભુનું ઉત્થાપન સુણી સહુકો મંદિર જાએજી

જીરે શ્રીજીનો મહા ઉત્સવ આજ
શ્રી મંદિરે સોહાયેજી,
જીરે ફુલ્યા વહુ બેટી સહું
ઉત્સવ અતિ મન ભાયેજી ૧.
જીરે ભકત સમાજ તે ત્યાંહાં બેઠો
મહાપ્રસાદ લેવા આવ્યાં સહુજી,
જીરે શ્રી ઉત્સવના દાન એ
લેવા આવ્યા મલી બહુજી ૨.

જીરે રસિયા મલી સહુ રસ રંગે
સૃંગાર સહિત સોહે તેહજી,
જીરે ઠામ ઠામ સહુ ગાએ તે
આનંદે ફુલ્યા એહજી ૩.
જીરે પાતલો ધરી છે સર્વત્ર
એહ શોભા કહીય ન જાયજી,
જીરે મહાપ્રસાદ અતિ મહમહે
સુવાસે મન તે અઘાયજી ૪.
જીરે શ્રી ઉત્સવ અતિ રળીયામણો
વાધ્યું રસતણું પુરજી,
જીરે મહાપ્રભુ બેઠા થાલે ત્યાંહાં
એ દીસે રસ ભર્યા સુરજી ૫.
જીરે આવે પરોસવા વહુ બેટી
ઉત્સાહ સહિત તે વેગજી,
જીરે લાવે સામગ્રી સહુ મલી
બહુ પાત્રે ભરી ભરી ભેગજી ૬.
જીરે પ્રથમ સેવ ધૃત માંગલ્ય
ધરે થાલમાં ઉલટ ભરીજી,
જીરે પછે સામગ્રી અનેક તે
સુંદર લાવે થાલો ભરીયજી ૭.
જીરે સુંદર સ્વચ્છ ભાત તાતો
સુંદર મુગ ધૃત ફરહરે એ સારજી,

જીરે કટોરા ભરીને ધૃત ધર્યું
એહ સોધુ તપ્ત અપારજી ૮.
જીરે સુંદર મીરચ સહિત તે
કઢી ઉષ્ણ કટોરા માંહાંજી,
જીરે ચમચો મુકયો એ કનક તણો
તે કટોરા ઉપર સોહાયજી ૯.
જીરે મુખ્ય થાલમાંહાં એ ધર્યા
પ્રભુ પ્રથમ આરોગશે એહજી,
જીરે માહાપ્રભુને એ સુખદ ઘણું
રૂચી એહ ઉપર તે બહુજી ૧૦.
જીરે વ્યંજન ભાંત ભાંતના તે
ધર્યા કટોરા ભરી ભરી બહુજી,
જીરે રજત કનકના અતિ સોહે
તે પડઘા પાસે સહુજી ૧૧.
જીરે ભોજન કરતા તે સમય
રોટી પુરી ખીર લાવે સંગજી,
જીરે તીનકુડા સંજાવને દહીંવડા
એ માંગલ્ય રંગજી ૧૨.
જીરે દૂધ તાતુ ને ગોરસ બહું
પાપડ વડી સંધાણાં અનૂપજી,
જીરે એણી ભાંતે લાવે કુલવધુ
તે જુએ શ્રીગોકુલભૂપજી ૧૩.

જીરે પકવાન બહુ બહુ ભાંતના
પરોસે છે રસ રેલજી,
જીરે સખડી પાક બહુ ભાંતનાં
તે પરોસે છે રેલ છેલજી ૧૪.
જીરે જલેબી સર્વોપર એહ તે
શ્રી ઉત્સવનો એ ભોગજી,
જીરે પ્રથમ ભોગ શિરતાજ એ
પ્રાગટ્ય દિવસે સંજોગજી ૧૫.
જીરે રાજભોગ સુખભોગ એ
ભોજન સમય અતિ રસાલજી,
જીરે એણી ભાંતે પ્રભુ આગલ એ
ભોકતા શ્રીરુક્ષ્મણિલાલજી ૧૬.
જીરે બાલક સહુ સંગે સોહે
પાંગત્ય બેહુ પાસા હારજી,
જીરે જ્ઞાતવર્ગ એ મલી મલી બેઠા
તેહ તણો ત્યાં નહીં પારજી ૧૭.
જીરે એહોને પરોસે એહ વિધિ કરી
પાતલો તે ભરી ભરી બહુજી,
જીરે શ્રીઉત્સવનો નેગ તે
એહ દિવસે આવે સહુજી ૧૮.
જીરે એણી ભાંતે પ્રભુ પાસે
એ મલી બેઠા ઉલટ ભરજી,

જીરે વાતો કરે માહાપ્રભુ સાથે
પરસ્પરે આનંદ કરીજી ૧૯.
જીરે શ્રીવિઠ્ઠલજીનો લાડીલો
મધ્ય નાયક સંગ સમાજજી,
જીરે શ્રીઅંગવદ સૃષ્ટિ રસે ભરી
રસે ભરીયા શ્રીમહારાજજી ૨૦.
જીરે માહાપ્રભુને ઉત્સાહ ઘણો
નિજ ઘેર સૃષ્ટિ સહુ આવીજી,
જીરે મનોરથ વરસ એક તણો
તે પુરણ થયો આજ ભાવીજી ૨૧.
જીરે શ્રીમુખે પરમ ઉત્સાહસું
કહ્યુ સહુ લ્યો તુમ માહા પ્રસાદજી,
જીરે ભકતને લેવરાવી લે છે પ્રભુ
અંગ અંગ અતિ અહલાદજી ૨૨.
જીરે પછે પોતે ભોજન કરે
ત્યાંહાં હોયે બહુ જય જયકારજી,
જીરે સર્વત્ર પોહોંચી વધામણી
ભોજન કરે પ્રાણઆધારજી ૨૩.
જીરે ભકત સહુ મહા પ્રસાદ લે
ઠામ ઠામે ટોલે ટોલજી,
જીરે સ્વાદ તે અતિ સહરાઈને
કહે વાતો રંગના રોલજી ૨૪.

જીરે મહાપ્રભુ ભકત સંગે મલી
આજ ભોજન કરે રસભેરજી,
જીરે પરસ્પરે રસ ઉઝલ્યો
એણી ભાંતે વહાલાજીને ઘેરજી ૨૫.
જીરે કયાંહાં લગી કહું એ આનંદમઈ
માહાઉત્સવ અતિ સુખધામજી,
જીરે આનંદ પરમાનંદ રાજે
તેણે ગાજે શ્રીગોકુલ ગામજી ૨૬.
જીરે એણી ભાંતે સુખ આપીયા
ભોજન કર્યા વહાલાજીને સાથજી,
જીરે વેગા વેગા મલી ઉઠીયા
લેઈ પાતલો ધરી સહુ હાથજી ૨૭.
જીરે બીડા આપ્યા સહુ ભકતને
ભાગ્યરાસ તે ઉલટ ભર્યાજી,
જીરે મનોરથ ઘણા દિવસના
જે પ્રભુ પુરણ કર્યાજી ૨૮.
જીરે અચવ્યા સહુ વેગે કરી
મુખ માંહાં ભર્યા તંબોલજી,
જીરે વસ્ત્ર સુંદર વાગા ધર્યા
સોહે ભૂષણ બહુ મોલજી ૨૯.
જીરે આનંદ ભર્યા શ્રીબેઠકે
ત્યાંહાં નરનારી મલી આવ્યાજી,

જીરે મહાપ્રભુને પહેરામણી કરવા
તે સાજ સહુ લાવ્યાજી ૩૦.
જીરે વાટ જુએ માહા પ્રભુની
તે નિરખવા શ્રીમુખ ચારૂજી,
જીરે એટલે આવી વધામણી
અચવે છે પ્રાણઆધારજી ૩૧.
જીરે બેઠા જલઘરે નાથજી
અચવે છે સુખનું નિધાનજી,
જીરે નિત્ય દુલહ સુંદરવર
એહોની શોભાતણું નહીં માનજી ૩૨.
જીરે ત્યાંથી વેગ પોધાર્યા
અચવ્યાની વિધી સહુ કરીજી,
જીરે લટકતા આવ્યા શ્રીવલ્લભવર
શ્રીબેઠકે મહા રસ ભરીજી ૩૩.
જીરે આવી આંગણમાંહાં ઊભા રહ્યા
નખશીખ એહ સ્વરૂપજી,
જીરે ધોતી ઉપરેણો કેસરી
સર્વાંગે સુંદર રૂપજી ૩૪.
જીરે જ્ઞાતબંધુ સહુ એહ સમે
આશિષ દે વેદ ઉચ્ચારીજી,
જીરે ઉપરેણો મહાપ્રભુ ધરી રહ્યાં
ત્યાંહાં અક્ષત મુકયા સારજી ૩૫.

જીરે મસ્તક પોતે ધરી ત્યાંહાં
છબી સોહે પ્રાણઆધારજી,
જીરે એણીપેરે કરી વિદાય કર્યા
બીડા આપ્યા એહોને અપારજી ૩૬
જીરે જયજય જયજય થઈ રહ્યો
એ નિરખે તે સહુ સમાજજી,
જીરે ઘેરી ઊભા રસભક્ત ત્યાંહાં
મધ્ય રાજે શ્રીવલ્લભરાજજી ૩૭.
જીરે શ્રી મંદિર સુંદર ઘણું
ચિત્ર વિચિત્ર કર્યા સહુ ધામજી,
જીરે સમીયાણાં ટેરા પડદા
પિછવાઈ બાંધ્યા સહુ ઠામજી ૩૮.
જીરે ગાદી તકીયા નૌતન તે
તિબારી બિચમાં સોહેજી,
જીરે જાજમ દુલીચા મકમલી
છોટો તકીયો જોઈ સહુ મોહેજી ૩૯.
જીરે ફુંદણાં લટકે જડાવના
બેહુ તકીયે ત્યાંહાં બેહુ પાસજી,
જીરે એણી ભાંતે એ આસન રચ્યું
મનોરથ એ મહા ભાગ્યરાસજી ૪૦.
જીરે મહાપ્રભુને વિનતી કરી
પધરાવ્યા આસન સારજી,

જીરે આવીને ત્યાંહાં બિરાજ્યા
શ્રીવલ્લભવર આધારજી ૪૧.
જીરે મહારસ શ્રીઅંગે છેલીયો
બીડા આરોગે મહારસ રંગેજી,
જીરે કપુર ચુનો શીતલ એહ
શ્રીમુખમાંહાં ધરે તે સંગેજી ૪૨.
જીરે એણી ભાંતે શોભા ભર્યા
ઉતર દીશા સન્મુખ રાજેજી,
જીરે દાન તે એહ સમય આપવા
આસન પર બેઠા ગાજેજી ૪૩.
જીરે એ જોઈ ભાગ્યરાસ આવ્યા
વિનતી કરી પાગ ધરાવીજી,
જીરે કેસર સોંધે રંગ ચુચુતી,
તે શ્રીમસ્તકે સોહાવીજી ૪૪.
જીરે મોહન વરને એ પ્રેમસું
તે વાગો ધરાવે અંગજી,
જીરે છાપેલ ઝલકતો શ્રીઅંગે
તે લાલ કભાય સુરંગજી ૪૫.
જીરે જોડી કરી ધરાવી તે
પટાદાર સંગે સુખરૂપજી,
જીરે ધોતી ઉપરેણો તે કેસરી
પહેર્યા છે તે અતિ અનૂપજી ૪૬.

જીરે પટકો પામરી જોટો તેહ
એ ધરાવ્યો વહાલાને અંગજી,
જીરે ફરગુલ સુંદર છીંટની
ધરી તકીઆ ઉપર સંગજી ૪૭.
જીરે એહ વિધિ સોહે પહેરામણી
એ કીધી તે ભાગ્યરાસજી,
જીરે શ્રીગોકુલપતિ મોહનવરે
વાગો ધરીયા અતિ હુલ્લાસેજી ૪૮.
જીરે ભેટ ભૂષણ દ્રવ્ય ધરીને
વાગો ધર્યો અંગે તે શિષજી,
જીરે હવે કહેસું બીજે માંગલ્યે
પહેરશે શ્રીગોકુલેશજી ૪૯.
જીરે અધિક અધિક રસ વાધતો
મહા ઉત્સવ સુખનું ધામજી,
જીરે મહેદ સંગે એ સિદ્ધ થાશે
વલ્લભદાસ પુરણ કામજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલ્ય રસ ગ્રંથનું ઓણીસમું માંગલ્ય સંપૂર્ણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય – ૨૦.

રાગ:– ભીડ થઈ માહા મંદિરે સુંદરી સખી ગણ આવેજી

પરમ મહા શ્રી ઉત્સવ
ફુલ્યા શ્રી વલ્લભ રાયજી,
શ્રીઅંગે પ્રફુલ્લિત અતિ ઘણું
શોભા તે કહીય ન જાયજી ૧.
ગાદી તકીએ બિરાજે છે
સુંદર મનોહર રૂપજી,
રસભર્યાં રંગભર્યાં અંગ અંગ
રાજે શ્રીરસિક સ્વરૂપજી ૨.
વાગો ધરી અને બેઠા છે
મોહન વર અતિ રસાલજી,
અદભુત શોભા પ્રગટ શ્રીઅંગ
શ્રી રુક્મણિજી નો લાલજી ૩.
એણે સમય ભાગ્યરાસ તે
બેઠા છે વરજીની પાસજી,
શ્રીમુખ નિરખે ફરી ફરી
હૈયડે તે અતિ હુલ્લાસજી ૪.
વાગો ધરાવીને વિનતી કરે
તે મોહનભાઈજી,

છોટા મોટા સહુ સમરપીયા
સંગે તે ગોકુલભાઈજી ૫.
વલ્લભભાઈને ગિરધરભાઈ
એહો સંગે એ સમે સોહેજી,
મોતીની માલા ને મુદ્રિકા
સમર્પી ત્યાંહાં શ્રીઅંગે મોહેજી ૬.
રસ ભર્યા વૃદ્ધને તરૂણ તે
દાદા નારાયણજી તણું કુલજી,
ભેટ ભૂષણ બહુ ભાંતની
ન્યારીન્યારી સમર્પે તે અમુલજી ૭.
મનોરથ એણી પેરે કરીને
શ્રીચરણે ધરે માથજી,
ગોકુલપતિ એ મોહનવર
ઉઠાવે પરસી હાથજી ૮.
મહાદાન આપ્યાં એણી પેરે
અવિચલ કીધો નિત્ય સોહાગજી,
શ્રી વલ્લભવર રસ ભર્યા
પરસ્પર વાધ્યો અનુરાગજી ૯.
માંગલ્ય દશને નવ કરી,
ઉત્સવ લખી આવ્યા અતિ સારજી,
વીસમે માંગલ્યે લખીએ
તે વિંન આધારજી ૧૦.

ગાદી તકીએ બિરાજતાં
બીડી આરોગે વારંવારજી,
અધરામૃત રસ આપીને
જલ પાન શ્રીમુખ ચારૂજી ૧૧.
એહ સમય મહા દાન હોય છે
મહા રસવૃષ્ટિ બહુ થાયજી,
સૃષ્ટિ અલેખે એ મલીય છે
પહેરામણી કરવા સુખદાયજી ૧૨.
શ્રીબેઠકની તીબારીએ
ભગવદી સ્વકીય સમાજજી,
વાગા અતિ સુંદર પહેરીને
બેઠા એ ઘરે મહારાજજી ૧૩.
આંગણામાંહાં તે કીર્તન કરે
આવ્યા છે કીર્તનીયા મલી બહુજી,
દશો દીશથી વલી વલી
વાગા ભૂષણ સોહે સહુજી ૧૪.
તાલ પખાવજ સહિત તે
નૃત્ય કરે છે ટોલે ટોલજી,
રાગ તાન એ બંધાનસું
જનમવેલ ગાએ રંગ રોલજી ૧૫.
ગાન કરે ભાવ દેખાડી
મહાપ્રભુ સુણે સુખદાઈજી,

તંબુરાં જંત્ર સારંગી એ
માહારસે રિઝયા ગોકુલરાયજી ૧૬.
ચોકને બીચ શોભા ઘણી
ભીડ તણો નહીં પારજી,
એક ઉપર એક નમી નમી
શ્રીમુખ જુએ વારંવારજી ૧૭.
સમૃદ્ધ ઊભી અલેખે ને
બેઠા છે સઘલે ભરાઈજી,
રસભકત જલઘરે ભરીને
બેઠા એ પ્રિય સુખદાઈજી ૧૮.
સન્મુખ અટાલી ઉપર
બેઠા છે રસિયા તે બહુજી,
સૃંગાર નૌતન કરી કરી
રસ ભર્યા ઊભા છે સહુઅજી ૧૯.
નિરખે વહાલાજીની શોભા એ
પહેરામણી હોએ તેહજી
મુંડેરી છજે ને ચોખંડીએ
ડોઢીએ બેઠા સહુ એહજી ૨૦.
ઉત્સવે શોભા શોભા થઈ
ફરે તે ભકતને સંગેજી,
તેહ શોભાનું સ્વરૂપ તે
અલૌકિક ભરીઓ છે રંગેજી ૨૧.

થાય છે હવે એ પહેરામણી
ભકત મલ્યા રંગ રોલજી,
મહા પ્રભુ બેઠા આસન પર
આનંદ સિંધુ ઝક ઝોલજી ૨૨.
રસભકત સહુ મલી આવ્યા તે
ઊભા છે સન્મુખ ટોલજી,
ઉત્સાહ પરસ્પર થઈ રહ્યો
આનંદ પરમ કલોલજી ૨૩.
શ્રીમુખ નિરખે હરખે એ
ચિત્ત ફુલ્યા એ અંગ ન માયજી,
નિકટ વહાલાજીને સન્મુખ
ચોતરીએ સુખ થાયજી ૨૪.
ચિતવનીએ મહાદાન તે
હોયે પરસ્પર રંગજી,
રસમાંહાં ઝાકમ ઝોલ એ
સુંદરી સહુ મલી સંગજી ૨૫.
વરજીની છબી તે નિરખે છે
પહેરામણી અતિ સારજી,
માહા શ્રીઉત્સવ અભિનવો
મનોરથ રસ તણી ધારજી ૨૬.
ભગવદી લાવ્યા પહેરામણી
ભાવ તે એહોના રસાલજી,

શ્રી ઉત્સવ એ પ્રાગટય દિન
શ્રીવિઠ્ઠલજી કુંવર લાલજી ૨૭.
મહા દાન આપે છે ભકતને
એહ સમય અતિ ઉદારજી,
જય જયકાર કરે સહુભકત એ
તે તે માની લે છેપ્રાણઆધારજી ૨૮.
રાયજી બેઠા છે આગલ
લાલજી બાલક સંગેજી,
શ્રીઉત્સવ તેઆનંદ ઘણો
ફુલ્યા એ આનંદે અતિ અંગેજી ૨૯.
એહ સમય કરે પહેરામણી
શ્રીચરણે ધરી માથજી,
સેવક સૃષ્ટિ અનેક વિધિ
ઉત્સાહ સહિત મલી સાથજી ૩૦.
શ્રીઅંગે પેહેરાવે સ્નેહ ભર્યા
કભાય તે રંગ રંગ ભાંતજી,
લાવ્યા છે સુંદર કરીને
ભાંત ભાંતની સહુ ખાંતજી ૩૧.
તેહના નામ વિશદ કરૂં
સાંભલજો સુખદાઈજી,
સંક્ષેપે કરીને લખીયા
તે નામ પરમ રસરાઈજી ૩૨.

રંગ રંગ ભાંતના એ
જુજુવી રેશમ ને કંદ બહુજી,
છીંટ તે બહુ બહુ ભાંતની
મછલીપટણી એ સહુઅજી ૩૩.
લાલ હરીત પીત બહુ રંગ
શ્યામ ને જંગાલી એ રંગજી,
કમલ પત્ર રંગ સોસની
આસમાની છે તે સંગજી ૩૪.
લાખી તેજ દાર રંગ ગેહરો
કેશરી નારંગી રંગ એહજી,
કસુંબી કીરમજી પ્યાજી
બદામી રંગ સંગ તેહજી ૩૫.
ગુલગુ ને ગુલાબી પીસતાકી
તોતકી ચુચુતો રંગ રાતોજી,
બાંધણું ભાંત ભાંતની
ચુનડીયા રંગ સોહતોજી ૩૬.
વીરબોટી રંગરંગ બુલબુલ
ચસ્મા એ સુંદર કભાયજી,
સાદી છીંટની કોમલ રંગ રંગ
બુટા તેમાંહાં સોહાયજી ૩૭.
મછલી–પટણી ઉપર છાપા
તેમાંહાં અતિ ઘણું મોહેજી,

વિલાયતી બહુ કારી ઝલકતી
પહેરી તે શ્રીઅંગે સોહેજી ૩૮.
આસમાની ને પટાદાર
લાલ રેશમી સહુ તેહજી,
સોને રૂપે કરી ભરી ભરીને
છાપી છે સુંદર એહજી ૩૯.
શ્રીઅંગે પહેરી તે ઝલકતી
ચલકતી રસિયા જોઈ મોહેજી,
એણીભાંતે કભાય બહુએ
અગણિત પહેરી અતિ સોહેજી ૪૦.
તિલક તાસ ને મરકજર
કભાય બહુ અતિ સારજી,
દુમાસ કસુંબી બુટાદાર છે
તેહ તણો ત્યાંહાં નહીં પારજી ૪૧.
નીમા તે છોટાને મોટા એ
ભાંત ભાંતના લાવે ભકતજી,
મહપ્રભુ નિત્ય અંગી કરે
રસભર્યા એહોસું અનુરકતજી ૪૨.
નિત્ય કૃત્ય સમે નીમો સુતર
રેશમી અપરશ કાજજી,
શીત સમય સુખદ ઘણું એ
પહેરે છે શ્રીઅંગે મહારાજજી ૪૩.

એહ વિધિસું બહુ કભાય તે
શ્રીઅંગે ઝલકતી પહેરેજી,
અતલસ રૂઈ કોમલ બંધ
મગજી ઉતુ રંગ ગેહેરેજી ૪૪.
એહ છબી શ્રીઅંગે અનુપમ
શોભા તે કહીય ન જાયજી,
માહા રસ દાતા શ્રી વલ્લભ વર
ભકતને મહા સુખદાઈજી ૪૫.
પાગ તે બહુ ભાંત ભાંતની
કેસરી સુપેદ રંગ અનુપજી,
સોહે શ્રી મસ્તકે અતિ ઘણું
છેલ છબીલું એહ રૂપજી ૪૬.
પટુકા તે બહુ બહુ ભાંતના
છોટા મોટા ને રંગદારજી,
કટિ પર રાજે તે અદભુત છબિ
ચાલે ત્યાંહાં રસતણી ધારજી ૪૭.
ધોતી ઉપરેણાની જોડી તે
રાખે છે આગલ બહુઅજી,
તેહના નામ સંક્ષેપસું કહેસું
આગલે માંગલ્યે સહુજી ૪૮.
સાથ સુજાતી સહુ મલી
પહેરામણી કરે એહજી,

ભેટ ભૂષણ દ્રવ્ય અનેક તે
ગોપ્ય ભાવે ધર્યા તેહજી ૪૯.
અષ્ટ–સિદ્ધિ ને નવ–નિધિ
ઊભી છે શ્રીજીને દ્વારજી,
મહેદને સંગે એ પામ્યા
વલ્લભદાસ શ્રી સ્વરૂપ આધારજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું વીસમું માંગલ્ય સંપૂરણ

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૨૧.

રાગઃ– શ્રીગોકુલેશ શોભા અતિ ઘણી,આવ્યો ઋતુનો રાયજી

જીરે મહા શ્રીઉત્સવ શોભીએ
શોભા શ્રીગોકુલ ગામજી,
જીરે શ્રીબેઠક મહારસે ભરી
બિરાજે પુરણ કામજી ૧.
જીરે રસ અગાધિ અતિ ઉઝલ્યો
શ્રીઅંગે મહારાજજી,
જીરે પરમ કુતુહલ થઈ રહ્યું
શ્રીમંદિરે શીરતાજજી ૨.
જીરે નરઘા રણકે છંદસું

ઉપજ્યો મહા રસ રંગજી,
જીરે ભગવદી ગાએ સહુ મલી
તાલ પખાવજ છે સંગજી ૩.
જીરે ધન્ય ધન્ય માતા શ્રીરુક્મણિજી
જાયા શ્રીવલ્લભલાલજી,
જીરે સજની સાંભલો વાત એ
ગાયે રસિયા બાલજી ૪.
જીરે એણી ભાંતે સહુ ભકત એ
ગાયે ઉત્સવના ધોલજી,
જીરે માંગલ્ય માંગલ્ય થઈ રહ્યું
માંગલ્યના રંગ રોલજી ૫.
જીરે વીસમે માંગલ્યે કરી લખ્યો
મહારસ ઉન્મત તેહજી ,
જીરે માંગલ્ય વીસને એકમાં
લખીએ મહા સુખ એહજી ૬.
જીરે મહાપ્રભુ રાજે આસન પર
સુંદર શોભા સોહેજી
જીરે શ્રી વલ્લભવર રસ ભર્યા
ભકત શ્રીઅંગે મોહેજી ૭.
જીરે પહેરામણી હોએ અતિ ઘણી
સૃષ્ટિ તણો નહીં પારજી,
જીરે તે લખી આવ્યા ઉત્સાહસું

પ્રથમ માંગલ્યે વિસ્તારજી ૮.
જીરે હવે લખીએ તે મહા રસ
ભગવદી રહ્યાં છે તેહજી,
જીરે કભાયને દુતો એકતઇ
સમર્પે આણી આણી તેહજી ૯.
જીરે ફરગુલ પામરી જોડ તે
રંગ રંગ ભાંતના બહુજી,
જીરે એકથી એક સરસ લાવે
તોષ સુપેદ રંગ સહુઅજી ૧૦.
જીરે ભકત સુશીલ મહા રસે ભર્યા
રૂપણ ભગત તેહનું નામજી ,
જીરે મહાપ્રભુસું અનુરકત તે
વાસ લાહોરપુર ગામજી ૧૧.
જીરે રંગીન કોમલ લાલની
કભાય તે લાવ્યા દાસજી,
જીરે શ્રીઅંગે પહેરાવ્યા
લગાવ્યા ભીતર સુવાસજી ૧૨.
જીરે મહા પ્રભુ સદા પ્રસન્ન રહે
જાણી એ સદ પાત્રજી,
જીરે એક સમય માલા તુલસીની
આપી ભર્યા રસ ગાત્રજી ૧૩.
જીરે એણે સમય એક ભકત ત્યાંહાં

શ્રીકઠે ધરી બે માલાજી,
જીરે સદપાત્રને દાન આપ્યાનું
બમણું ફલ એ રસાલજી ૧૪.
જીરે શ્રીમુખે હસીને એમ કહ્યું
હમકું ભયો તાં સદ્યજી,
જીરે એવા ભકત સહુ પ્રભુ તણા
એ જણાવ્યા કહી અણ–વધ્યજી ૧૫.
જીરે ધોતી ઉપરેણા સુંદર ઘણું,
રંગમાં રંગી તેહજી,
જીરે વાગો સહિત ધરાવીયા
ભાંત ભાંતના તે એહજી ૧૬.
જીરે કેસરી પુરણ રંગ ભર્યા
ને છાંટી કીનારીના બહુજી,
જીરે સોંધે મહેદે અત્તરે સણ્યા
એણી ભાંતના સહુઅજી ૧૭.
જીરે સુપેદ જોટા તે મિહીન ઘણું
કોમલ સુખદ અપારજી ,
જીરે એહ સહુ તે આગલ ધર્યા
પેહેરવા પ્રાણઆધારજી૧૮.
જીરે નાહવાને સમય અંગી કરે
ભકતના ભાવ રસાલજી ,
જીરે સદા સર્વદા સૃંગાર એ ધરે

શ્રીવલ્લભવર લાલજી ૧૯.
જીરે એણી ભાંતે પહેરામણી
ભાવ અનેક તે કરીજી,
જીરે મનોરથ સહુના પુરણ કર્યા
વાગા શ્રીઅંગે ધરીયજી ૨૦.
જીરે રાત્ર લગી એ મહા રસ
ઉઝલે ભકતને અંગજી,
જીરે ભેટ કરે સહુ આવી
શ્રી ચરણે રસ રંગજી ૨૧.
જીરે ભાવ સહુના અનેક વિધિ
એક એકનાં ન્યારા રૂપજી ,
જીરે તેણી ભાંતના દાન દે
એ પ્રભુનું ચરિત્ર અનૂપજી ૨૨.
જીરે જેહના જેહવા ભાવ છે
તેહોને   તેહવા દાનજી ,
જીરે સૃષ્ટિ છે ત્રણ પ્રકારની
એહ દીધા તેહવા માનજી ૨૩.
જીરે મહાપ્રભુ મહારસે પુરણ
શ્રી ઉત્સવે   ઉદારજી,
જીરે અખંડીત ધારા એ
દાન દે જીવન પ્રાણઆધારજી ૨૪.
જીરે કીરતનીયા સહુ આશ્રીત

એ પહેરાવ્યા તેહના નેગજી,
જીરે કભાય વસ્ત્ર બહુ ભાંતસું
આપ્યા કરી કરી ભેગજી ૨૫.
જીરે પરમ આનંદ સુખ પામીયા
આશિષ દેઈ દેઈને નાચેજી,
જીરે ચિરંજીવો શ્રીગોકુલપતિ
કહે ભાટ ભિક્ષુક મુખ સાંચેજી ૨૬.
જીરે ઉત્સાહમાં એ સમય થયો
ઉત્થાપન અતિ સારજી,
જીરે વાજીંત્ર વાજે ઘોષાસહું
દક્ષણી વાજા અપારજી ૨૭.
જીરે ચૌદ લોક ગાજી રહ્યું
આકાશે ઘન ઘોરજી ,
જીરે એહોને આપી ન્યોછાવરી
વજાડે નગારાની જોડજી ૨૮.
જીરે ધમકે શ્રી બેઠક બહુ
કાને ન સુણીએ કાંઈજી,
જીરે ઠામ ઠામ આનંદમઈ
ભીંતોં માંહાં પડે ઝાંઈજી ૨૯.
જીરે દ્રવિત થઈ ભીંતો સર્વત્ર એ,
મહા ઉત્સવની લેહેરજી,
જીરે આનંદ પરમાનંદમઈ

શ્રીગોકુલેશ નિજ ઘેરજી ૩૦.
જીરે મહાપ્રભુ બેઠા આસન પર
ભગવદી અનેક સમાજજી,
જીરે ફૂલ્યા ફલ્યા શ્રીઅંગે
બિરાજે શ્રીમહારાજજી ૩૧.
જીરે એણે સમે ભાગ્યરાસ તે
ઉઠયાં રસમાંહાં ભલીજી,
જીરે કેસર રસ લેઈ હાથમાં
સાથ સુજાતી મલીજી ૩૨.
જીરે છીરકે સર્વત્ર ભકતને
કેસરના રંગ રોલજી,
જીરે મહા રસ ઉઝલ્યો એ લેહેરમાં
એમ કીધા ઝાકમ ઝોલજી ૩૩.
જીરે વાગા સુંદર સોહે અતિ ઘણું
મસ્તકે પાગ અનૂપજી,
જીરે ચોલણા પટકા કટિ પર
સોહે સુંદર સ્વરૂપજી ૩૪.
જીરે એણી ભાંતે વાગા સહુ
છીરકયાં કરી કરી ખાંતજી,
જીરે સોંધા મેદ લગાવીયા
ચોલણો ભરી બહુ ભાંતજી ૩૫.
જીરે રંગરંગ રંગરંગ થઈ રહ્યો

ભકતને અંગ અંગજી,
જીરે નખશીખ મહારસ છેલ્યો
મહા પ્રભુને સંગે રંગજી ૩૬.
જીરે છીરકે કેસર સર્વત્ર ભરી,
અને કુમકુમ રસ તણી રેલજી,
જીરે ઉપર નીચે તે ભકતને
ભરીયા રસ રેલ છેલજી ૩૭.
જીરે શ્રીવિઠ્ઠલજી પ્રાગટ્ય સમય
કીધો ઉત્સવ એહજી,
જીરે રુક્મણીજી માતૃ ચરણે
મહોરથ એણી પેરે તેહજી ૩૮.
જીરે તેહ સમય એ પ્રાગટ્ય હવો
પ્રગટયા શ્રીવલ્લભલાલજી,
જીરે તેણે ભાવે એ સહુ કરે
રસિયા ભકત રસાલજી ૩૯.
જીરે મનોરથ પૂરે શ્રી ગોકુલપતિ
મોહન સુંદર રૂપજી ,
જીરે મહાદાન આપે શ્રીવલ્લભવર,
ભકતને આજ અનૂપજી ૪૦.
જીરે ઘણા ઘણા દિવસના મનોરથ
પુરણ પ્રભુએ કીધાજી,
જીરે પ્રભુના કર્યા ભકતે મલી

મનોરથ વહાલાજી ના સીધાજી ૪૧.

જીરે એણી પેરે પરસ્પરે
દાન આપ્યાં તે અવારીજી,
જીરે લીધા દાન પરસ્પરે
મહા રસ અતિ સુખકારીજી ૪૨.
જીરે શ્રીગોકુલનો ધણી
એહ ભકતસું સહું અનુરકતજી ,
જીરે મહારસ વૃષ્ટિ બહુ કરી
એ રસમાંહાં ભીંજ્યા ભકતજી ૪૩.
જીરે ગાદી તકીએ બિરાજતાં,
ચિતવની પરમ રસાલજી,
જીરે ભકત સહુ કેસર ભર્યા
અવિલોકે શ્રીવલ્લભલાલજી ૪૪.
જીરે શ્રીમુખ જુએ છે ભકત ત્યાંહાં
સુંદર મનોહર રૂપજી,
જીરે હાસ્ય વચન કહે સહુ મલી
માહા રસ રસિક સ્વરૂપજી ૪૫.
જીરે અતિશય મીઠું લાગે એ
શ્રીસ્વરૂપ જોઇ ઉરમાંહાંજી,
જીરે વાગો ધર્યો અતિ શોભિતો
ઝલકે શોભા ત્યાંહાંજી ૪૬.
જીરે બીડી આરોગે મહારસ ભરી

વારંવાર જલપાનજી,
જીરે અધરામૃત આપે ભકતને
વેહેંચી કર્યા બહુ દાનજી ૪૭.
જીરે એણે સમય ભીતર પહેરામણી
ભાગ્યરાસ કરેતે આજજી,
જીરે વિનતી કરે મહાપ્રભુને
ચાલ્યા કરવા સમાજજી ૪૮.
જીરે વહુ બેટી સહુ હરખીયાં
પહેર્યાં પટોલા ચીરજી,
જીરે ભેટ કરે ભૂષણ આપ્યાં
તિલક કર્યા મહા ધીરજી ૪૯.
જીરે શ્રી ગોકુલેશવર મહાપ્રભુ
સ્વતઃ આપ્યું ઉદ્ધરણજી,
જીરે મહેદને સંગે એ પામીયાં
વલ્લભદાસ શ્રીચરણજી ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસગ્રંથનું એકવીસમું માંગલ્ય સમાપ્ત

==========================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥
શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૨૨.

<u>રાગ: શ્રી વિઠ્ઠલનો લાડીલો.....</u>

જીરે મહાપ્રભુનો એ પરમ રસ,
પ્રાગટ્ય દિન માંગલ્ય રૂપ શ્રી અંગ મહારસ ભર્યા
જીરે સ્વરૂપ એ પરમ આનંદમઈ
શ્રીવલ્લભ રસિક સ્વરૂપ શ્રીઅંગ મહારસ ભર્યા ૧.
જીરે મહારાજા રાજેશ્વર
રાજે ગાદી તકીએ ઉદાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ઉત્થાપનનો સમય એહ
ભક્ત નિરખે પ્રાણઆધાર શ્રીઅંગ મહારસ ભર્યા ૨.
જીરે પહેરામણીનો સમય એહ
મહા શોભા પરમ અનૂપ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મનોરથ સહુ એ પુરણ કર્યા
બિરાજે શ્રીગોકુલ ભૂપ શ્રીઅંગ મહારસ ભર્યા ૩.
જીરે એકવીસ માંગલ્યમાંહાં રસ
કહી આવ્યા તે ઉત્સવ સાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે કહીએ હવે એ પરમ રસ
માંગલ્ય બાવીસે વિશેષ વિસ્તારશ્રીઅંગમહારસ ભર્યા .૪.
જીરે શ્રીગોકુલેશ વર અદ્દભુત
એ પ્રાગટ્યને ભકતને કાજ શ્રીઅંગ મહારસ ભર્યા

જીરે દાન આપે માહા રસ ભર્યા
શ્રી ઉત્સવના મહારાજ શ્રીઅંગ મહારસ ભર્યા ૫.
જીરે એણે સમયનો એ પરમરસ
શ્રી સ્વરૂપ વર્ણન અતિ સાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મહેદની કૃપા થકી એ લખ્યું
મારૂં જીવન પ્રાણઆધાર શ્રીઅંગ મહારસ ભર્યા ૬.
જીરે મહેદના ચરણ તે ઉર ધરી,
શ્રી ચરણાર્વિંદ સૃંગાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરેએહ સ્થલે શિષ ત્યાંહાં ધરીને
દંડવત કરી લખ્યું રસસાર શ્રીઅંગ મહારસ ભર્યા ૭.
જીરે માહારો મનોરથ પુરવો
પોતાનો જાણી નિજ દાસ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે પ્રાર્થના એ મેં સહુ કરી
ઉરમાંહાં ધરી અતિ હુલ્લાસ શ્રીઅંગ મહારસ ભર્યા૮.
જીરે મારે એ બહુ બલ પુરણ
તેણે બલે કરી લખ્યું શ્રી સ્વરૂપશ્રીઅંગ મહારસ ભર્યા
જીરે સંક્ષેપમાંહાં કરી મહા રસ
શ્રીગોકુલેશ વર ભૂપ શ્રીઅંગ મહારસ ભર્યા ૯.
જીરે શ્રી ચરણાર્વિંદ મહારસ
બેહુ કમલ પ્રફુલ્લિત રંગ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે આપણું જીવન એહ સ્થલ
રસ પષ્ટિ પુષ્ટ ભકત સંગ શ્રીઅંગ મહારસ ભર્યા ૧૦.

જીરે એડીયો પાતલી પાતલી કોમલ
અંગુલી દલ સર્વોપર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એહ કમલ બેહુ અલૌકિક
એમાંહાં સ્થિત કીધા ભકત ભ્રમર શ્રીઅંગ મહારસ ભર્યા ૧૧.
જીરે નખમણી ચંદ્ર શીતલ કરે
રસિયા તણા નેત્ર સુરંગ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે પીંડુર એણે ઘુંટણ ભર્યો
પુષ્ટિ જંઘાએ મહા રસ રંગ શ્રીઅંગ મહારસ ભર્યા૧૨.
જીરે કટિ નિતંબે ગેહેરો રસ
એક જુએ તે પરમ રસાલ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે જંઘન સ્થલ રસ પુષ્ટ પુષ્ટ,
પુરણ રસિયા રસબાલ શ્રીઅંગ મહારસ ભર્યા૧૩.
જીરે એક સખી ત્યાંહાં મોહી રહી
ધરી મનોરથ બહુ પ્રકાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે કટિ લંક મનોહર સુંદર
ત્યાંહાં ચાલે રસ તણી ધાર શ્રીઅંગ મહારસ ભર્યા૧૪.
જીરે એક સખી તે મોહી રહી
જોઈ જોઈ એ વારંવાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ધોતી સુંદર કેસરી
ત્યાંહાં સોહે પરમ અપાર શ્રીઅંગ મહારસ ભર્યા૧૫.
જીરે એક સખીનું તે ચિત્ત હરે
ભર્યા તેમાંહાં બહુ સુવાસ શ્રીઅંગ મહારસ ભર્યા

જીરે શ્રીઅંગથી રસ ફેલીયો
તેમાંહાં પડયા સખી ફંદપાસ શ્રીઅંગ મહારસ ભર્યા૧૬.
જીરે ઉદર રસ સિંધુ ઉઝલે
મહા લેહેરો રસ તણી બહુ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક સખી તે મંર્જન કરે
તેમાંહે અનંગ ભર્યાં સહુ શ્રીઅંગ મહારસ ભર્યા૧૭.
જીરે નાભી કમલ ત્યાંહાં ફુલીયું
મકરંદ તણો નહીં પાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક તે રસ અસાધારણ
લે વિંન સંપન્ન આધાર શ્રીઅંગ મહારસ ભર્યા૧૮.
જીરે પસવાડી બેહુપાસ મહા રસ
જાણે વાંધી રસ તણી વાજ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક તે મનોરથ એક કરે
એ રસ બહુ લેવાને કાજ શ્રીઅંગ મહારસ ભર્યા૧૯.
જીરે શ્રી ઉર પરમ રસાલ
ત્યાંહાં ભકતના રાખ્યા સ્વરૂપ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે નાહવાને સમેને આરતી સમે
ને પહેરામણી સમે મહારૂપ શ્રીઅંગ મહારસ ભર્યા૨૦.
જીરે તેણે કરી રસ ઉઝલ્યો
ઉરોજ ઉચ વિશાલ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક સખી તે જોઈ કરે
તે પટંતર આપુ રસાલ શ્રીઅંગ મહારસ ભર્યા૨૧.

જીરે શ્રી હસ્ત બેહુ વિશાલ
તેમાં રસ ભર્યાં ઘણું બહુ પુર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે કેલ રસાલી તે વિલસવા
થવા તેણે સમય અંગઅંગ સુર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક તે બાહો વિશાલસું
ભરવા બહુ આંકુ તે કરે શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે કોણી ને કાંડાએ બહુ રસ
ત્યાંહાં શોભા એ અદ્દભુત ધરે શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે કર કમલ ઉંચો રહે
આપે મહારસ ભર્યા બહુ દાન શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક સખી તે મહા રસ
નયણા ભરી ભરી કરે તે પાન શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ભક્તના મુખચંદ્ર શીતલ કરે
કમલ ફુલ્યા રસિયાના નેત્ર જોઈશ્રીઅંગ મહારસ ભર્યા
જીરે સદા સર્વદા બહુ રસ
એહની પટંતર નાવે કોઈ શ્રીઅંગ મહારસ ભર્યા ૨૫.
જીરે પોંહોંચી બેઉ કર ઝલકતી
પન્ના હીરા પીરોજા લાલ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મોતીએ બાંધ્યા તે ઉપર
એ શોભા પરમ રસાલ શ્રીઅંગ મહારસ ભર્યા ૨૬.
જીરે અંગુલી દલ સોહે મુદ્રિકા
નખમણી એ સંગે બહુ ઝલકે શ્રીઅંગ મહારસ ભર્યા

જીરે એક સખી તે શોભા જોઇ
રસ લેવા તેનું મન ઢલકે શ્રીઅંગ મહારસ ભર્યા ૨૭.
જીરે શ્રીકંઠ માંહાં રસ ગહગહે
ત્યાંહાં રાખ્યા રસિયાનાં રૂપ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એક તે એહ સ્થલે કર ધરી
આંકુ ભરવા કરેએ સ્વરૂપ શ્રીઅંગ મહારસ ભર્યા ૨૮.
જીરે ગ્રીવા ગંભીર લાવણ્ય બહુ
ત્યાંહાં ભૂષણ તણો નહીં પાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મોહનમાલા બહુ સાંકલી
સુંદર ગજ મોતીના હાર શ્રીઅંગ મહારસ ભર્યા ૨૯.
જીરે પદક ઉર વસી જડાવની
તે ઝલકે ઉર પર વિશાલ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે છોટા મોટા નંગ જડયા
ચલકે જ્યોતિ અતિ રસાલ શ્રીઅંગ મહારસ ભર્યા ૩૦.
જીરે એકનું મન ત્યાંહાં ઝૂમી રહ્યું
હિંડોલે ચઢયું હાર સંગે શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એહ શોભા કહી હું નવ શકું
શ્રી કંઠે પુરણ મહા રંગે શ્રીઅંગ મહારસ ભર્યા ૩૧.
જીરે બેઉ ખભે રસ રાજતો
નિકટ શ્રીકંઠને પાસ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે તુલસી માલાને ગુજા તે
શ્રીકંઠમાંહાં મહારસની રાસશ્રીઅંગ મહારસ ભર્યા ૩૨.

જીરે નિત્ય પ્રભુ એ અંગી કરે
સદા સર્વદા એહ સૃંગાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે માલાનું રૂપ કયાં લગી કહું
એ જીવન પ્રભુનું આધાર શ્રીઅંગ મહારસ ભર્યા ૩૩.
જીરે ભકતને અર્થે પ્રગટ કરી
રાખી સ્નેહ ભર્યા નેહ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ત્રણ લોકમાં જશ ઘણો
કીધો તુલસીમાલા મલી સંગે શ્રીઅંગ મહારસ ભર્યા ૩૪.
જીરે ઉપવીત સુંદર મનોહર
એ શોભા તણો નહીં પાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે પીઠ વિશાલ પરમ રસ
સુંદરી કરે જોઈ જોઈ પાન શ્રીઅંગ મહારસ ભર્યા ૩૫.
જીરે એક તે ઊભી રહી પાછલ
તે નિરખે એ શોભા અનૂપ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ઠોડી મુછ રસ પુરણ
અદભુત તે પરમ સ્વરૂપ શ્રીઅંગ મહારસ ભર્યા ૩૬.
જીરે એકને તે એહ પુરૂષાર્થ
તે નિહાલે ફરી ફરી ત્યાંહાં શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મહા ઉત્સવમાંહાં સુંદર ઘણું
સખી રાખેધરી ઉર માંહાં શ્રીઅંગ મહારસ ભર્યા ૩૭.
જીરે મહા રસ શ્રીમુખમાં ઘણો
અમૃત વચને કરી બોલે શ્રીઅંગ મહારસ ભર્યા

જીરે ભકતને મહા સુખ આપવા
એહ સમતા નહીં કો તોલે શ્રીઅંગ મહારસ ભર્યા ૩૮.
જીરે ભકતને સીંચે એ રસે કરી
વચનામૃત વારંવાર શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે જીભ્યા લાલ માંહાં રસ બહુ
તેહ બોલતાં આપે એ સાર શ્રીઅંગ મહારસ ભર્યા ૩૯.
જીરે બીડી શ્રીમુખમાંહે રસ ભરી
રસ આવ્યો અધર પર તેહ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે પીકલીક ત્યાંહાં વાધી બહુ
સહુ જોઈ રહ્યા સુંદરી એહશ્રીઅંગ મહારસ ભર્યા ૪૦.
જીરે દંત પાંત દાડમ કલી
શ્રીમુખમાંહાં અતિ ઘણું સોહે શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ગલ્લસ્થલ બેહું ઝલકતા
શોભા રસ ભરી જોઈ સહુ મોહે શ્રીઅંગ મહારસ ભર્યા ૪૧.
જીરે શ્રવણ કુપ બેહું રસભર્યા
નિજ સૃષ્ટિ તણો જશ એહ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મુકતા મણી કુંડલ સોહે
એમાંહાં ભકતના રૂપ છે તેહ શ્રીઅંગ મહારસ ભર્યા ૪૨.
જીરે નાસિકા ચંપક વરણ એ
લેવા આઘ્રાણ રસ અંગ સહુએ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે નેત્ર વિશાલમાંહાં રસ રંગ
ભર્યો ઉત્સવનો અતિ બહુએશ્રીઅંગ મહારસ ભર્યા ૪૩.

જીરે એક સખી એક ટકી રહી
નેત્રમાંહાં નેત્ર તે ભેલી શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે ભ્રકુટી ફંદે ભર્યો રસ અતિ
પાપણ પલકે રાખ્યો રસ મેલી શ્રીઅંગ મહારસ ભર્યા ૪૪.
જીરે ઉચ્ચ કપોલ સુંદર ઘણું
તે ઝલકે જ્યોતની કાંત શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે તિલક સોહાગ કુમકુમ તણું
કેસરી રેખા છ બેહું ખાંત શ્રીઅંગ મહારસ ભર્યા ૪૫.
જીરે રાજે એ ભકત સોહાગનું
આરતી સમય કર્યું રસાલ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે શ્રીમસ્તકે કેશ સુંદર
સંગે ચલકતા ઝલકતાભાલ શ્રીઅંગ મહારસ ભર્યા ૪૬.
જીરે પાગ કેસરી શિષે નવલ
છોગાલો એ માહારો નાથ શ્રીઅંગ મહારસ ભર્યા
જીરે એહ શોભા તે કયાંહાં લગી કહું
નિરખે છબિ એ રસિયા સાથ શ્રીઅંગ મહારસ ભર્યા ૪૭.
જીરે વાગો ધરીયો સોહે શ્રીઅંગે
મહા પુરણ સુંદર તાઈ શ્રીઅંગ મહારસભર્યા
જીરે લાલ કભાય અંગ ઝલકતી
તેમાંહાં છાપા સુનેરીસોહાઈશ્રીઅંગમહારસ ભર્યા ૪૮.
જીરે પટકો બિરાજે તે કટિ પર
ઉપરેણો હમેલ સુરંગ શ્રીઅંગ મહારસ ભર્યા

જીરે નખથી લેઈને શીખ લગી
વર્ણન કર્યું મહા રંગ શ્રીઅંગ મહારસ ભર્યા ૪૯.
જીરે સદા સર્વદા એ મહાપ્રભુ
એણી ભાંતે આપે બહુ દાનશ્રીઅંગ મહારસ ભર્યા
જીરે મહેદને સંગે મલી મહારસ
વલ્લભદાસ કરે એ પાન શ્રીઅંગ મહારસ ભર્યા ૫૦.
ઈતિ શ્રીવલ્લભ રસાલય રસગ્રંથનું બાવીસમું માંગલ્ય સમાપ્તા.

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૨૩.

રાગ ભુપાલીઃ–

શ્રી ઓચ્છવ સર્વોપર મલ્યો છે બહુ સમાજ,
મહારસ પૂરણ કીધો એ શ્રીવલ્લભવર મહારાજજી ૧.
ઘણી તણો માંડવ છાઈ રહ્યો આનંદ મંગલ થાયે,
શ્રી બેઠકને હવેલીએ અલૌકિક અછુતો સોહાયે ૨.
મંડપ એણી પેરે સોહીએ ગાજે શ્રીગોકુલ ગામ,
તોરણ હાથાને સાથિયા કદલી ખંભ સહુ ધામ ૩.
ધ્વજા પતાકા ફરહરે ઘેર ઘેર માંગલ્ય રૂપ,
શ્રી બેઠક હવેલીએ રાજે શ્રી ગોકુલ ભૂપ ૪.
એણી પેરે શ્રી મહા ઉત્સવ રાજે એ સઘલે ઠામ,
દેશ વિદેશ એ વ્રજપુર અધિક શ્રી ગોકુલ ગામ ૫.

એહ્વો એ દિવસ માંગલ્યમઈ માગશીરસુદ સાતમ,
ગાજી રહ્યું શ્રી ગોકુલ પ્રભુ સંગ ભકત ઉત્તમ ૬.
એહ્વા એ શ્રીગોકુલેશ વર રાજે શ્રીબેઠકમાંહાં,
દાન આપે છે અવારી રસ ભર્યા બેઠા છે ત્યાંહાં ૭.
મહા પ્રભુ પુરણ દાતા એ સુંદર રસિક સ્વરૂપ,
અતિ ઉદાર શ્રીવલ્લભવર વ્રજ મંડલનો ભૂપ ૮.
દાન તણું લેખું નહીં ગણના ગણી ન જાય,
જાણે એ દાતા કે ભોકતા પરસ્પર મહા સુખદાય ૯.
એહજ અર્થે પ્રાગટ્ય હવું રસ ભર્યા ભકતને કાજ,
સ્વકીય મલી રસ ભોકતા લાવ્યા એ સંગ સમાજ ૧૦.
અંગવદ સૃષ્ટિ અંગથી પ્રગટી મહા રસ રૂપ,
એહોના ભોકતા પુરણ શ્રી ગોકુલેશ સ્વરૂપ ૧૧.
મહા રસ આપીને લીધો તે પોતે નિજજન સાથ,
સદા સર્વદા સ્નેહ ભર્યા ભોકતા મારો નાથ ૧૨.
માંગલ્ય બાવીસ કરીને સ્વરૂપ વર્ણન કર્યું સાર,
ત્રેવીસમાં માંગલ્ય માંહાં લખ્યું આનંદ અપાર ૧૩.
ઉત્થાપને એહ સમે બેઠા છે શ્રી મહારાજ,
આસન અદભુત અવિચલ છત્ર ભકત સિરતાજ ૧૪.
રાજે ત્યાંહાં શ્રીપ્રભુજી શ્રીવલ્લભવર વિઠ્ઠલેશ કુમાર,
પ્ર.પ. રુકમણિ લાલ રત્ન એહ ભકતના પ્રાણઆધાર ૧૫.
વાગો ધરીયો શ્રીઅંગે ને ઝલકતી પાગ અનૂપ,
ધોતી ઉપરેણો કભાય તે ચલકતું સુંદર સ્વરૂપ૧૬.

નખશીખ શોભા એ અંગઅંગ શ્રીમુખે કરે જલપાન,
બીડી આરોગે કપુર સંગ ભકતને આપીયાં દાન ૧૭.
બેઠા છે રસ ભર્યા શ્રીઅંગે રસભકત આગલ બહુ, ભકત,
ચિરંજીવો રહો એણી પેરસું અમારા શ્રીવલ્લભપતિ ૨૭.
એણી ભાંતે ભગવદી ચાલ્યા મોહનને ઘેર,
ગાન કીરતન બહુ માંડીયા આનંદ ઉલટ ભેર ૨૮.
તેહ વિસ્તારસું કહેશું એહ આગલ્યે માંગલ્ય માંહ,
શ્રીજીની તે હવેલીએ કરશે તે માંગલ્ય ત્યાંહાં ૨૯.
મહાપ્રભુ પોઢ્યા તે શ્રમીતસું ક્ષણું એક કીધો વિશ્રામ,
મનમાં ઉત્સાહી ઉત્સવરંગ આપવા સુખ અભિરામ૩૦.
વેગા થઈ વહાલો ઉઠીયા અધરામૃત આપ્યું રંગે,
વાગા સહિત પધાર્યા જલઘરે ભકત છે સંગે ૩૧.
શ્રીસ્વરૂપને પાયોધારતા જોઈ અને વાગ્યા નિશાન,
છોટા મોટા ધોંસા ગડગડે સહેનાઈ મધુર સુજાણ ૩૨.
મહા પ્રભુ આવી ઊભા રહ્યા જલઘરે પીઢાની પાસ,
વાજીંત્ર સહુ મલી ગડગડે શ્રીબેઠકે હુલ્લાસ ૩૩.
ત્યાંહાં થકી મહા પ્રભુ સુણે તે આનંદ મંગલ રૂપ,
વાગો ઉતારીને ઊભા એ શ્રી ગોકુલનો ભૂપ ૩૪.
ધોતી મરગજી સમારીને ઉપરેણો ઓઢ્યો શ્રીઅંગ,
ઉપવીત સુધું કરીયને જુડો વાલીયો રંગ ૩૫.
સંધ્યા એ કરવાને સનમુખ પુરવ દીશા સોહાયે,
પીઢા તે ઉપર રાજે એ નિરખે ભકત મન ભાયે ૩૬.

સંધ્યાની વિધિ સહુ કરીયને ઉપરેણો બાંધ્યો શિષ,
નીમો કેસરી અંગે પેહેરી રાજે શ્રી ગોકુલાધીશ ૩૭.
સેન આરતી કરીને તબકડીએ બેઠા વેગા ત્યાંહાં,
ભોગ રાગ રસ ભોકતા ફુલ્યા અતિ ઉર માંહાં ૩૮.
જલઘરેથી પોધારીયા દીવટ આગલ તેજ,
લટકતા મલપતા આવ્યા શ્રી બેઠકમાંહાં હેજ ૩૯.
દીપક ઠોર ઠોર ઝલહલે નિરખે તે રસિયા બાલ,
જલપાન કરીને બીડી તે બહુ આરોગે રસાલ ૪૦.
ગાદી તકીએ બિરાજ્યા વાગો ધરીયો શ્રીઅંગે,
પહેરામણી કરે એહ સમય પાછલ રહ્યાં ઉમંગે ૪૧.
ભેટ ભૂષણ દ્રવ્ય બહુ વિધી ધરી ધરી ચરણે તેહ,
દંડવત સહુ એ ન્યોછાવરી કરે તે આપ આપ એહ૪૨.
પ્રાગટ્ય સમય થયો પુષ્ટપુષ્ટ ઘડી એક છપન પલ,
પ્રગટ્યા શ્રીગોકુલેશ વર પુરૂષોત્તમ આપું બલ ૪૩.
દેવ દુંદુભી વજાડીયા આકાશે સહુ ગાય,
સુરવધૂ નૃત્ય કરે સહુ પુષ્પની વૃષ્ટિ તે થાય ૪૪.
મહાપ્રભુ બેઠા તે શ્રીબેઠકે સ્વરૂપ તે ભકતને સંગ,
હવેલીએ મહા રસ અનુભવે શ્રીવલ્લભવર રંગ ૪૫.
ભાગ્યરાસના એ ઘર થકી શ્રીમંદિર લગી એક,
ધારો રસતણી ગલીમાંહાં વહે કયાં લગી કહુંએ વિવેક
તેલ સેજ્યા પર બિરાજીયા સહુને કરી વિદાય,
આશિષ દેઈને ચાલીયા ચિરંજીવો શ્રીપ્રભુસુખદાઈ૪૭.

તેલ લગાવીને ઉઠીયા નિત્ય કૃત્ય કરી કરી વેગ,
મહા દાન સહુને આપીયાં શ્રી ઉત્સવના નેગ ૪૮.
સુખ સેજ્યા પર બેસીને વાટ જુએ છે નાથ,
હવેલીએ આનંદ ઉત્સવ કરે મલી મલી સહુ સાથ ૪૯.
ત્યાંહાં જઈ પોહોંચી વધામણી પ્રભુ બેઠા સેજે સંપન્ન,
મહેદના સંગમાંહાં ભીંજે છે વલ્લભદાસના તન ૫૦.
ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું તેવીસમું માંગલ્ય સમાપ્ત.

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૨૪.

(બહુ રંગનું મંગલ)

માહા શ્રીઉત્સવ શુભ દિન એ. બહુ રંગ.
ભાગ્ય ઉદિત છે ધન્ય એ. બહુ રંગ,
માહા રસે અતિ ભીનાં એ બહુ રંગ.
શ્રીય સ્વરૂપે નવીનાં એ. બહુ રંગ. ૧.
ચાલ્યાં મળી ટોલા ટોલ એ. બહુ રંગ.
હોએ રંગ તણા રોલ એ. બહુ રંગ,
શ્રી પ્રભુને રંગે ગાયે એ. બહુ રંગ.
માંગલ્ય ધોળ સોહાયે એ. બહુ રંગ. ૨.
રસ ભર્યા સહુ ચાલ્યા એ. બહુ રંગ.
શ્રીહવેલી માંહાં મલ્યા એ. બહુ રંગ,

ઉરમાંહાં સ્વરૂપ તે ધર્યા એ. બહુ રંગ.
રસ ભકત રસ ભર્યા એ. બહુ રંગ. ૩
શ્રી વલ્લભજીના દાસ એ. બહુ રંગ.
ચાલ્યાં પરમ હુલ્લાસ એ. બહુ રંગ,
માહા શ્રીઉત્સવ રંગ રાતા એ. બહુ રંગ.
માહા શ્રીસ્વરૂપે મદમાતા એ. બહુ રંગ. ૪
કીર્તન કરે સહુ એ. બહુ રંગ.
ભકત મળીયાં છે બહુ એ. બહુ રંગ,
પૂરણ રસે ભાવે પૂરા એ. બહુ રંગ.
માહા શ્રીરસ માંહાં સૂરા એ. બહુ રંગ. ૫.
માંગલ્ય તેવીસમાંહાં કહ્યાં એ. બહુ રંગ.
મહેદ સંગે કરી લહ્યાં એ. બહુ રંગ,
માંગલ્ય ચોવીસમાં રૂપ એ બહુ રંગ.
માહાશ્રી ઉત્સવ છે અનૂપ એ. બહુ રંગ. ૬.
લખ્યા રસ ભર્યાં ભકત એ. બહુ રંગ.
માહાશ્રી ઉત્સવ અનુરકત એ. બહુ રંગ,
ચાલ્યાં ગાતાં રસ ભર્યાં એ. બહુ રંગ.
પ્રભુજી ને ઉર માંહાં ધર્યા એ. બહુ રંગ. ૭.
કેશર રંગ અતિ ભર્યાં એ. બહુ રંગ.
સોંધે મેદે પરવર્યાં એ. બહુ રંગ,
રંગ રંગ સોહે અંગ એ. બહુ રંગ.
શ્રીય સ્વરૂપ છે સંગ એ. બહુ રંગ. ૮.

પાઘ ટેઢી શીષ સોહે એ. બહુ રંગ
સુંદર સ્વરૂપ તે મોહે એ. બહુ રંગ,
ચોલણો ભર્યો કેશર રંગ એ. બહુ રંગ.
ભીનો વહાલાજીને સંગ એ. બહુ રંગ. ૯.
ધોતી ઉપરેણો સાર એ. બહુ રંગ.
શોભા સુંદર અપાર એ. બહુ રંગ,
પટુકા બાંધ્યા કટિ સંગ એ. બહુ રંગ.
વાગો સર્વોપર રંગ એ. બહુ રંગ ૧૦.
એણી ભાંતે રસરૂપ એ. બહુ રંગ.
સોહે સુંદર સ્વરૂપ એ. બહુ રંગ,
આવ્યાં હવેલીએ ગાતા એ. બહુ રંગ.
શ્રીય સ્વરૂપે ઉમાતા એ. બહુ રંગ. ૧૧.
તાલ ઝાંઝ સોહે હાથ એ. બહુ રંગ.
મૃદંગ નગારા સહુ સાથ એ. બહુ રંગ,
ભલે જન્મ્યા શ્રીગોકુલનાથ એ. બહુ રંગ
ગાએ ઉમંગી સહુ સાથ એ. બહુ રંગ. ૧૨.
ચાલ્યાં આવે સહુ એહ એ. બહુ રંગ.
સૃષ્ટિ અલેખે છે તેહ એ. બહુ રંગ,
ચાલી શકે નવ કોઈ એ. બહુ રંગ.
ગલી રસ ભરી જોઈ એ. બહુ રંગ. ૧૩.
ભાગ્યરાસ તણે ઘેર એ. બહુ રંગ.
ચાલી સમુદ્રની લહેર એ. બહુ રંગ,

ઝીલે ભકત તણાં મન એ. બહુ રંગ.
માહા રસમાંહાં તન એ. બહુ રંગ. ૧૪.
થયા સ્વરૂપે વિવશ એ. બહુ રંગ
છકયાં ઉત્સવને દિવસ એ. બહુ રંગ,
એણી ભાંતે નિજ ઘેર એ. બહુ રંગ.
કીર્તન માંડ્યાં સર્વો પર એ. બહુ રંગ. ૧૫.
શ્રી મોહનવર ભાવે એ. બહુ રંગ.
શ્રીગોકુલપતિ સોહાવે એ. બહુ રંગ,
શ્રી વલ્લભ વર રંગ એ. બહુ રંગ.
રાખ્યા હેયડામાંહે સંગ એ. બહુ રંગ .૧૬.
અનુભવ હોયે એણી પેરે એ. બહુ રંગ.
ભાગ્યરાસ તણે ઘેર એ. બહુ રંગ,
એક હસ્તે ગ્રીવા ધરે એ. બહુ રંગ.
ચિત્ત હરિ રસ ભરે એ. બહુ રંગ. ૧૭.
કુંવર વિઠ્ઠલ તણા લાલ એ. બહુ રંગ.
ગાયે લડાવી રસાલ એ. બહુ રંગ,
માધવદાસનાં ધોલ એ. બહુ રંગ.
ત્રિયા ગાયે ટોળા ટોળ એ. બહુ રંગ. ૧૮.
રાજે ઉર માંહાં ગોકુલપાલ એ. બહુ રંગ.
દાસી નિજ સંગ રસાલ એ. બહુ રંગ,
છીરકયાં ફ્રિષ્ણાગરના તેલ એ. બહુ રંગ.
શ્યામ છિંટો રંગ રેલ એ. બહુ રંગ. ૧૯.

કયાંહાં લગી કહું એ રૂપ એ. બહુ રંગ.
વય ક્રમ કિશોર સ્વરૂપ એ. બહુ રંગ,
ભક્ત રસિક રસાલ એ. બહુ રંગ.
ધરે પુષ્પની માલ એ. બહુ રંગ. ૨૦.
ધન્ય શ્રીરુક્મણિજી માત એ. બહુ રંગ.
ધન્ય શ્રીવિઠ્ઠલજી તાત એ. બહુ રંગ,
ઢોટા હમારો એ રાય એ. બહુ રંગ.
જાયો શ્રીરૂક્મણિ જી માય એ. બહુ રંગ. ૨૧.
એમ લડાવી સહુ ગાયે એ. બહુ રંગ.
માહા શ્રીઉત્સવ સુખદાય એ. બહુ રંગ,
એણી પેરે રસ ભક્ત એ બહુ રંગ.
નાચે મળી અનુરક્ત એ. બહુ રંગ. ૨૨.
સાડી ઝલકતી અંગે એ. બહુ રંગ.
સુંદર સ્વરૂપ એ સંગે એ. બહુ રંગ,
પૂરી માંગ સોહાગ એ. બહુ રંગ.
પ્રિયસું અતિ અનુરાગ એ. બહુ રંગ. ૨૩.
ભૂષણ સોહે અતિ પહેર્યાં એ. બહુ રંગ.
નખશિખ રસે ગહેર્યાં એ. બહુ રંગ,
એણી પેરે વાહાલો મોહે એ. બહુ રંગ.
ભગવદી સંગ સોહે એ. બહુ રંગ. ૨૪.
નાચે પરસ્પર મલી એ. બહુ રંગ.
આંકુ ભરે મલી મલી એ. બહુ રંગ,

શીષ ચરણે ધરી ધરી એ. બહુ રંગ.
દંડવત કરે ફરી ફરી એ. બહુ રંગ. ૨૫.
વેગે ઉઠાવે કરી કરી એ. બહુ રંગ.
લે તે આંકુ ભરી ભરી એ. બહુ રંગ,
એણી પેરે રસે ભરી એ. બહુ રંગ.
નર્ત કરે સહુ મલી મલી એ. બહુ રંગ. ૨૬.
વાજાં વાગે એણે છંદ એ. બહુ રંગ.
સહેનાઈ નગારા સ્વરમંદ એ. બહુ રંગ,
કીર્તન હોએ રંગરોલ એ. બહુ રંગ.
કેશર છીરકયાં તે ફુલેલ એ. બહુ રંગ. ૨૭.
એ રસ માંહાં બૂડયા અંગ એ. બહુ રંગ.
ફુલેલ ભર્યાં બહુ સંગ એ. બહુ રંગ,
ઉપર હોએ રસ વૃષ્ટિ એ. બહુ રંગ.
માહા રસે છિરકી સૃષ્ટિ એ. બહુ રંગ. ૨૮.
માંગલ્ય પરમ એવું રૂપ એ. બહુ રંગ.
સંગ મલી શ્રી સ્વરૂપ એ. બહુ રંગ,
હોએ ઉત્સવ એ સાર એ. બહુ રંગ.
ભાવાત્મિક એ આધાર એ. બહુ રંગ. ૨૯.
ભૂષણ વસ્ત્ર વાગા સહુ એ. બહુ રંગ.
આપે વારી વારી બહુ એ. બહુ રંગ,
પખાવજી કેશવદાસ એ. બહુ રંગ.
દાદા નારાયણજી હુલ્લાસ એ. બહુ રંગ. ૩૦.

લાવ્યા શ્રીગોકુલ એહ એ. બહુ રંગ.
શ્રી ચરણે રહ્યા તેહ એ. બહુ રંગ,
શ્રી ઉત્સવ સમે એહ એ. બહુ રંગ.
ગાયે મૃદંગ સંગ તેહ એ. બહુ રંગ. ૩૧.
ભરૂચી સાથ મળ્યો સંગ એ. બહુ રંગ.
કીર્તન કરે બહુ રંગ એ. બહુ રંગ,
ભાવે પૂરા ગિરધરભાઈ એ. બહુ રંગ.
શ્રીઉત્સવ માંહાં સુખદાઈ એ. બહુ રંગ. ૩૨.
મોતી આપી ચરણે લાગ્યા એ. બહુ રંગ.
પામરી જોટા આપ્યા વાગા એ. બહુ રંગ,
એહોના ભાવ અતિ સાર એ. બહુ રંગ.
માહા શ્રીઉત્સવ અપાર એ. બહુ રંગ. ૩૩.
આપે ન્યોછાવરી ટોલ એ. બહુ રંગ.
એણી પેરે રંગ રોલ એ. બહુ રંગ,
સાથ સુજાતિ સહુ કરે એ. બહુ રંગ.
ભાગ્યરાસ ઉલટ ભરે એ. બહુ રંગ. ૩૪.
સુંદરી આવ્યા સહુ મલી એ. બહુ રંગ.
દંડવત કરે ભાવે ભરી એ. બહુ રંગ,
કુમકુમ રંગ લીધા હાથ એ. બહુ રંગ.
ભાલે તિલક ધરે માથ એ. બહુ રંગ. ૩૫.
ધરે કંઠે તુલસી માલ એ. બહુ રંગ.
પ્રેમે રસ ભરી બાલ એ. બહુ રંગ,

મુખમાંહાં ભરે મીશ્રી સાર એ. બહુ રંગ.
બીડાં આપે મોદ અપાર એ. બહુ રંગ. ૩૬.
વસ્ત્ર ભૂષણ અંગે ધરે એ. બહુ રંગ.
પરસ્પરે મળી કરે એ. બહુ રંગ,
ભક્ત મનોરથ બહુ એ. બહુ રંગ.
સાત્વિક ભાવે ભર્યાં સહુ એ. બહુ રંગ. ૩૭.
ભેટ ભૂષણ બહુ કરવા એ. બહુ રંગ.
શ્રી ચરણે આવી ધરવા એ. બહુ રંગ,
કીધા મનોરથ તેહ એ. બહુ રંગ.
ભેટ શ્રી ઉત્સવની એહ એ. બહુ રંગ. ૩૮.
કરે સુજાતિ સહુ સાથ એ. બહુ રંગ.
પ્રગટ્યા શ્રીગોકુલનાથ એ. બહુ રંગ,
એક ઘડી છપ્પન પલ એ. બહુ રંગ.
પ્રગટ્યા પ્રભુ રસ ભર એ. બહુ રંગ. ૩૯.
એહ સમય ઉત્સાહ બહુ એ. બહુ રંગ.
ભક્ત રસિક એ સહુ એ. બહુ રંગ,
ભાવ ઊર તણી માળ એ. બહુ રંગ.
દીપક નેત્ર રસાલ એ. બહુ રંગ. ૪૦.
સ્નેહ ભરી બાતી ત્યાંહાં એ. બહુ રંગ.
રસ જ્યોતિ હૈડા માંહ્ય એ. બહુ રંગ,
ભાલે તિલક અનુરાગ એ. બહુ રંગ.
મનોરથ એહ સોહાગ એ. બહુ રંગ. ૪૧.

બીડાં આપ્યા સ્નેહે કરી એ. બહુ રંગ
ગુપ્ત ભાવે રસ ભરી એ. બહુ રંગ,
કટાક્ષ પુષ્પ વનમાલ એ. બહુ રંગ.
આરતી ઓવારે રસાલ એ. બહુ રંગ. ૪૨.
ભાગ્યરાસ ભાવે ભરીયા એ. બહુ રંગ.
એણી પેરે ઉત્સવ કરીયા એ. બહુ રંગ,
વાધી રસ તણી વેલ એ. બહુ રંગ.
કેશર રંગ રસ રેલ એ. બહુ રંગ. ૪૩.
કુમકુમ ફુલેલ પ્રવાહ એ. બહુ રંગ.
જોવા ચાલ્યા વલ્લભ નાહ એ. બહુ રંગ,
દીવેટ તેજે ઝળહળે એ. બહુ રંગ.
સ્વરૂપ રસ માંહે ભળે એ. બહુ રંગ. ૪૪.
ઊભી ગલીયે તે સોહે એ. બહુ રંગ
ભકત રસિયા જોઈ મોહે એ. બહુ રંગ.
માંગલ્ય ગાયે સહુ વામ એ. બહુ રંગ.
ગાજે શ્રી ગોકુલ ગામ એ. બહુ રંગ. ૪૫.
જયોત સઘળે એ વાધી એ. બહુ રંગ.
આવ્યાં બેઠક સમે સાધી એ. બહુ રંગ,
શ્રીમુખ જોયું ભર્યા નેહ એ. બહુ રંગ.
ફૂલ્યા બેઠા પ્રભુ એહ એ. બહુ રંગ. ૪૬.
ગાયે ભાગ્યરાસ સાથ એ. બહુ રંગ.
જશ સુણે મારો નાથ એ. બહુ રંગ.

ગુજરાતીના છે ધોળ એ. બહુ રંગ.
સજની ગાયે ટોલા ટોલ એ. બહુ રંગ. ૪૭.
પ્રભુ કહે કોણ ગાત એ. બહુ રંગ.
મોહન ગોકુલભાઈ ઉમાત એ. બહુ રંગ,
સંગ હરિભાઈ વાજાં હાથ એ. બહુ રંગ.
એહોનો સ્વકીય જે સાથ એ. બહુ રંગ. ૪૮.
એહ સુણી ફૂલ્યા ફલીયા એ. બહુ રંગ.
શ્રીગોકુલેશ રસે ભરિયા એ. બહુ રંગ,
સેજયાએ બેઠા ઉલટ ભેર એ. બહુ રંગ.
ભેટ ભૂષણ બહુ ધરે એ. બહુ રંગ. ૪૯.
ભાગ્યરાસનો ગ્રહ્યો હાથ એ. બહુ રંગ.
ચરણે ધરી રહ્યા માથ એ. બહુ રંગ,
સદા સર્વદા એમ સોહે એ. બહુ રંગ.
વલ્લભદાસ સંગ મોહે એ. બહુ રંગ. ૫૦.

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસગ્રંથનું ચોવીસમું માંગલ્ય સમાપ્ત.

==============================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય–૨૫.

(૧)અતિ આનંદે આવો રે વાહાલા ॥

(૨)મોહનવર માંગલ્ય રસ રૂપ

અંગઅંગ માંગલ્ય પરમ અનૂપ ॥

રસિક માંગલ્ય માહા પરમ અનૂપ,
શ્રીઉચ્છવ દિન રસ મઈ સ્વરૂપ ।
ભકત રસિક માહા રસે બહુ ભર્યા,
મનોરથ પૂરણ એ અંગીકૃત કર્યા ॥૧॥
જયારથી શ્રી ગોકુલેશ જાણ્યાં
એહ રસ ભાવે ઉરમાંહાં આણ્યા ।
માહા રસ રસિક છે એહો તણા નામ,
ભકત રસિકને અતિ અભિરામ ॥૨॥
શ્રી સ્વરૂપ એ માહા રસ માતા,
બિરાજે રસ ભર્યા અતિ રંગ રાતા ।
કેલી કરે મલી રસ ભર્યા સ્નગે,
પ્રાગટ્ય એહ દિન રસમાંહાં રંગે ॥૩॥
ભકતનાં ભાવ સહું રસિક રસાલ,
સ્વરૂપ રસાલુ શ્રી વલ્લભલાલ ।
શ્રી ઉત્સવ કહ્યો માહા સુખદાઈ,
માંગલ્ય ચોવીસે અતિ રસ રાઈ ॥૪॥
ભકતનાં મનોરથ પૂરણ કીધાં,

મહેદ રસિકનાં ભાવ સહું સિદ્ધાંત।
કહેશું માંગલ્ય પચ્ચીસે એહ,
કરશે દાન માહા પ્રભુ તેહ ॥૫॥
મહેદ રસિકના ચરણ ઉર ધરીયાં,
લખ્યું માંગલ્ય પૂરણ કરીયાં।
માહા શ્રી ઉત્સવે રાત્ર રસમાતી,
વિલસે માહાપ્રભુ રયણી સોહાતી ॥૬॥
શ્રીબેઠકમાંહાં પરમ સ્વરૂપ,
રસ અગાધી શ્રીગોકુલેશ ભૂપ।
છેલ્યો એહ સ્થલે રસ અસમાતો,
નીજ મંદિરમાંહાં ભર્યોએહ સોહાતો ॥૭॥
તિબારી સુંદર માહા રસે ભરીઅ,
આંગણમાંહાં શોભા અતિ ઘણીઅ।
બાંધ્યા સમીયાણાં ચહુઁ પાસ,
રંગ રંગ ભાંતિનાં કરીઅ હુલ્લાસ ॥૮॥
દીપક ઠોર ઠોર રસ ઉપજાવે,
જલહલ જલહલ તેજ સોહાવે।
બિછાવી સેજ્યા સુખનું નિધાન,
ચંદન વાસીત લેવા માહા દાન ॥૯॥
પલંગ પોસ માહા અતિ ઘણું સોહે,
અદભુત શોભા રસિક ચિત્ત મોહે।
સુપેતી દોહોરી બિછાવી સાર,

ચાદર કોમલ સુખદ અપાર ॥૧૦॥
સુપેતી ચહુઁઓર કસણાં તે અદભુત રાજે,
સુખ સેજ્યાએ છબી કોટિ છાજે।
સિરણાણું ધર્યું ગીડદા તે પાસ,
સોંધો લગાવે છે વલ્લભદાસ ॥૧૧॥
સુપોતી કોમલ જોડો તે કરીઅ,
ઓઢવા ઉપર પાઘ તે ધરીઅ।
રસ ભોગી ધર્યા બહુ સાજ,
ભોગ રાગ સામગ્રી સમાજ ॥૧૨॥
બીડા તે બહુ ધર્યા રસ દાન કરવા,
રસિયા તણાં ભાવમાંહાં રસ ભરવા।
ફૂલનાં હાર બહુ રસે ચિત્ત હરવા,
શ્રીકંઠે ધરી ભકત ઉર ધરવા ॥૧૩॥
દર્પણ શ્રીમુખ નિરખવા રાજ,
પરસ્પર રસ લેવાને કાજ।
ચોકી ઉપર ધર્યા સહુ રંગે,
જલપાન ગડુઓ કપુર ચુનો સંગે ॥૧૪॥
ચોકી છોટી શ્રી ચરણે સોહાવે,
દુલીચો ચરણ વસ્ત્ર રસ ઉપજાવે।
તૃષ્ટિ ગડુઓ સુંદર અતિ એહ,
સેજ્યા પાસે રાખ્યા છે તેહ ॥૧૫॥
કાંહાં લગી કહીએ સેજ્યા અનૂપ,

અનુભવી જાણે છે સંગ સ્વરૂપ।
રસિયા ભક્ત ભાવે બહું પૂરા,
રસ લેવા આજ થયા અતિ સૂરા ॥૧૬॥
નાહી ઉબટણા કીધા મન રંગે,
સોંધા ફૂલેલ ભર્યાં અંગ અંગે।
ચુચુતા માહારસે અતિ ભીનાં,
શ્રૃંગાર સાર રહ્યો એ નવિના ॥૧૭॥
છૂટા કેશ સુંદર અતિ લલકે,
સરલ શ્યામ પીઠ પર ચલકે।
સોંધે ફૂલેલે ભર્યાં ઘણું સોહે,
શ્રીવલ્લભવર દેખી મન મોહે ॥૧૮॥
સિંદુર માંગ ભરી તે અનૂપ,
શોભા અતિ ઘણી સુંદર સ્વરૂપ।
મોતીની લર ઉપર રાજે,
મસ્તકે કોટિ કોટિ છબી છાજે ॥૧૯॥
ટીકો જડિત ધર્યો હીરા નંગ,
ભુષણ બહુ ધર્યાં તે મન રંગ।
નાકે નકવેસર અતિ ઘણાં સોહે,
રસિક સુંદર વર જોઈ જોઈ મોહે ॥૨૦॥
નયણે અંજન રસનું રૂપ,
ચંચલતા માહા દીર્ઘ સ્વરૂપ।
મુખમાંહાં ભર્યાં તંબોલ રસાલ,

તિલક કપોલે સોહાવે રંગ લાલ ॥૨૧॥
કરણે ભુષણ તે અતિ ચલકે,
લાલ મોતી રંગ ઝલકે।
કંઠે બહુ ધર્યાં મુકતાના હાર,
દુલરી તિલરી મોતી અતિ સાર ॥૨૨॥
હાથે ચૂડી કંકણ સંગ,
પોહોંચી નૌતન ચુડા રંગ।
અંગુઠે આરસી જોવા શ્રીમુખ મલીએ,
મેંદી લગાવી શોભા રહી ભલીએ ॥૨૩.
ઝાંઝર ચરણે તે માહાવર સોહે,
રસ દાન દેવા વલ્લભવર મોહે।
સાડી કેસરી લહેંગા લાલ,
ચોલી ખચીત ધરી તે રસાલ ॥૨૪॥
તે ઉપર લગાવ્યા સુવાસ,
નખથી શીખ લગી રસની રાસ।
આવ્યા શ્રીબેઠકમાંહાં દુરાવી,
એકાંતે રહ્યા ઊભા તે આવી ॥૨૫॥
જાણે ઊભી છે કનકની વેલ,
સાથે સખી એક આવી છે છેલ।
મનોરથ તણા તે સાજ સહું સાથે,
રાખ્યા છે સખીએ ધરી હાથ ॥૨૬॥
મનમાંહાં રહ્યા ઘણું અતિ અકુલાએ,

કયારે ભીડ બહું અલગી તે થાએ ।
એમ કરતાં માહાપ્રભુ પોઢ્યા વેગા,
ભકત સહું વલ્યા થઈ થઈ ભેગા ॥૨૭॥
આશિષ દે છે એ સઘલો સાથ,
વેગા ઉઠજો મારો નાથ ।
એણી ભાંતે ભકત સહું ચાલ્યા,
વાહાલાના ગુણ ગાતા માહાલ્યા ॥૨૮॥
માંડી દ્વાર ખવાસજી આવ્યા,
માહા પ્રભુજી ને મન અતિ ભાવ્યા ।
ટેરા પરદા મૂકયા હુલ્લાસ,
દીપક ધરી અતિ સેજ્યા પાસ ॥૨૯॥
એહ સમે શોભા શ્રીઅંગે અનૂપ,
પોઢ્યા છે વાહાલો સુંદર સ્વરૂપ ।
શિષે પાઘ કેસરી અભિરામ,
વચ્ચે વચ્ચે આભા અતિ શ્યામ ॥૩૦॥
તનીયો કેસરી ખુલ્લે અંગે પેહેરે,
નખશિખ સ્વરૂપ માહારસ ગેહેરે ।
એણી ભાંતે પોઢ્યા એ નાથ,
મનોરથ કરે તે બહુ મનને સાથ ॥૩૧॥
પહેલે દિવસે સંકેત જણાવ્યો,
તેણે કરી રસ અતિ ઉપજાવ્યો ।
વ્યાકુલતા અંગ અંગ પ્રતિ થાએ,

માહા રસે ભરી આવ્યા અકુલાયે ॥૭૨॥
સુંદરી ઊભા છે કોલે તે લાગી,
દુરીઅ રહ્યા માહા રસ પાગી।
આવ્યા છે વાહાલો તે નવ જાણે,
તેણે કરી મન અધીરતા આણે ॥૭૩॥
સુપેતી ઓઢી પાછી ફરી ધરે,
આકુલ વ્યાકુલ મનને તે કરે।
વલી પોઢે વલી ઉઠે તે ફરીઅ,
ચેન ન પડે ચિત્ત રંચે તે કરીઅ ॥૭૪॥
પવને કરી કરી આહાટ કાંઈ થાએ,
આવતા જાણીને મન અકુલાએ।
ઊભા થઈને હોમ ઘેર જાએ,
સેજ્યાએ પોઢ્યા કે મન સોહાએ ॥૭૫॥
ઊભા ઊભા જોઈ જોઈ હાર્યા,
આશા મૂકીને સેજે પોધાર્યા।
પછે આવીને બેઠા સેજ્યા એ,
અતિ રસ ભરી આવ્યા અકુલાએ ॥૭૬॥
એ રસ જોઈ રસિયા રસ બાલ,
હલવે હલવે આવ્યા રસાલ।
ત્યારે પીયુજી એ આવતા જાણી,
ચુપ કરી પોઢ્યા બોલે ન વાણી ॥૭૭॥
એણી ભાંતે આપ દુરાવી,

સુંદરી રસ ભરી ઊભા તે આવી ।
પછે આવી શ્રીચરણે તે નમે,
બોલે નહીં વાહાલો રસ ભર્યા કેમે ॥૩૮॥
એણી ભાંતે એ રસ ઉપજાવ્યો,
સુંદરીને ચિત્ત અતિ ઘણું ભાવ્યો ।
કર ધરી સ્કંધે બોલ્યા એ બાલ,
હવે એમ કાં થઈ રહ્યાં રસાલ ॥૩૯॥
હસી અને સુંદરી લીધા પાસ,
સેજ્યા ઉપર બેઠા હુલ્લાસ ।
સુંદર વર બેઠા મુખ ફેરી,
રૂષા થઈ અને રહ્યાં ત્યાંહાં હેરી ॥૪૦॥
શ્રીહસ્ત સું કર ઝાલે એ હસીઅ,
ત્યારે સુંદરી બેસે ખસીય ।
માન કરી રહ્યાં બોલે ન બાલ,
ત્યારે ચરણે એ લાગે રસાલ ॥૪૧॥
એણી ભાંતે આધીન મારો નાથ,
સર્વસ થઈ ચરણે ધરે માથ ।
માન ન મૂકે એ માહા રસમાતી,
એહ્વે સ્વરૂપે સુંદરી સોહાતી ॥૪૨॥
આંકુ ભર્યા પોઢ્યા રસ રીતે,
માન મુકાવ્યું માહા રસ પ્રીતે ।
ઉપજ્યો રસ એ પરસ્પર મલીઆ,

પોઢયા રસમાંહે અંગ સહું ભલીઆ ॥૪૩॥
શ્રી અંગથી રસ ઉઝલી આવે,
અધર રસ પાન રસ ઉપજાવે।
વાહાલો મારો કેમ ન અઘાયે,
માહા રસ દાતા રસિક વરરાયે ॥૪૪॥
સુખસાગરમાંહાં ઝીલે મલી બાલ,
સુરતાં તે કરે કેલ રસાલ।
માહા રસ ઉપજ્યો વચન ન આવે,
રસમાંહાં મગ્ન થયાં એકે ભાવે ॥૪૫॥
એણી ભાંતે રસ વૃષ્ટિ થાએ,
રસિયા બેહુ અધર રસ પાયે।
રસ અગાધી પૂરણ બેહુ પાસે,
હાર ન પામે કાંઈ ભર્યાં હુલ્લાસે ॥૪૬॥
એહ રસ ભાંતે દાન બહુ દીધાં,
રસ માંહે મગ્ન રસાલાં કીધાં।
સાવધાન થઈને બેઠા સેજે,
શ્રીમુખ નિરખે પરસ્પર હેજે ॥૪૭॥
કર ધરી કંઠ રસિક મારો નાથ,
ભુષણ જોઈ જોઈ સમે ઉર ધરે હાથ।
રતિ સંગ્રામે આંકુ ભરી લીધાં,
ભૂષણ ઉલટા તે સહું સીધા કીધાં ॥૪૮॥
એણે રસે વાહાલો પૂરણ કીધાં,

સકલ મનોરથ પરસ્પર સિદ્ધા ।
માહા પ્રસાદ મલી ઉત્સવનો એ લીધો,
વાગો ધરાવી મનોરથ કીધો ॥૪૯॥
ભેટ ભુષણ બહુ અંગે ધરાવી,
સુંદરી ચરણે તે લાગ્યા તે આવી ।
વલ્લભદાસ મનોરથ એ કરે,
શ્રી ચરણે આવી મસ્તક એ ધરે ॥૫૦॥

ઈતિ શ્રીવલ્લભ રસાલય રસ ગ્રંથનું પચીસમું માંગલ્ય સંપૂર્ણ

==================================

॥ શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી વલ્લભ રસાલય રસ ગ્રંથ

માંગલ્ય—૨૬.

રાગઃ—પ્રભાતી (ઉઠોજી પોઢી અલવે આધારજી
વાર લાગે વાહાલા સાંભણીજી)

માહા શ્રી ઉત્સવ પૂરણ કીધોજી
ભકત રસિકના એ ભાવ સહુંઅજી ।
પરમ રસિકવર રસનું સ્વરૂપજી,
દાન આપ્યાં તે રસ બહુઅજી ॥૧॥
પોઢ્યા વલ્લભવર રસભર્યા સેજેજી,
ભકત સહિત એ પ્રેમે ભર્યાંજી ।
રસ અતિ વરસીને મનમાંહાં હરખયાજી,

ભકત મનોરથ સહું કર્યાંજી ॥૨॥
જે જે માંગલ્ય નિધિ રસમાંહે રંગજી,
ઉઠી રસ ભર્યાં રસે માતાજી ।
જે જે વલ્લભવરસું સુખ ભર્યાં સુખસુંજી ,
રસિક સુંદરવર રંગ રાતાજી ॥૩॥
ભકત રસિક જે છે સેજે બિરાજેજી ,
પ્રબોધ ભણે પોઢયા સાથ છેજી ।
એહ વચન સુણી જાગીઆ વેગજી ,
રસમાંહે ભીના મારો નાથ છેજી ॥૪॥
આલસ જુત એ જંભાતા એંડાતાજી ,
બેઠા સેજ્યા એ તે બેહુ મલીજી ।
રસમાંહે ભરીઆ એ રસ અતિ વરખેજી
હરખે ભર્યા રાજે રસે ભલીજી ॥૫॥
રસ બહુ ઉલટ્યો ફરી રસ દાનજી ,
પાન કરે માહા રસે ભર્યાજી ।
અધર રસમાંહાં રસ લે છેજી ,
દાન રસિક એ પૂરણ કર્યાંજી ॥૬॥
અંગ અંગ ભેલીને બેઠા મન મેહેલેજી,
કંઠમાંહાં કંઠે શ્રીહસ્ત ધરીજી ।
પુષ્પના હાર ધર્યાં અતિ ઘણું સોહેજી,
પરસ્પર ધરાવીયા રસે કરીજી ॥૭॥
દર્પણ જુએ મલી ચિન્હ સહુ નિરખેજી,

માહા રસે હસી હસી વાતો કરેજી ।
રસમાંહે મલીઆ તે અંગ સંગ ભલીયાજી,
ચિન્હ રસાલાં એ ચિત્ત હરેજી ॥૮॥
સુંદરી રસ ભરી બીડું લેઈ હાથજી,
શ્રીમુખમાંહાં ધરે અતિ સુખજી ।
રસમાંહે ભીનો એ રસિયો તે હસીયજી,
અધરામૃત આપે મુખે મુખજી ॥૯॥
માહા રસ કેલ એ ફરી અને કરેઅજી ,
રસ દાન કરે વાહાલો રંગે ભર્યાજી ।
સુંદરી રસ ભરી લીધાં અંગ સંગેજી,
માહા રસ ઉલટ્યો એ ઉર ધર્યાજી ॥૧૦॥
મુખ પર મુખ ધરી દ્રષ્ટ બેહુ જોડીજી,
માહા રસ દાતા વલ્લભવરજી ।
માહા સુખસાગર ઝીલે મારો નાથજી,
સુરતાં એ આનંદ ભરજી ॥૧૧॥
માહા રસ ઉઝલ્યો વચને ન આવેજી,
પરમ રસિકવર રંગે રંગજી ।
કેલ માહા કરી અને રસે અંગ ભરીઆજી,
પરસ્પર મલી ગયાં અંગે અંગજી ॥૧૨॥
એણી ભાંતે રસ વૃષ્ટિ કરી બહુ દાનજી,
બેઠાં દંપતિ સેજ્યા પરજી ।
બેસી રસ દાન તે કરે રસપાનજી,

ગ્રહી રહ્યાં બેહું કરસું કરજી ॥૧૩॥
કયેમ કયેમ કરી અને ઊભા થયાં રસિયાજી,
સેજ્યા પાસે તે શોભા ઘણીજી ।
આ જ્ઞાન કરી શકે પ્રેમે અતિ પૂરાજી,
માહા રસ રસિયો વલ્લભ ધણીજી ॥૧૪॥
આંકુ ભરી આલિંગન માહા રસે કરીયાંજી,
સાથ ન મૂકે રસ લહ લહીઆજી ।
રસભકત એણી પેરે લોભ્યા અતિ પ્રિયસુંજી,
તેણે કરી શ્રી હસ્ત ગ્રહી રહ્યાંજી ॥૧૫॥
વિદાય ન થઈ શકે રસમાંહાં માતાજી,
ફરી ફરી શ્રીમુખ જોઈ રહ્યાંજી ।
નેત્ર રસાલાં તે માહા રસે ભરીયાંજી,
ઉઝલી આવ્યા તે રસે લહ્યાંજી ॥૧૬॥
સુંદરી તેહ સમે નમ્યા શ્રીચરણેજી,
રસ બેહું પાસા આવ્યો ભરીઆજી
શ્રીકંઠમાંહાં થકી માલા આપી વાહાલેજી,
વિદાય કર્યાં કેમ કેમ કરીઅજી ॥૧૭॥
અધરામૃત લીધું કર ધરી બાલજી,
આપવા સ્વકીય સમાજનેજી ।
સાથ સુજાતિ ને સખી જે છે સાથજી,
મનોરથ પૂરવા એ કાજનોજી ॥૧૮॥
સદા એ છે સર્વદા લીલા રસ સારજી,

ભકત સંગ હોએ નિત્ય પ્રતિજી ।
જે જે મનોરથ ભકત સહું ઈચ્છેજી,
રસ ભર્યા પૂરે ગોકુલપતિજી ॥૧૯॥
પુષ્ટ એહ રસ સર્વોપર દાનજી,
મહેદ છે એ ભાવે રંગે રાતાજી ।
એણે ભાવે ભર્યા સદા રસે અનુસરતાજી,
આઠ પોહોર એ મદે માતાજી ॥૨૦॥
લીલા વર્ણન કરી એક દિવસનીજી,
એણી ભાંતે સદા એ સર્વદાજી ।
માહાદાન આપેને અવિચલ થાપેજી,
ભકત રસિકજન પ્રેમદાજી ॥૨૧॥
સખી સંગ ભકત રસિક ઘેર આવ્યાજી,
આનંદ ભર્યા એ ઉત્સવ કરેજી ।
સાથ સુજાતિ એ આવી મલ્યો સહુજી,
અધરામૃત આપ્યાં મોદ ભરેજી ॥૨૨॥
આશિષ દેઈ દેઈ બોલે સખી જનજી,
અચલ સહોગ એ નિત્ય રાજોજી ।
એણી ભાંત વાહાલાજી મનોરથ પૂરોજી,
આપણા ધણી સંગ એમ છાજોજી ॥૨૩॥
હવે લખીએ માહા શ્રી ઉત્સવ દિવસજી,
સુદી આઠમ એ સાતમ સમજી ।
માહા પ્રભુ ઉઠીયા સુખનું નિધાનજી,

સેજેથી પોધારે ક્રમ ક્રમજી ॥૨૪॥
ધોતી મરગજી એ શ્રીઅંગ રંગજી,
ઉપરેણો મસ્તકે ઘણું સોહેજી।
નીમો કેસરી ધર્યો શોભા અનૂપજી,
રસિયા સહુ જોઈ જોઈ મોહેજી ॥૨૫॥
લટકતા મલપતા ચોખંડી સોહાવીજી,
પીઢે આવીને બિરાજીયાજી।
ભકત સહું મલીયાં છે ઊભા સિંઘદ્વારજી,
આતુર ચિત્તે સોહાવીઆજી ॥૨૬॥
રસ વૃંદ જુએ જૂથ ઊભા અકુલાયેજી ,
ભાવે ચડયાં એ સોભાગીઆજી।
શ્રીમુખ નિરખવા આતુરતાઈજી,
વલ્લભવર અનુરાગીયાજી ॥૨૭॥
દર્શન દાન એ માહા રસ પાનજી,
આપ્યો એ શ્રીગોકુલપતિજી।
મનોરથ ભકત કરે બહુ સહું આવ્યાજી,
ભાગ્ય પૂરણ એહોની રતિજી ॥૨૮॥
વાહાલાજી એ જાણી એ મન તણી વ્રતજી,
આજ્ઞા કરી તે ખવાસનેજી।
ઉઘાડીયાં દ્વારને આવ્યાં સહું ધસીજી,
ઉત્સાહ થયોજી જ દાસનેજી ॥૨૯॥
શ્રીમુખ નિરખીને ચિત્તે ઘણું હરખેજી,

શ્રીવલ્લભવર જોઈ સહુ મોહેજી ।
દુરી અને આવ્યા મલી ઊભા રસ બાલજી,
સર્વાંગે તે અતિ સોહેજી ॥૩૦॥
નેત્ર રસાલા નિરખે દુરાવીજી,
અનુભવ કર્યો તે રસે ભલીજી ।
એ જોઈ ભકત સહુ બોલે છાના છાનાજી,
એ ભીયા કમાઈને ઊભા મલીઅજી ॥૩૧॥
પરસ્પર વાતો કરે ભાગ્ય સરાહેજી,
માહા દાન આપ્યું વલ્લભવરેજી ।
એણી ભાંતે અનુભવી એહ રસ જાણોજી,
માહા પ્રભુ માહા દાન એમ કરેજી ॥૩૨॥
વહાલાજી ને સુખે સુખી નેહ ભર્યાં બાલજી,
ચિરંજીવો કહીએ આશિષ ઘણીજી ।
શ્રીઅંગે સુખી રહો ભકત સંગ કરીઅજી ,
નિત બિરાજો શ્રી ગોકુલ ધણીજી ॥૩૩॥
શ્રીવલ્લભવર પીઢેથી ઉઠીયાજી,
દંતધાવન કરી રસ રંગેજી ।
તેલ લગાવી નાહ્યા વાહાલો વેગજી,
અંગુછો કરે માહા શ્રીઅંગેજી ॥૩૪॥
ધોતી ઉપરેણો જોડો સુંદર ધરીઓજી,
કેસર સોંધે તે રસ સણ્યોજી ।
લાલ છાપેલ તે નીમો અતિ સોહેજી,

પેહેર્યો શ્રીઅંગે સુંદર બન્યોજી ॥૩૫॥
તિલક કેસરી રંગ અદભુત રાજેજી,
ઝલકતું ભાલે સોહાગસુંજી ।
શ્રી કંઠે ગુંજા રંગ તુલસીની માલાજી,
ભુષણ ધર્યાં અનુરાગસુંજી ॥૩૬॥
કુંડલ મુકતાના કરણે અતિ સોહેજી,
ભકત કરે છે રસપાનજી ।
એણી ભાંતે પોધારે મંદીર નાથજી,
લટકતાઈ બહુ દાનજી ॥૩૭॥
ભીતર જઈ અને આવ્યા વાહાલો ફરીઅજી,
શ્રીબેઠકમાંહાં ભકત માહેજી ।
બીજી વાર નાહીને ધોતી જોડો પેહેર્યોજી
કેસર સોંધે તે અતિ સોહેજી ॥૩૮॥
એણી ભાંતે નિત્ય કૃત્ય કરી અને વેગજી,
ભોજન કરી બેઠા સુખ સેજેજી ।
માહા સુખ આપીને ઉઠયા રંગે ભરતાંજી,
ભકત નિરખે ભર્યા અતિ હેજેજી ॥૩૯॥
ગાદી મુઢો નૌતન સુંદર બિછાવ્યોજી,
અલૌકિક શોભા પ્રગટ થઈજી ।
માહા પ્રભુ રસ ભરી આવી ત્યાંહાં બેઠાજી,
શ્રી અંગ પરમાનંદ મઈજી ॥૪૦॥
સોહે વાગો ધર્યો રાજાધીરાજજી,

ફેંટો મસ્તકે બન્યો કેસરીજી ।

મછલીપટ્ટણીની કભાય છાપેલીજી,

ઝલકતી ચલકતી અંગે ધરીજી ॥૪૧॥

ફરગુલ લાલ તે ઓઢી બેઠા દાબીજી,

બીડા આરોગે વાહાલો ભર્યા રંગેજી ।

નખથી શિખ લગી મહા રસ પુરજી ,

રસ ભર્યા સર્વાંગે શ્રીઅંગ અંગેજી ॥૪૨॥

એણી ભાંતે રાજે શ્રીગોકુલ નિત્યજી,

શ્રીજી દ્વાર એહ બેહુ સ્થલેજી ।

શ્રીજમુનાજી રસનું એ ધામજી,

કેલી કરે વાહાલો ભકત મલીજી ॥૪૩॥

માંગલ્ય પચ્ચીસે માંગલ્ય સારજી,

સંક્ષેપે લખ્યા એ પ્રેમે કરીજી ।

અનુભવી જેહ છે જાણશે તેહજી,

શ્રીવલ્લભ રસ ઉર ધરીજી ॥૪૪॥

માંગલ્ય છવ્વીસે પૂરણ કરીજી,

ગ્રંથ એ શ્રીચરણે ધર્યોજી ।

મહેદ દાનથી સિદ્ધ થયું કામજી ,

ઉપસંહાર એ ગ્રંથ કર્યોજી ॥૪૫॥

આપણી એ વ્રજની ભાષામાંજી,

પ્રસંગ લખ્યો એ ઉત્સાહજી ।

એક વરસની એ લીલા અતિ સારજી,

લીખન કર્યું એ ઉમાહાસુંજી ॥૪૬॥
ગાતા સુણતાં એહ માહા રસ દાનજી,
આપશે સ્વરૂપ સંગે બહુજી।
પેહેલાંના અનુભવી અને વિપ્રયોગીજી,
ગાતાં સુણતાં હોંસે દાન સહુજી ॥૪૭॥
ગ્રંથનું નામ એ રસિક રસાલુજી,
શ્રીવલ્લભ રસાલે રસજી।
એણી ભાંતે ગ્રંથ એ પૂરણ કીધોજી,
શ્રી ગોકુલેશ સંગ રસવસજી ॥૪૮॥
માહારા વાહાલાજી એ પૂરી મારી આશજી,
મહેદની કાણે એહ જ આપ્યો જી।
ભાગ્યરાસ મહેદ એ મોહનભાઈજી,
અવિચલસદા સોહાગ સ્થાપ્યોજી ॥૪૯॥
તેણે કરી માહા દાન આપ્યું જે પોહોંચેજી,
સદા સર્વદા એ પ્રભુ લહ્યાજી।
માહારે સર્વસ ધન શ્રીસ્વરૂપજી ,
વલ્લભદાસ શ્રીચરણે રહ્યાંજી ॥૫૦॥

ઈતિશ્રીવલ્લભ રસ રસાલય રસ ગ્રંથનું છવ્વીસમું માંગલ્ય સંપૂર્ણ

==============================

—: દુહા:—

શ્રી ગોકુલેશકો ગૂઢ રસ, આતે કહ્યો ન જાત।
ગર્ભીત વચન માહા પ્રભુકે, બાત બાતમેં બાત..૧.
નિત્ય ચરીત્ર પ્રેમે લખ્યા, પદ ધોલે હુલ્લાસ।
અષ્ટસિદ્ધ નવનિધિ પ્રકટભઈ,પામ્યા વલ્લભદાસ.૨.
ગાતાં અનુભવ સહુ થશે,સુણસે રાખી ધ્યાન।
શ્રી વલ્લભવર પામશે, મહદ ભકતને દાન..૩.
માહાપ્રભુનો પરમ રસ,લખ્યો છે કલિકા માત્ર।
સામર્થ મુજમાં એકો નહીં, જાણે અનુભવી પાત્ર..૪.
કર જોડી વિનતી કરૂં, પ્રભુને ચરણે તેહ।
ન્યુન અધિક લખ્યું હોએ,તો ક્ષમા કરજો એહ..૫.
માહારે સામર્થ એકો નહીં, જોગ્યતા નહીં અણું માત્ર
સામર્થ એક માહા પ્રભુનું,કે મહદ ભકત રસપાત્ર.૬.
તેણે બલે કરી એ લખ્યું, સુણજો રસિયા ભકત।
શ્રી ચરણે મસ્તક ધરી, વિનતી કરૂં અનુરકત..૭.
સર્વસ્વ માહારે એહ છે, એહ પ્રભુનું ધ્યાન।
લીલા સ્વકીય સમાજ સંગ,મહદ ભકત કરો દાન..૮.
દાદા નારાયણની કાણ વિચારી નેહ।
ત્રીકમભાઈના કુખની, જાણી પ્રભુએ એહ..૯.
મોહનભાઈને દાનથી, પ્રભુએ કીધું એહ।
પોતાના સરખા કરી, પોતે જાણી નેહ ..૧૦.
હવે એહથી અદકુ શું લખું વિનતી વલ્લભદાસ,

મહેદ ભકત ચરણે કરે,મનમાંહાં અતિ હુલ્લાસ..૧૧.
એણી ભાંતે ગ્રંથ સમાપ્તની વિનતી દુહે કરીને
લખી છે તે ભગવદી સમાજ અંગવદી સૃષ્ટિ
મહેદ રસના પાત્ર સર્વસ્વને ચરણે દંડવત કરી
એ ગ્રંથ પૂરણ કીધો. એ ગ્રંથનું નામ
॥ શ્રીવલ્લભ રસાલ્ય રસ ગ્રંથ એું નામ રસનું ઘર
માહા પ્રભુનું સ્વરૂપ તે "રસનું ઘર" માટે
શ્રીવલ્લભ રસાલ્ય રસ ગ્રંથ કહીએ છે એજ વિનતી
કરી શ્રી ચરણે સમર્પી દંડવત કરું છું.

॥ જય જય શ્રી ગોકુલેશ; મોહન રત્ન ગોકુલેશ ॥

=================================